

## સ્થાનકવાસી મુનિઓના

# પ્રભાવક પ્રસંગો

ભાગ 1-2



સ્થાનકવાસી મુનિઓના

# પ્રભાવક પ્રસંગો

ભાગ 1-2

**પહેલી આવૃત્તિ:** નવેમ્બર 1959 કાર્તિક 2016 વીર સં. 2486

**પૂર્વ મુદ્રણસ્થાન :** શ્રી ભગવતસિંહજી ઈલેક્ટ્રિક લિથો એન્ડ પ્રિન્ટિંગ પ્રેસ

**પૂર્વ મુદ્રક :** પારેખ કેવળચંદ કાનજીભાઈ, ગોંડલ (સૌરાષ્ટ્ર) 226

### સ્થાનકવાસી મુનિઓના

# પ્રભાવક પ્રસંગો ભાગ 1 - 2

**: પ્રાપ્તિ સ્થાન :**

PARASDHAM

**વલ્લભબાગ લેન, તિલક રોડ,**

**ઘાટકોપર(ઈ), મુંબઈ - 400077.**

**July 2019**

**પ્રથમ આવૃત્તિ:** 3000 | **અનુદાન:** 100/-

### સ્થાનકવાસી મુનિઓના

# પ્રભાવક પ્રસંગો ભાગ 1

મહાત્મા પુરુષોના પ્રભાવક પ્રસંગો
આપણા જીવનમાં ઉલ્લાસ પ્રેરે છે, ધર્મભાવ જગાડે છે,
શ્રધ્ધા દ્રઢ કરે છે, આચાર નિર્મળ-નિર્દોષ બનાવે છે, તપરૂચિ વધારે છે,
મન વિશુધ્ધ કરે છે, આત્મ સાધનામાં અગ્રેસર બનાવે છે !

**: આભાર:**

**શ્રી રત્નકુમાર જૈન**

**રત્નેશ તથા બીજાઓ**

### સ્થાનકવાસી મુનિઓના

# પ્રભાવક પ્રસંગો ભાગ 2

હર એક યુગમાં એક યુગપુરૂષ જન્મે છે.
એ યુગપુરૂષની મહાનતા અને પ્રભાવકતા વર્તમાન
પંચમ આરામાં પણ અનુભવાય છે, જે ગુરુભગવંતો પ્રત્યેની
શ્રધ્ધા, ભક્તિ અને સમર્પણભાવને વધુ ને વધુ દ્રઢ કરી, ધર્મમાં સ્થિર કરે છે.

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મહારાજ સાહેબના જીવન પ્રસંગો
રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના જીવન પ્રસંગો

# પ્રસ્તાવના

શ્રી રત્નકુમાર જૈન, રત્નેશ, સાહિત્યરત્ન, ધર્મ શાસ્ત્રો, અનુભવી વિદ્વાન છે. તેમણે ''સંતોકી બીતી બાતેં'' નામની એ નાની નાની પુસ્તિકાઓના (બે ભાગ) પ્રગટ કરેલ છે, તેમાં તેમણે જૈન મુનિઓના કેટલાક પ્રભાવક પ્રસંગો વર્ણવેલા છે.

એક વખત વાત નીકળતાં ભાઈ રત્નેશે એવી ઈચ્છા પ્રગટ કરી કે અમે તેમની બન્ને પુસ્તિકાઓના પ્રસંગો એકત્ર એક જ પુસ્તકમાં ગુજરાતી ભાષામાં છપાવી પ્રગટ કરીએ, જેથી ગુજરાતી સમાજને સારો લાભ મળે. કારણ કે-

આવા પ્રસંગોના વાંચનથી શ્રાવકોમાં, શ્રાવિકામાં ભક્તિભાવ વધે, ધર્મશ્રધ્ધા દઢ થાય અને તપ-આચારની મહત્તાની સમજણ પડે, એટલું જ નહીં પણ સાધુ મુનિરાજોમાં તેમજ સાધ્વીજી મહાસતીજીઓમાં પણ આચાર પાલનની દઢતા આવે, તપવૃત્તિમાં અને તપરૂચિમાં વૃધ્ધિ થાય અને ધર્મનો ઉદ્યોત પણ થાય.

આ પ્રમાણે આવું પુસ્તક ચતુર્વિધ સંઘને લાભદાયક બને. અમને ભાઈ રત્નેશની સૂચના પસંદ પડી અને તુરત જ અમે તે પ્રમાણેનું પુસ્તક તૈયાર કરી બહાર પાડવાની ગોઠવણ કરી.

ભાઈ રત્નેશના પુસ્તકના પહેલા ભાગમાં આપેલા પ્રસંગોનો ગુજરાતી અનુવાદ ભાઈશ્રી જીવણલાલ છગનલાલ સંઘવી, સ્થા. જૈન કાર્યાલય, અમદાવાદ, તેમણે પ્રસિધ્ધ કરેલ છે. તેમાં બે ત્રણ પ્રસંગો તેમણે પોતે લખીને ઉમેર્યા છે.

ભાઈ રત્નેશના બીજા ભાગમાંના ચાર પ્રસંગો ''જૈન પ્રકાશે'' અનુવાદ કરી તેના તા. 1.3.1959નાં અંકમાં છાપ્યા છે, બીજા ભાગમાંના બાકીના પ્રસંગો અમે અનુવાદ કરેલ છે.

તે ઉપરાંત એક પ્રસંગ ''જિનવાણી'' માસિકમાં છપાયેલો, તે અમે અનુવાદ કરી ઉમેર્યો છે અને તપસ્વી મહાત્મા શ્રી માણેકચંદજી મહારાજ સાહેબના પ્રસંગો તથા શ્રી ગંગાબાઈ મહાસતીજીનો પ્રસંગ અમે જાણતા હતા, તે પ્રસંગો ઉમેરેલ છે.

એ પ્રમાણે એ સર્વ પ્રસંગો એકત્ર કરીને આ પુસ્તકમાં છાપેલ છે. એકંદરે આ પુસ્તકમાં અઠ્ઠાવીશ પ્રસંગો આપેલા છે તે નીચે પ્રમાણેના છે –

નં. 1 થી 14. શ્રી જીવણલાલનાં પુસ્તકમાંથી.

નં. 15 થી 18 જૈન પ્રકાશે અનુવાદ કરેલ.

નં. 19 થી 22 અમે અનુવાદ કરેલા.

એ પ્રમાણે બાવીશ પ્રસંગો શ્રી રત્નેશના લખેલા છે.

નં. 23-24 શ્રી જીવણલાલના લખેલા.

નં. 25 જિનવાણીમાંથી.

નં. 26 થી 28 અમારા તરફથી.

આ સર્વ પ્રસંગો વાંચકોને ઉત્તેજક પ્રેરણારૂપ અને આદરણીય થશે, એવી આશા રાખીએ છીએ.

**શેઠ નગીનદાસ ગિરધરલાલ**

**• પૂર્વ પ્રકાશક •**

આ પુસ્તક પુનઃ પ્રકાશિત કરતાં,
પૂર્વમાં લખેલાં પ્રસંગો ''જેમ છે તેમ'' પ્રકાશિત કરેલાં છે.
વર્તમાન પ્રકાશકે પુનઃ પ્રકાશન કરેલ છે.

# અનુક્રમણિકા


| નંબર | | પૃષ્ઠ |
|---|---|---|
| 1. | **ધર્મ માટે જાન જવા દેવો પણ કલંક ન આવવા દેવું**<br>પૂજ્ય શ્રી ધર્મદાસજી મહારાજનું સંસ્મરણ. | 12 |
| 2. | **અદ્ભૂત સ્મરણશક્તિ**<br>પૂજ્ય શ્રી ધર્મસિંહજી મહારાજનું સંસ્મરણ | 13 |
| 3. | **મસ્જિદનું સ્થાનક**<br>પૂજ્ય શ્રી અમરસિંહજી મહારાજનું સંસ્મરણ | 14 |
| 4. | **પાણીનાં એક ટીપામાં અસંખ્ય જીવ**<br>મુનિશ્રી જિતમલ્લજી મહારાજનું સંસ્મરણ | 16 |
| 5. | **પૂજ્ય શ્રી રઘુનાથજી મહારાજના સંસ્મરણો** | 18 |
| 6. | **ભીષ્મ પ્રતિજ્ઞાઓ**<br>પૂજ્ય શ્રી જયમલજી મહારાજનું સંસ્મરણ | 20 |
| 7. | **હાથીએ લાડુ વહોરાવ્યા**<br>તપસ્વી મુનિશ્રી રોડીદાસજી મહારાજનું સંસ્મરણ | 21 |
| 8. | **સર્પે છત્ર કર્યુ**<br>પૂજ્ય શ્રી સોહનલાલજી મહારાજનું સંસ્મરણ | 23 |
| 9. | **તલવારોની છાયામાં**<br>પૂજ્ય શ્રી સ્યોરામદાસજી મહારાજનું સંસ્મરણ | 24 |
| 10. | **સત્યમેવ જયતે**<br>પ્રવર્તિનીશ્રી રંગૂજી મહાસતીજીનું સંસ્મરણ | 26 |
| 11. | **સર્પની રક્ષા**<br>પ્રવર્તિનીશ્રી આનંદકુમારીજીનું સંસ્મરણ | 28 |
| 12. | **મોતની ભવિષ્યવાણી**<br>યોગીરાજશ્રી ઋષિરાજજી મહારાજનું સંસ્મરણ | 30 |

13. તપનો પ્રભાવ 32
મહાસતીશ્રી રાજકુંવરજીનું સંસ્મરણ.
14. સાપની સાથે ચાતુર્માસ 33
શ્રી શ્રીલાલજી મહારાજનું સંસ્મરણ.
15. આહાર શુધ્ધિ 35
સંત બાલકિસનજીનું સંસ્મરણ.
16. પૂજ્ય શ્રી હુકમીચંદજી મહારાજ 37
એક ભૂતપૂર્વ આચાર્ય.
17. પૂજ્ય શ્રી ધર્મસિંહજી મહારાજ 39
18. મુનિશ્રી નેતસિંહજી મહારાજ 40
એક તપસ્વી સંત.
19. પૂજ્ય શ્રી રામચંદજી મહારાજ 42
20. પૂજ્ય શ્રી માનમલજી મહારાજ 44
21. અભિગ્રહ સિધ્ધિ 47
પૂજ્ય શ્રી શીતળદાસજી મહારાજના તપસ્વી સંતશ્રી વેણીદાસજી મહારાજનું સંસ્મરણ.
22. સાંઢે ગોળ વહોરાવ્યો 48
તપસ્વી સંત રોડીદાસજી મહારાજનું સંસ્મરણ.
23. મહાપ્રભાવક શ્રી અજરામરજી સ્વામી 50
24. દૃઢ સંયમી શ્રી લવજી ઋષિ 52
25. સર્પ બચાવ્યો 55
ઉગ્ર તપસ્વી શ્રી કેસરીસિંહજી મહારાજનું સંસ્મરણ.
26. વ્યંતરને કાઢયો 56
મહાતપસ્વી મુનિશ્રી માણેકચંદજી મહારાજનું સંસ્મરણ.
27. રાયજીનું કુટુંબ બચાવ્યું 58
મહાતપસ્વી મુનિશ્રી માણેકચંદજી મહારાજનું સંસ્મરણ.
28. મુંમણાને થંભાવ્યા 59
મહાસતીજી શ્રી ગંગાબાઈ આર્યાજીનું સંસ્મરણ.

## સ્થાનકવાસી મુનિઓના પ્રભાવક પ્રસંગો ભાગ - 2

### તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ
### શ્રી રતિલાલજી મહારાજ સાહેબના જીવન પ્રસંગો


| | | |
|---|---|---|
| 29. | સાધુતાનો આધાર સહનશીલતા | 63 |
| 30. | ।। पुढवी समे मुणी हवेज्जा ।। | 64 |
| 31. | ચૈતન્ય તત્ત્વમાં તલ્લીન ગુરુદેવ ! | 66 |
| 32. | દેવમિત્રો સાથે ફરવા ગયો હતો. | 67 |
| 33. | નિર્ભયતા | 68 |
| 34. | ભક્તને મળ્યાં ભગવાન | 71 |
| 35. | વચનસિધ્ધ પુરુષ | 71 |
| 36. | સંકલ્પસિધ્ધ સાધક | 72 |
| 37. | આકરાં અભિગ્રહ | 74 |
| 38. | પ્રભાવક વ્યક્તિત્ત્વ | 75 |
| 39. | ગાયનો પ્રેમ | 76 |


### રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ
### શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના જીવન પ્રસંગો


| | | |
|---|---|---|
| 40. | દિવ્ય અનુસંધાન | 78 |
| 41. | સ્પર્શામૃત | 80 |
| 42. | હજી પણ યાદ છે | 82 |
| 43. | ગુરુ અનુભવાયા | 84 |
| 44. | સંતનું સત્વ | 85 |
| 45. | લબ્ધિ નિધાન | 87 |

# સુભાષિતો

ચિંતન એ જ્ઞાન પ્રકાશનો માર્ગ છે. જે ચિંતનશીલ નથી, તે ગતાનુગતિક પામર પ્રાણી સાચો વૈરાગ્ય પામી શક્તો નથી. તત્ત્વચિંતનથી વિવેકજ્ઞાન થાય અને મોહ પ્રપંચથી વેગળા થઈ શાંત ભાવે અંતર્મુખ બની નિરીક્ષણ કરવાથી તત્ત્વચિંતન થાય છે. હું કોણ ? આ ભવવાસ કેમ ? આ સુખદુ:ખ શું ? અને આ વિશ્વ રચના શી ? એવો શાંત ભાવે વિચાર કરવો એ તત્ત્વચિંતન છે.

પોતાનું ચારિત્ર સુધરે છે કે બગડે છે તેનું સુજ્ઞ મનુષ્યે હંમેશાં નિરીક્ષણ કરતાં રહેવું જોઈએ. મૂઢ મનુષ્યો પોતાના ધનની હાનિ-વૃધ્ધિ ઉપર ધ્યાન આપે છે પણ પોતાના ચારિત્ર ઉપર ધ્યાન આપતા નથી.

શુદ્રો ચારિત્રસંપન્ન પણ હોય છે, તેમ બ્રાહ્મણો દુશ્ચારિત્રી પણ હોય છે. જાતિ માત્રથી કોઈ મોટો કે માનનીય નથી. ગુણીજનના ગુણોની જ પૂજા થાય છે. ગુણો જ ગુણીને પૂજ્ય અને પ્રતિષ્ઠિત બનાવે છે. ચારિત્રનો કોઈએ ઈજારો લીધો નથી. જેનું ચારિત્ર ઝળકે છે તે ગૌરવાસ્પદ બને છે.

જે મનુષ્યમાં પ્રમાણિકતા, વ્યવહાર બુધ્ધિ અને ઉચિત સંયમ છે તે પોતાની જાતને સુખી બનાવે છે અને તે સુજન વ્યક્તિ વિશ્વ બંધુત્ત્વની ભાવનાને પોતાના જીવનમાં જેમ જેમ વધુ પોષે છે, તેમ તેમ તે પોતાને મોક્ષ સમીપ વધુ લઈ જાય છે.

# (1) ધર્મ માટે જાન જવા દેવો, પણ કલંક ન આવવા દેવું

ઉજ્જૈનમાં પૂજ્યશ્રી ધર્મદાસજી મહારાજ બિરાજતા હતા અને ત્યાંથી થોડેક દૂર ધારમાં તેમના જ એક શિષ્યે આમરણાંત સંથારો ક્ર્યો હતો. જેનું મનોબળ દઢ નથી હોતું તે આ ક્રિયા પૂરી કરી શક્તા નથી અને વચમાં જ રહી જાય છે. આ દશા એ મુનિની પણ થઈ. તેમણે પોતાનો સંથારો આગળ વધારવામાં અશક્તિ પ્રગટ કરી દીધી.

આ સાંભળતાં ચતુર્વિધ શ્રી સંઘમાં ખળભળાટ થાય એ સ્વાભાવિક છે. ધર્મથી પતિત થવું તે પણ ધર્મ પર કલંક લગાડવા સમાન છે. તરત જ આ સમાચાર ઉજ્જૈનમાં પૂજ્યશ્રી પાસે પહોંચી ગયા. પ્રત્યુત્તરમાં પૂજ્યશ્રીએ કહેવડાવ્યું કે હું આવું છું, મુનિ સંથારો છોડવાનો વિચાર ન કરે.

કહે છે કે પૂજ્યશ્રી એ જ દિવસે ઉગ્રતમ વિહાર કરીને સાંજે ધારાનગરી પહોંચી ગયા. રસ્તામાં ખૂબ જ તરસ લાગી હતી, પણ ત્યાં પહોંચ્યા છતાં તૃષા શાંત કરવાનો પણ તેમને યોગ ન મળ્યો. પૂજ્યશ્રીએ તે અનશનધારી શિષ્યને સમજાવતાં કહ્યું :-

वरं प्रवेष्टुं ज्वलित हुताशनं
न चापि भग्नं चिर संचितं व्रतं

અર્થાત્ - બળતી આગમાં મરી જવું સારૂં છે, પણ ચિરકાળથી સંચિત કરેલ વ્રતનો ભંગ કરી ભાવ - મરણને પ્રાપ્ત કરવું, કોઈ રીતે ઈચ્છનીય નથી.

પૂજ્યશ્રીએ તેમને બહુ સમજાવ્યા પરંતુ શિષ્યમુનિનું મન કાયર બની ચૂકયું હતું તેથી તેમણે પોતાની અશક્તિ જ જાહેર કરી.

પ્રભાત થયું. હજારો નરનારીઓની ભીડ જામી ગઈ હતી. પૂજ્યશ્રી

ધર્મદાસજી મહારાજે પોતાના તે કાયર શિષ્યને, જે પોતાના સાધના-માર્ગથી અલગ થવા ઈચ્છતો હતો તેને સૌની સામે અલગ કરી દીધો અને પોતે ધર્મની રક્ષા કરવા માટે તેની જગ્યાએ બેસી ગયા. જોનારાઓ મ્હોમાં આંગળા ઘાલી ગયા. જે લોકો ધર્મની મજાક ઉડાવવા ઈચ્છતા હતા, તેમના મુખમાંથી વારંવાર એ જ શબ્દો સંભળાતા હતા કે —

**'પૂજ્ય શ્રી ધર્મદાસજી મહારાજની જય !'**

પૂજ્યશ્રીનો આ સંથારો 9 દિવસ સુધી ચાલ્યો. સ્થળે સ્થળેથી લોકો દર્શનાર્થે આવતા રહ્યાં, સૌનો સત્કાર ધારાનરેશ તરફથી થતો રહ્યો. દસમાં દિવસે પૂજ્યશ્રી આ સંસારથી વિદાય થઈ સ્વર્ગમાં સિધાવી ગયા. સમજનારા આ બલિદાનથી સારી રીતે સમજી શકે છે કે પૂજ્યશ્રીના આ બલિદાનનો કેટલો ઉંડો પ્રભાવ તે સમયે પડયો હશે ? એ સાચું છે કે મહાપુરુષો હોય છે તેઓ ધર્મ માટે મરી ફિટે છે, પરન્તુ ધર્મને કલંક લાગવા દેતા નથી.

## (2) અદ્‌ભૂત સ્મરણશક્તિ

સાંજના સમયે એક બ્રાહ્મણ પંડિત આવ્યો અને એક હજાર શ્લોકવાળું સંસ્કૃતનું પુસ્તક બતાવીને બોલ્યો, મહારાજ ! આનો અર્થ હું સમજી શકતો નથી. શું આપ મને સમજાવી શકશો ?

મુનિશ્રીએ તે પુસ્તક લઈ લીધું અને તેને બીજો દિવસે આવવાનું કહ્યું. બ્રાહ્મણ પંડિતના ગયા પછી, મુનિશ્રીએ પોતાના એક વિદ્વાન શિષ્યને બોલાવ્યો અને તેને પાંચસો શ્લોક વાંચીને કંઠસ્થ કરી લેવાનું કહ્યું. બાકીના પાંચસો શ્લોક મુનિશ્રીએ પોતે યાદ કરી લીધા. રાત્રે પરસ્પર સાંભળવાથી બંનેને એક હજાર શ્લોક યાદ રહી ગયા.

બીજે દિવસે તે બ્રાહ્મણ પંડિત આવ્યો, તો મુનિશ્રીએ તેને તેનું પુસ્તક આપી દીધું અને ક્રમશઃ એક એક શ્લોક બોલતા ગયા અને તેના અર્થો સમજાવતા ગયા. પંડિતના આશ્ચર્યનું ઠેકાણું ન રહ્યું. તેણે પૂછ્યું, મહારાજ, આ શ્લોકો આપને ક્યારથી કંઠસ્થ છે ? આ ગ્રંથ તો હમણાં જ બહાર પડયો છે !

મુનિશ્રીએ કહ્યું, અમે કાલે રાત્રે જ તે યાદ કરી લીધા.

મુનિશ્રીની અદ્ભુત સ્મરણશક્તિની પ્રશંસા કરતો તે પંડિત તેમનો અનુયાયી બન્યો.

આ મુનિ હતા પૂજ્ય શ્રી ધર્મસિંહજી મહારાજ, જેમના વ્યાખ્યાનથી પ્રભાવિત થઈને દલપતરાય (બાદશાહના દિવાન) પણ જૈનધર્મના અનુરાગી બન્યા હતા. અમદાવાદમાં તેમણે પૂજ્યશ્રીને જે મકાનમાં ઉતારેલા તે મકાન આજે પણ ‘છીપાપોળનો ઉપાશ્રય’, નામથી તેમની સ્મૃતિને તાજી કરે છે.

## (3) મસ્જિદનું સ્થાનક

એ વખતે મારવાડમાં યતિઓનું બહુ જોર હતું. જ્યારે તેમણે જોયું કે, પૂજ્ય શ્રી અમરસિંહજી મહારાજ દિલ્હીના બાદશાહની વ્યવસ્થાથી મારવાડમાં આવી રહ્યાં છે અને તેમને જોધપુરના દિવાન ખીંવસીજીનો પણ પૂરો સહકાર મળ્યો છે ત્યારે તેઓ ખૂબ વિચારમાં પડી ગયા. તેમને પોતાના પાયા ડામાડોળ થતા દેખાયા.

પૂજ્યશ્રી અજમેરથી ચંડાવલ પધાર્યા, ત્યારે સોજતના યતિઓ સામે અંધારૂં છવાઈ ગયું. તેમણે પોતાના ભક્તોને બોલાવ્યા અને પૂજ્યશ્રીને મારી નાખવાનો ઉપાય વિચારવા લગ્યા.

સૌએ મળીને એવો વિચાર કર્યો કે કોટના મહોલ્લામાં જે મસ્જિદ છે તેમાં પૂજ્યશ્રીને ઉતારવા. તે મસ્જિદમાં એક જીન રહે છે, તે રાતમાં કોઈને પણ જીવિત રહેવા દેતો નથી. એક જ રાતમાં પૂજ્યશ્રીનું તમામ કામ થઈ જશે અને આપણે આપણા દિવસો એશઆરામમાં વ્યતિત કરતાં રહેશું.

'વાંસ નહીં રહે અને વાંસળી નહીં વાગે.'

પૂજ્યશ્રી ચંડાવલથી સોજત પધાર્યા અને યતિઓએ કરેલાં નિર્ણયાનુસાર કોટવાળી મસ્જિદમાં ઉતાર્યા. દિવસ તો પૂજ્યશ્રીનો આરામથી વ્યતિત થયો, પરંતુ રાત્રે જ્યારે તેઓ પ્રતિક્રમણથી નિવૃત્ત થયા ત્યારે મસ્જીદનો જીન તેમના પર તૂટી પડયો.

પૂજ્યશ્રી પહોંચેલા મહાપુરુષ હતા. ક્ષણવારમાં જ બધી પરિસ્થિતિ જાણી ગયાં. તેઓ જરા પણ ગભરાયા નહીં અને શાંતિથી 'ઉવસગ્ગહર સ્તોત્ર' નો પાઠ બોલવાનું શરૂ કરી દીધું. થોડી જ વારમાં તે જીન પૂજ્યશ્રીના ચરણોમાં ઢળી પડયો અને ક્ષમા માગતો બોલ્યો,

ભગવન્ ! મેં આપને કષ્ટ આપીને ભૂલ કરી છે. આપ મારો અપરાધ ક્ષમા કરો. આજથી હું કોઈને કષ્ટ આપીશ નહીં અને આ મસ્જીદ મુસલમાનો પાસેથી જૈનીઓને અપાવીશ.

એટલું કહી ને જીન ત્યાંથી અદશ્ય થઈ ગયો.

સવાર થઈ તો પૂજ્યશ્રીને સકુશળ દેખીને યતિવર્ગને આશ્ચર્ય થયું. પૂજ્યશ્રીએ તે સમયે જે ઉપદેશ આપ્યો હતો, તેનાથી પ્રભાવિત થઈને 250 ઘરવાળાઓએ સ્થાનકવાસી જૈનધર્મનો સ્વીકાર કર્યો. સોજતસીટીમાં આજે પણ આ મસ્જીદ મોજુદ છે, જે કોટના મહોલ્લામાં 'મસ્જીદનું સ્થાનક' ના નામથી પ્રસિધ્ધ છે.

# (4) પાણીના એક ટીપામાં અસંખ્ય જીવ

જૈન ધર્મમાં અનેક મોટા મોટા ચમત્કારિક મહાપુરુષો થઈ ગયા છે. તેઓમાંના એક હતા મુનિ શ્રી જિતમલ્લજી મહારાજ. જેઓ પોતાના બંને હાથ અને બંને પગથી પણ કલમ પકડીને લખ્યા કરતા હતા. કહે છે કે તેઓએ પોતાના જીવનમાં 13000 ગ્રંથોની પ્રતિલિપી કરી હતી. તેઓ સુંદર વક્તા, ચિત્રકાર અને કવિ પણ હતા. તેમના બનાવેલા ચિત્રો અને સોયની અણીથી લખેલા અક્ષરો જોઈને આજે પણ લોકો આશ્ચર્ય પામે છે.

સં.1871માં તેઓ જોધપુર પધાર્યા. એક દિવસની વાત છે. જોધપુર દરબાર તેમની પાસે આવ્યા અને બોલ્યા, મુનિજી, જૈન ધર્મની કેટલીક વાતો તો એવી છે કે જે મને બીલકુલ ગપ જ લાગે છે !

મુનિશ્રીએ કહ્યું, 'રાજન્, એવી કઈ વાત છે કે જે આપને બીલકુલ ગપ્પ જ લાગે છે ?'

રાજા: મુનિજી, આપ કહો છો કે, પાણીના એક ટીપામાં અસંખ્ય જીવો હોય છે. આ ગપ નહીં તો બીજું શું છે ? શું તમે મને પ્રત્યક્ષ બતાવી શકો છો ?

મુનિશ્રીએ કહ્યું, 'રાજન્ ! આ વાત જુઠી નથી. સર્વજ્ઞ ભગવાને કહેલી આ વાત કદી પણ અસત્ય હોઈ શકે નહીં. આપણા આ ચર્મ ચક્ષુઓમાં એટલું સામર્થ્ય નથી કે તે જીવોને જોઈ શકે. છતાં પણ જો આપ એ સમજવા માગતા હો તો આજથી સાતમે દિવસે આવશો, તો હું આપને ઉદાહરણ સહિત એ સમજાવવાની કોશીશ કરીશ.'

મુનિશ્રી જિતમલ્લજીએ સાત દિવસોમાં શૂન્ય (0) જેટલી જગ્યામાં 108 હાથીઓનું એક ચિત્ર બનાવ્યું અને તેના પર કેટલાંક દોહરા પણ લખી દીધા.

સાતમે દિવસે મહારાજા પધાર્યા તો મુનિશ્રીએ તે ચિત્ર રાજા સામે રાખીને કહ્યું, 'જુઓ, આમાં આપને શું દેખાય છે ?'

હજારોની સંખ્યામાં સ્ત્રી પુરુષોની ભીડ જામી ગઈ હતી.

રાજાએ કહ્યું, 'મુનિજી, મને તો આમાં કાંઈ પણ દેખાતું નથી.' મુનિશ્રીએ એક કાચના ટુકડાની સહાયતાથી, રાજાને એ ચિત્ર બતાવ્યું તો તેમાં કેટલાયે હાથી દેખાયા, જે ગણતાં બરોબર 108 થયા. રાજા આ જોઈને, આશ્ચર્યમાં પડી ગયા.

મુનિશ્રીએ કહ્યું, 'રાજન્, જ્યારે આટલી જગ્યામાં 108 હાથી ચિતરી શકાય છે ત્યારે પાણીના એક ટીપામાં અસંખ્ય જીવો હોવા એ કોઈ આશ્ચર્યની વાત નથી.'

મહારાજા માનસિંહ આ સાંભળીને ખૂબ પ્રસન્ન થયા અને તેની ખુશાલીમાં તેમણે જે સવૈયા બનાવ્યા તે આજે પણ કોઈ કોઈ સંતોના મુખથી સાંભળવા મળે છે.

કાહૂ કી ન આસ રાખે, કાહૂ સે ન દીન ભાખે,
આધી સી આરોગે રોટી, બૈઠા બાત કરે મોટી,
ઓઢનેકો દેખો જાકે, ધોલા સા પછેવડા,
ખમા ખમા કરે લોક, કદિય ન રાખે શોક,
બાજે ન મૃદંગ ચંગ જગમાંહિ જે બડાં,
કહે રાજા માનસિંહ, દિલમેં વિચાર દેખો,
દુ:ખી તો સકળ જન, સુખી જૈન સેવડા.

# (5) પૂજ્ય શ્રી રઘુનાથજી મહારાજના સંસ્મરણો

જૂના વખતમાં મારવાડમાં ધાડો બહુ પડતી હતી. ધોળે દિવસે ચોરો આવતા અને ઘરને લૂંટી જતા. પૂ. રઘુનાથજી જ્યારે ગગરાણામાં બિરાજતા હતાં, ત્યારના એક દિવસની વાત છે.

84 ડાકુ (લૂંટારા) ઊંટો પર સવાર થઈને, ત્યાં આવી રહ્યાં હતાં. લોકો દૂરથી જ તેમને આવતા જોઈને ગભરાઈ ગયા અને પૂજ્યશ્રી પાસે આવ્યા અને ડાકુઓ આવવાની વાત કહી. ડરના માર્યા સૌ કંપી રહ્યા હતા.

પૂજ્યશ્રીએ કહ્યું, 'ગભરાઓ નહીં. ધર્મના પ્રતાપે બધું સારૂં થશે. તમે બધા સામાયિક કરીને બેસી જાઓ. ડાકુ તમારો વાળ પણ વાંકો નહીં કરી શકે.'

થોડી જ વારમાં 84 ડાકુઓ ઊંટો પર બેસીને તથા હાથમાં બંદૂક લઈને તે ગામમાંથી પસાર થયા પણ કોઈની તરફ તેમણે આંખ ઊંચી કરી જોયું પણ નહીં. આ ઘટનાથી ત્યાંના જૈનેતર ભાઈઓ પણ પૂજ્યશ્રીના અનન્ય ભક્તો બની ગયા હતા.

ત્યાંથી વિહાર કરી તેઓ જૈતારણ પધાર્યા. ત્યાં યતિઓએ પૂજ્યશ્રીને એક હવેલીમાં ઉતાર્યા અને ખૂબ ભક્તિ બતાવી. આહાર પાણી વહોરાવતી વખતે યતિઓએ વિષમિશ્રિત ગરમ પાણી વહોરાવી દીધું, તે પીતાં જ ચારેય મુનિઓ મૂર્છિત બના ગયા. યતિઓએ મકાનના કમાડ બંધ કરીને તાળું લગાવી દીધું.

પૂજ્યશ્રી રઘુનાથજી મહારાજ પળવારમાં જ આ બધું અનિષ્ટ જાણી ગયા. તેમણે તરત જ નવપદજીનું ધ્યાન લગાવ્યું. તેથી થોડીજ વારમાં મુનિઓની મૂર્છા દૂર થઈ ગઈ તથા તેઓ સ્વસ્થ બનીને સ્વાધ્યાય કરવા લાગી ગયા. ત્રણ દિવસ સુધી તે મકાનમાં પૂજ્યશ્રી પૂરાયેલા રહ્યા.

ચોથે દિવસે જે યતિઓએ આ ષડ્યંત્રમાં ભાગ લીધો હતો તેમના મસ્તકમાં અસહ્ય વેદના થવા લાગી. વેદનાને લીધે તેઓ બૂમો પાડવા લાગ્યા. સેંકડો માણસો ત્યાં એકઠા થયા તથા તેમને આનું કારણ પૂછવા લાગ્યા. યતિઓએ કહ્યું, ‘દર્દને લીધે અમે મરી રહ્યાં છીએ. પેલા મકાનનું તાળું ખોલી નાખો. અમે તે સાધુઓને સતાવ્યા છે.’

તાળું ખોલતાં જ, પૂજ્યશ્રી, પોતાના સંતો સાથે બહાર આવ્યા. સઘળા લોકો યતિઓને ધિક્કારવા લાગ્યા. દર્દને લીધે તેમની દશા શોચનીય બની ગઈ હતી. લોકોએ પૂજ્યશ્રીને કહ્યું, ‘મહારાજ, આ બિચારાઓ પર દયા કરો, નહીં તો તેઓ વગર મોતે મરી જશે. તેમના અપરાધની સજા મળી ચૂકી છે.’

પૂજ્યશ્રીએ કહ્યું - ભાઈઓ, ધર્મનું શરણ સૌને સુખદાયી છે. દુ:ખી વ્યક્તિ પણ ધર્મને શરણે આવીને સુખી બની શકે છે.

આ સાંભળી સઘળા યતિઓ પૂજ્યશ્રીના ચરણોમાં પડયા અને સ્વસ્થ બની પોતાનાં અપરાધની માફી માગવા લાગ્યા.

પૂજ્યશ્રી વિહાર કરતાં કરતાં સમદડી (મારવાડ) પધાર્યા. ગામના બધા માણસો પોતપોતાના ઘર છોડીને, ગામમાંથી બહાર આવીને બેઠા હતા.

પૂજ્યશ્રીએ પૂછયું, ‘ભાઈ, અહીં કેમ બેઠા છો ?’

લોકોએ કહ્યું, ‘મહારાજ, ગામની સામે પાર ભયંકર આગ લાગી છે, અમારૂં ગામ પણ તેની લપટમાં આવી રહ્યું છે તેથી અમારી જાન બચાવવા અહીં આવી બેઠા છીએ.’

પૂજ્યશ્રીએ કહ્યું, ‘ધર્મના પ્રતાપથી અગ્નિ પણ શાંત થઈ જાય છે. એટલું કહીને તેઓ આગળ વધ્યા. સૌ લોકો જોતા જ રહ્યાં. આગની જ્વાળાઓ

જોરથી ગામ તરફ વધી રહી હતી. પરંતુ જેવા પૂજ્યશ્રીએ ગામની હદમાં પગ મૂકયા કે અગ્નિનું જોર ઓછું થઈ ગયું અને ધીરે ધીરે તે બીલકુલ શાંત થઈ ગઈ. ગામના સઘળા માણસો ખુશી ખુશી થતાં પોતપોતાના ઘેર પાછા આવ્યા. સાચું છે કે —

**જહાં જહાં પૈર પડે સંત કે, તહાં તહાં હોત ભલાઈ.**

## (6) ભીષ્મ પ્રતિજ્ઞાઓ

મહારાજ, મને પ્રતિક્રમણનો પાઠ આપો. આવેલા વૈરાગીએ મુનિરાજને વિનયપૂર્વક કહ્યું,

મુનિરાજે કહ્યું- ભલે, ભાઇ લ્યો.

આવેલ ભાઇ સામાયિક કરીને ઊભા થઇ ગયાં અને બોલ્યાં, મહારાજ, જ્યાં સુધી મને પૂરૂં પ્રતિક્રમણ ન આવડે ત્યાં સુધી ઊભા જ રહેવું, બેસવું નહીં એવી પ્રતિજ્ઞા કરાવો.

મુનિરાજ આ સાંભળીને મૌન રહ્યાં. આવનારે પ્રતિજ્ઞા ગ્રહણ કરી લીધી અને એકેક પાઠ યાદ કરતાં એક સામાયિક (48 મિનિટ) માં જ આખું ય પ્રતિક્રમણ યાદ કરી લીધું.

એ હતાં બુદ્ધિશાળી **જયમલ્લજી**, જેમણે આગળ જતાં પૂ. શ્રી ભૂધરજી મહારાજ પાસે દીક્ષા લીધી અને દીક્ષા લેતાં જ એકાંતર તપ કરવાની પ્રતિજ્ઞા લીધી. આ હતી તેમની બીજી ભીષ્મ પ્રતિજ્ઞા. જેનું તેમણે બાવન વર્ષ સુધી સતત પાલન કર્યું.

દીક્ષા લીધાં બાદ બે વર્ષ પછી, જ્યારે તેઓ પૂજ્ય શ્રી ભૂધરજી મહારાજ સાથે મેડતા તરફ વિહાર કરી રહ્યાં હતાં. ત્યારે માર્ગમાં જ પૂજ્ય

શ્રી ભૂધરજી મહારાજને તરસ લાગી. મેડતા નજીકમાં જ આવી રહ્યું હતું. તેથી તેઓ શીઘ્ર ગતિથી પાણી લેવા માટે ચાલ્યાં. પરંતુ જ્યારે તેઓ પાણી લઇને પાછા ફર્યા તો અહીં પાણી પીવાવાળો આત્મા સમાધિસ્થ બની ગયો હતો.

એ જ દિવસથી પૂજ્ય શ્રી જયમલ્લજી મહારાજે સૂવાનો પણ ત્યાગ કરી દીધો. આ હતી તેમની ત્રીજી ભીષ્મ પ્રતિજ્ઞા, જેનું તેમણે 50 વર્ષો સુધી બરાબર પાલન કર્યું. કહે છે કે તેમણે આજીવન સૂતાં સૂતાં કદી ઊંઘ લીધી નથી. કેવા હતાં આપણા આ યોગીરાજ, જેમનું સ્મરણ કરતાં જ મનમાં ધન્યવાદ અપાઇ જવાય છે.

તેઓ આગળ જતાં પૂજ્ય શ્રી જયમલ્લજી મહારાજ કહેવાયા; જેમના નામથી મારવાડનો એક પ્રસિદ્ધ સંપ્રદાય પૂજ્ય શ્રી જયમલ્લજી મહારાજનો સંપ્રદાય કહેવાય છે.

## (7) હાથીએ લાડુ વહોરાવ્યા

ઉદયપુરના રાજમાર્ગ પર, એક અભિગ્રહધારી તપસ્વી સાધક હાથમાં ઝોળી લઇને ચાલ્યાં જતાં હતાં. હંમેશાં આ રીતે ઝોળીમાં પોતાના પાત્રા લઇને નિયત સમયે નીકળી પડતાં હતાં અને સર્વત્ર ફરી ફરીને પાછા એ જ હાલતમાં (આહાર વહોર્યા વગર) પોતાના સ્થાન પર પાછા ફરતાં હતાં.

આ રીતે નિરાહાર રહેતાં તેમને 44 દિવસો પસાર થઇ ચૂકયા હતાં. અને આજે 45 મો દિવસ હતો. જ્યાં એક દિવસ પણ આહાર વગર રહેવું મુશ્કેલ બની જાય છે ત્યાં આ મહાન તપસ્વી પોતાના જીવનને હોડમાં મૂકી કર્મો સાથે યુદ્ધ ખેલી રહ્યાં હતાં.

મુનિ આહાર માટે શાંત મુદ્રાથી આગળ વધતાં મુખ્ય રાજમાર્ગ પર

આવ્યાં હતાં, એ જ વખતે મહારાણાનો એક હાથી મસ્ત બનેલો અને બંધન તોડીને મહેલમાંથી બહાર ભાગી નીકળ્યો.

રાજ્યના સિપાઇઓ બૂમો પાડતા તેની પાછળ દોડી રહ્યાં હતાં અને હાથીથી સાવધાન રહેવાનું જનતાને સૂચવતા હતાં. હાથી ગર્જના કરતો શહેરમાં ઘૂમી રહ્યો હતો. જોતજોતામાં આખો રાજમાર્ગ બીલકુલ સૂનકાર થઇ ગયો.

જે માર્ગ પર હાથી દોડતો દોડતો જઇ રહ્યો હતો તે જ માર્ગ પર સામેથી મુનિ પણ આવી રહ્યાં હતાં. રાજ સિપાઇઓએ મુનિને પણ આગળ વધતા રોકયા પણ મુનિએ તેમની વાત પર ધ્યાન ન આપ્યું. હાથી દોડતો દોડતો આવતો હતો અને મુનિ પણ એ જ રસ્તા પર સામેથી ચાલ્યાં આવતા હતાં. જોતજોતામાં બંને એકબીજાની સમીપમાં આવી રહ્યાં.

લોકો પોતપોતાના મકાનોની બારીઓમાંથી આ ભયાનક દશ્ય જોઇ રહ્યાં હતાં. ઉદયપુરની જનતા સમજી કે, બસ, હવે મુનિનો જીવ બચવો મુશ્કેલ છે. હાથી મુનિને પોતાના પગ નીચે કચડી નાંખશે, પરંતુ બન્યું કઇંક બીજું જ, કે જેની કદી કલ્પના જ ન કરી શકાય.

જે હાથી મદોન્મત બનીને ભયંકર ગર્જનાઓ કરતો દોડી રહ્યો હતો તે હાથી મુનિને પોતાની સામે આવતા જોઇને બીલકુલ ધીમો પડી ગયો. અહીં તહીં નજર નાંખતો તે આગળ વધ્યો પરંતુ તેનો મદ કોણ જાણે કયાંય ચાલ્યો ગયો હતો.

મુનિ પોતાની ચાલે ચાલ્યાં આવતા હતાં. હાથી એક કંદોઇની દુકાન સામે આવીને ઉભો રહ્યો. હલવાઇ ભયનો માર્યો દુકાનની અંદર પેસી ગયો ત્યાં સુધીમાં મુનિ હાથીની પાસે આવી ગયાં હતાં.

હાથીએ પોતાની સૂંઢ વડે કંદોઇની લાડુથી ભરેલી ટોપલી ઉપાડી અને મુનિના સામે ધરી દીધી.

મુનિએ પણ પોતાનો અભિગ્રહ પૂરો થતો જાણ્યો ત્યારે તેમણે ઝોળીમાંથી પાત્ર બહાર કાઢયું અને હાથીના સામે ધરી રાખ્યું.

હાથીએ તે પાત્રમાં લાડુ નાંખ્યાં. મુનિએ પોતાની ઝોળી ઉપાડી અને હાથી તરફ હાથનો ઇશારો કરી પોતાના સ્થાન તરફ જવા ચાલી નીકળ્યા. કેટલીક વાર સુધી હાથી મુનિ તરફ જોઇ રહ્યો અને પછી તે મહેલ તરફ પાછો ગયો.

આ હતાં મુનિ શ્રી **રોડીદાસજી** મહારાજ, જેઓ એક દિવસ પોતાના પ્રાણને શરતમાં મૂકી એવો નિશ્ચય કરી બેઠાં હતાં કે, જો મહારાણાનો હાથી પોતાની સૂંઢથી આહાર વહોરાવે, તો મારે આહાર ગ્રહણ કરવો, નહીં તો 60 દિવસ સુધી હું નિરાહાર રહીશ.

કહે છે કે તેમનો આ મહાન અભિગ્રહ 45 મે દિવસે પૂર્ણ થયો હતો. કહો, આ પણ કેવા તપસ્વીરાજ હતાં ! ધન્ય છે મુનિને અને ધન્ય છે તેમની સાધનાને !

## (8) સર્પે છત્ર કર્યું

મધ્યાહ્ન વીતી ચૂકયો હતો. સૂર્યના કિરણો હજી પણ થોડા થોડા તે ઓરડામાં આવતા હતાં. એક વર્ષનું બાળક તે ઓરડામાં એકલું સૂઇ રહ્યું હતું. એ જ વખતે એક કાળો સર્પ તે ઓરડામાં આવ્યો અને બાળકના માથા પાસે કુંડલાકાર બનીને બેસી ગયો. સૂર્યના તાપથી ક્યારેક ક્યારેક તે બાળક ઊંઘમાં પણ અકળાતું, પરંતુ અત્યારે સર્પ દ્વારા ફેણ થવાથી તે બાળક ગાઢ નિંદ્રામાં પોઢી ગયું હતું.

થોડીક વાર પછી જ્યારે માતા પોતાના પુત્રની ખબર લેવા આવી ત્યારે દૂરથી જ તે આ દૃશ્ય દેખીને કંપી ઊઠી. તે આગળ ન વધી શકી. માતાએ સાંભળ્યું હતું કે કોઇના માથા પર જો વિષધર સર્પ ફેણ ફેલાવીને છત્ર કરે, તો

તે અવશ્ય સમ્રાટ બને, છતાં તેનું હૃદય ધડકી રહ્યું હતું. આખરે સર્પ તો સર્પ જ છે ને ! કદાચ તેના પૂર્વ સંસ્કારો જાગૃત થાય અને તે બાળકનું અહિત કરી બેસે તો ? એમ વિચારતી તે, કમાડને આધારે ઉભી રહી અને સર્પ ચાલ્યો જાય તેની રાહ જોવા લાગી.

એટલામાં હવાનો એક જોરદાર વંટોળીયો આવ્યો અને દરવાજા, કમાડ ખખડી ઊઠયા. એથી સર્પનું ધ્યાન ભંગ થઇ ગયું. તેણે પોતાની ફણા સમેટી લીધી અને ધીરે ધીરે પલંગથી નીચે ઉતરી આવ્યો. માતાએ સર્પને નીચે ઉતરતો જોયો, પરંતુ પછી તે કયાં અદશ્ય થયો તે જાણી શકી નહીં.

માતા લક્ષ્મીદેવી દોડતી દોડતી બાળક પાસે આવી અને તેને પોતાની છાતી સાથે ચાપી પોતાના પતિ પાસે લઇ આવી. લક્ષ્મીદેવીએ બધી હકીકત પોતાના પતિને કહી સંભળાવી. જે સાંભળીને મથુરાદાસજી પણ આનંદ વિહ્‌વલ બની ગયા.

આ બાળકે આગળ જતાં દીક્ષા લીધી અને પૂજ્ય સોહનલાલજી મહારાજના નામથી વિખ્યાત બન્યા. પંજાબના એ મહાન પ્રભાવક આચાર્ય હતા, જેઓ લાખો માણસોના હૃદયસમ્રાટ કહેવાયા.

## (9) તલવારોની છાયામાં

જે વખતે એમનો જન્મ થયો તે વખતે દિલ્હીમાં તલવારોનો વરસાદ વરસી રહ્યો હતો અને તેમના માતાપિતાએ ઘાસ તૃણના ઢગલામાં છૂપાવીને તેમની રક્ષા કરી હતી.

જ્યારે તેઓ મોટા થયા ત્યારે માતાપિતા તેમના લગ્નની તૈયારી કરવા લાગ્યા. પરંતુ તેમને કયાં ખબર હતી કે, ભવિષ્યમાં શું થનાર છે ? દિલ્હીમાં

ફરી તલવારો ઉછળી પડી અને માતાપિતા પોતાના આ પુત્રને લઇને ભોંયરામાં પડી રહ્યાં. અહીં તેમને અંતર દર્શન થયું અને એવી પ્રતિજ્ઞા ધારણ કરી કે જો હું આ કષ્ટથી બચી જાઉં તો દીક્ષા ગ્રહણ કરી લઇશ.

આ હતા સ્યોરામદાસજી મહારાજ, જેમણે પોતાની પ્રતિજ્ઞા અનુસાર પૂજ્ય સીતારામજી મહારાજ પાસે દીક્ષા ગ્રહણ કરી અને સાધુ બની ગયા. આગળ જતાં તેમને જ તેમના સંપ્રદાયના પૂજ્ય બનાવવામાં આવ્યા. તેઓ મહા પ્રભાવક અને પ્રતાપી આચાર્ય હતા.

વૃધ્ધાવસ્થામાં તેઓ સિંઘાણામાં સ્થિરવાસ તરીકે રહ્યાં. અંતિમ સમયે જ્યારે તેમણે સંથારો ગ્રહણ કરી લીધો હતો ત્યારે શ્રાવકોને કહ્યું,

'ભાઇઓ ! જુઓ, પ્રારંભથી જ મારું જીવન તલવારોની છાયામાં રહ્યું છે. હું બે પ્રસંગોમાં તો ધર્મના પ્રતાપે તલવારોની તીક્ષ્ણ ધારથી બચી ગયો છું પરંતુ હું જોઉં છું કે, હજુ મારી લાશ પર છેલ્લી તલવાર ફરવી બાકી છે. તેથી હું તમને ચેતવણી આપું છું કે, જો એવો પ્રસંગ આવી જાય, તો તે વખતે તમે જોશમાં આવીને કાંઇ પણ ગડબડ કરી બેસશો નહિ. ગમે તે થાય તો પણ તમે તમારી શાંતિનો ભંગ ન કરશો.

થોડાક દિવસો બાદ, તેઓ આ અસાર સંસારને છોડી સ્વર્ગવાસી બન્યા. દાહ સંસ્કાર માટે ભારે ધામધૂમપૂર્વક તૈયારી કરવામાં આવી અને તેમની પાલખીને આખા શહેરમાં ફેરવવામાં આવી.

સત્પુરુષોનું વચન શું ટાળી શકાય છે ? ધર્મદ્વેષીઓએ રાજ્યમાં એવા ખબર આપ્યા કે એક જૈની સાધુની અખંડ લાશને શહેરમાં ફેરવવામાં આવે છે. સાધુની અખંડ લાશને શહેરમાં આ રીતે ફેરવવી તે રાજ્યને માટે અહિતકર છે. બસ, પછી તો કહેવું જ શું ? બાવલે જાતના રજપૂતો ભડકી ઊઠયા અને પોતાની ખુલ્લી તલવારે લાશને ખંડિત કરવા દોડયા.

તે વખતે પૂજ્યશ્રીની પાલખી બજાર વચ્ચેથી પસાર થતી હતી. પરંતુ તે બાવલે રજપૂતોએ ભીડને ચીરીને, લાશ પર તલવારોના ઘા મારવા શરૂ કરી દીધા. જનતામાં ખૂબ ખળભડાટ મચી ગયો. ચારે તરફ નાસભાગ થવા માંડી. પરંતુ થોડાક સાહસ વીરો આગળ આવ્યા અને તે તલવારોના ઘાને પોતાના હાથો પર ઝીલવા લાગી ગયા.

ધર્મનો પ્રભાવ ભારે વિચિત્ર છે ! ધર્મના પ્રભાવથી અગ્નિ શાંત થઇ જાય છે અને શસ્ત્રની તેજધાર પણ બૂઠ્ઠી થઇ જાય છે. આવી હાલત તે રજપૂતોની તલવારોની પણ થઇ. તેમની તલવારો વીંઝાતી જ રહી પરંતુ તે, તે લોકોના હાથોને કાંઇ પણ અસર કરી શકી નહિ. લાશ જેમની તેમ અખંડિત જ રહી. બાવલે રજપૂતોને જ્યારે આ બાબતની ખબર પડી ત્યારે તેઓ લજ્જિત બનીને પોતાનું નાનું મોઢું લઇને ચાલ્યા ગયા. પાલખી આખા શહેરમાં ફેરવવામાં આવી અને અંતમાં તેનો અગ્નિ સંસ્કાર કરી દેવામાં આવ્યો.

એ હતા આપણા આચાર્ય સ્યોરામદાસજી મહારાજ, જેઓ તલવારની છાયામાં જન્મ્યા, મોટા થયા અને દુનિયાથી વિદાય થયા તે પણ તલવારોની છાયામાં જ, પણ તલવાર તેમનું કાંઇ બગાડી શકી નહિ. ધન્ય છે એવા મહાપુરુષોને !

## (10) સત્યમેવ જયતે

મધ્યભારતમાં નીમચ પાસે ધમ્મોતર નામનું એક ગામ છે. જેની અહીં વાત થાય છે તેનું સાસરું આ ગામમાં હતું. પોતાના યૌવન પર પગ મૂકયો કે તરત જ દુર્દૈવે તે વિધવા બની. કર્મોની ગતિ કહે છે કે પોતપોતાનું ભાગ્ય ! તેનું સુખ- સૌભાગ્ય નષ્ટ થઇ ગયું.

ધમ્મોતરનો ઠાકોર વિષયાંધ હતો. દિનભર તે મદમાં છકેલ બની, નવા નવા શિકારની શોધમાં રહ્યા કરતો. એક દિવસ તેની નજર આ વિધવા બહેન પર પડી, પછી તો કહેવું જ શું ? ઠાકોરના પ્રયત્નો શરૂ થયા. પરંતુ કોઇ પ્રયત્ન કારગત ન નીવડયો. શિકારીને આ શિકાર ન મળ્યો. હરિણી જાળમાં ન સપડાઇ.

હારેલો માણસ શું નથી કરતો ? વિષયાંધને માટે ઇજ્જત અને આબરૂનો પ્રશ્ન જ નથી. અંધને આરસી શા કામની ? આખી દુનિયા તેને માટે તો આંધળી જ હોય છે. એ જ હાલ વિષયાંધના પણ હોય છે.

ધમ્મોતરના ઠાકોરે બીજો કોઇ ઉપાય ન જોયો એટલે તેના ઘર પર પહેરો મૂકી દીધો. બે-ચાર ભાડુતી ટટ્ટુઓને તેને ત્યાં બેસાડી દીધા અને બળાત્કાર દ્વારા વિષયતૃપ્તિ કરવા ઇચ્છયું. સારા માણસોએ ઠાકોરને સમજાવ્યા પણ ખરા, પરંતુ તે કયાં માને તેમ હતો ? નશાબાજનો નશો ઉતરે નહિ ત્યાં સુધી તેને હિતાહિતનું ભાન થાય જ નહિ.

રાતનો સમય હતો. ભાડૂતી માણસો ઘરની સામે આંટા મારવા લાગ્યા. બહેન પોતાના ઘરમાંથી આ બધું જોઇ રહી હતી, પણ તેનું મન શાંત હતું. તેને કોઇ જાતનો ભય પેદા ન થયો. ધર્મ પર તેને દઢ આસ્થા હતી.

તે એમ સમજતી હતી કે હંમેશાં સત્યનો જ વિજય છે. કસોટી પર કસ્યા વિના સોનું પણ કયાં પરખાય છે ? તેની પરખ તો સોનાને આગમાં નાંખવાથી જ થાય છે. મારી પણ આજે શીળ પરીક્ષા છે. રાજમાતા ધારિણીનો આદર્શ મારા સામે છે. તેને કેટલું કષ્ટ ઉઠાવવું પડયું હતું, છતાં પણ ઇંચ માત્ર પણ ધર્મથી ચ્યૂત થઇ ન હતી. પ્રાણ જાય તો જાય પણ હું મારો શીળધર્મ નહિ જવા દઉં. હરગીજ નહિ જવા દઉં.

આવા વિચારોના આવેશમાં તે ઉઠીને ઉભી થઇ અને પોતાના મકાનના પાછલા બારણેથી નીચે કૂદી પડી. ભાગ્યની વાત કહો. નીચે એક

ઊંટ ઊભું હતું, તેના પર તે પડી, તેથી તેને જરા પણ ચોટ ન લાગી. ઊંટવાળાએ કહ્યું, 'બહેન, ગભરાઇશ નહિ, હું તમને સહીસલામત તમારા પિયર નીમચ ગામમાં પહોંચાડી દઉં છું.'

પોતાના મનની વાત સાંભળીને, બહેનને આશ્ચર્ય તો અવશ્ય થયું, પણ તે જાણતી હતી કે જેઓ ધર્મને છોડતા નથી તેમની ધર્મ અવશ્ય રક્ષા કરે છે.

રાત અંધારી હતી. માર્ગ સુનસાન હતો, પરંતુ તેને કોઇ ભય ન હતો. નમસ્કાર મંત્રના જાપમાં તે મસ્ત બની હતી. ઊંટ પોતાની ગતિએ આગળ વધી રહ્યું હતું.નીમચનો દરવાજો આવ્યો. રાત હજુ થોડી બાકી હતી. ઊંટવાળાએ ઊંટને ઝૂકાવ્યું અને કહ્યું, 'બહેન ! ઉતરી જાઓ. નીમચ આવી ગયું.' તેણે નીચે ઉતરીને પોતાની નજર ફેરવી તો ન હતું ઊંટ કે ન હતો ઊંટવાળો ! તે ખુશી થતી પોતાને ઘેર પહોંચી ગઇ.

આ બહેનનું નામ રંગુજી હતું. તેણે આગળ જતાં દીક્ષા લીધી અને પોતાના સંઘની પ્રવર્તિની બની. તેમના જ નામથી રંગુજી મહાસતીનો સંપ્રદાય ચાલ્યો, જેમાં આજે પણ 55 મહાસતીજીઓ જૈન ધર્મ માટે પોતાનું જીવનદાન આપી રહેલ છે.

## (11) સર્પની રક્ષા

મધ્યભારતમાં જાવરા એક સારું શહેર છે. તે રતલામની પાસે જ આવેલું છે. જૈનોની અહીં સારી અને સમૃધ્ધ વસ્તી છે. સાધુસંતોનું આગમન પણ થતું રહે છે.

આ વાત સં. 1988 ની છે. જ્યારે જાવરામાં મહાસતીજી શ્રી રંગુજી મહારાજના સંપ્રદાયના સ્વ. પ્રવર્તિની મહાસતી શ્રી આનંદકુમારીજીનું ચાતુર્માસ

હતું. સતીજી સાક્ષાત્ દેવીરૂપ હતા. તેમની શાંત મુખાકૃતિ અને મધુર વાણી અપરિચિતો પર પણ જાદૂઇ અસર કરનારી હતી.

એક દિવસની વાત છે. જ્યારે તેઓ સ્થંડીલ અર્થે બહાર જઇ રહ્યા હતા ત્યારે તેમણે ત્યાં જોયું કે એક મુસલમાનભાઈ સાપને મારી નાંખતા હતા. અહિંસાની દેવીથી આ દશ્ય જોઇ શકાયું નહિ.

તેમણે એ મુસલમાન ભાઇઓને કહ્યું, 'અરે ભાઇ! તમે આ બીનગુન્હેગાર સાપને કેમ મારો છો ? સતાવ્યા વિના એ કોઇને થોડો જ કરડે છે ? જેવો તમારો જીવ છે એવો જ તેનો જીવ છે. છતાં કેમ લાકડીથી મારી રહ્યાં છો ? માર તો સૌને એક સરખો દુ:ખદાયક લાગે છે. જેમ તમને કોઈ મારે તો દુ:ખ થાય તેવી જ રીતે તેને પણ મારવાથી દુ:ખ થાય, માટે નાહક આ બિચારાને ન સતાવો, તેને જવા દ્યો !'

મુસલમાનભાઈ આ માને તેવા કયાં હતાં ? તેમને તો સાપને સતાવવામાં ખૂબ મજા આવતી હતી. તેમણે કહ્યું, આવી દયાવાળી છે, તો તેને કેમ પકડી લેતી નથી ? લ્યો, તેને પકડીને જુઓ કે તે કરડે છે કે નહિ ?

સંતોને માટે બધાંય આત્મીય હોય છે. ત્રસ કે સ્થાવર કોઈ પણ પ્રાણી પ્રત્યે તેમને વૈર હોતું નથી. સતીજીએ પોતાની ઝોળી પહોળી કરી અને કહ્યું, લાવો, સાપને આ ઝોળીમાં છોડી દ્યો.

મુસલમાનભાઈ તો ઈચ્છતો જ હતો. તેણે સાપને સતીજીની ઝોળીમાં મૂકી દીધો. પણ જુઓ તો ખરા કે તે સાપ જેમ પોતાનું ઘર (બીલ) હોય તેમ તેમાં ઉછળ્યાં - કૂદયા વગર જઈ બેઠો. બધાં લોકો આ જોઈને ચકિત બની ગયાં. મહાસતીજીએ જંગલનો રસ્તો લીધો.

મુસલમાનોમાંથી કોઈ એકે કહ્યું, અહો, કેવી દયાળુ દેવી છે ! સર્પ પણ તેની આગળ નમી ગયો છે.

મહાસતીજી પોતાની ઝોળી હાથમાં લઈ, શાંતચિત્તે જંગલ તરફ આગળ વધી રહ્યાં છે.થોડેક દૂર જતાં, જ્યારે તેમણે એકાંત સ્થાન જોયું ત્યારે ત્યાં પોતાની ઝોળી છોડી દીધી. સર્પ મહાસતીજીને જોઈ પોતાનું શિર હલાવવા લાગ્યો,જાણે કે તે તેમને નમસ્કાર કરી રહ્યો હોય ! પછી તે સર સર કરતો ઝોળીની બહાર નીકળી પડયો.

સતીજીએ પોતાની ઝોળી ઉઠાવી લીધી. સાપે થોડેક દૂર જઈને, પુન:સતીજી તરફ પોતાનું મ્હોં ઉંચું કર્યું. સતીજી પણ તેનો પ્રેમ જોઈ રહ્યાં હતાં. તેમની આંખોના સ્નેહમય કિરણો નિહાળીને, સર્પે એકવાર ફરીથી, પોતાનું મસ્તક નમાવીને પ્રણામ કર્યા. સતીજીએ પોતાનો હાથ ઊંચો કર્યો અને આગળ વધ્યા.

સાપદેવતા એક સુરક્ષિત બીલમાં સમાઈ ગયાં. સત્ય છે કે અહિંસક વ્યક્તિઓ પાસે હિંસક પ્રાણી પણ પોતાની વૈરવૃતિ ત્યાગી દે છે.

## (12) મોતની ભવિષ્યવાણી

સંવત 1963 માં તેમનું ચાતુર્માસ બડસત(જીલ્લા કરનાલ) માં હતું. નગરમાં ભાઈઓમાં ધર્મપ્રેમ અને ઉત્સાહ પ્રસરી રહ્યો હતો, કેમકે, ચાતુર્માસ ખૂબ જ આગ્રહપૂર્વક મંજુર કરાવ્યું હતું. મુનિરાજ શાંત, દાંત, ગંભીર અને ઘોર તપસ્વી હતા.

ચાતુર્માસના દિવસો આવતાં જ, તપસ્વી મુનિઓની સાધનાનો પ્રારંભ થાય છે. કારણ કે એ સમય તેમને માટે વિશ્રાંતિનો હોય છે. આ સમય એવો હોય છે કે સાધકો પોતાના સાધનામાર્ગ પર નિર્વિધ્ને આગળ કદમ વધારતાં તેની ટોચે પહોંચી શકે છે.

રાત્રીનો સમય હતો. અંધકાર ઉત્તરોત્તર વધતો જતો હતો. તપમાં લીન એવા એ મુનિશ્રી પોતાના ઓરડામાં બેઠાં બેઠાં જ્ઞાન ધ્યાન કરી રહ્યાં હતાં. બહાર શ્રાવકગણ અને શિષ્ય સમુદાય પણ પોતપોતાની ધાર્મિક ક્રિયાઓમાં રત હતા, પરંતુ ઓરડામાં બેઠેલા યોગી પોતાની સાધનામાં લીન બનેલા હતા, તેમની ધ્યાનમુદ્રા દર્શનીય હતી. તરત જ ઓરડામાં દિવ્ય પ્રકાશ થઈ ગયો. જાણે કે કોઈએ, એક સાથે વિજળીના બલ્બો  પ્રગટાવી દીધા હોય ! બહાર બેઠેલા માણસોની આંખો તે પ્રકાશ તરફ ગઈ. તે પ્રકાશમાં તેમણે જોયું કે યોગી પોતાના ધ્યાનમાં મસ્ત બની ઘુમી રહ્યાં છે.

ત્યારબાદ થોડી જ ક્ષણો પછી એવો અવાજ આવ્યો કે ‘આપનું આયુષ્ય હવે માત્ર છ માસ બાકી છે’ અવાજ બંધ થતાં જ પ્રકાશ પણ લુપ્ત થઈ ગયો. બહારના બધાં માણસો ભયભીત બની ગયા. તેઓ આનું રહસ્ય જાણવા મુનિશ્રી પાસે પહોંચી ગયાં.

મુનિશ્રીએ ઉપેક્ષા ભાવથી કહ્યું, જે બનવાનું હોય છે તે બનીને જ રહે છે. જીવન અને મરણનો ક્રમ કોઈથી થોડો જ અવરોધી શકાય છે ? તમે આ બાબત લક્ષમાં ન લ્યો, મનુષ્યનું કર્તવ્ય છે કે, તે પોતાની આંખો સામે, મૃત્યુને દેખવા છતાં પણ પોતાનું કામ કરતો રહે છે.

બરાબર આ પછી 6 મહિને ઉક્ત મુનિશ્રી સ્વર્ગે પધાર્યા હતા. સ્વર્ગવાસના આઠ દિવસ પહેલાં જ તેમણે પોતાની ભવિષ્યવાણી પણ કહી દીધી હતી. એ હતા **યોગીરાજ મુનિશ્રી ઋષિરાયજી મહારાજ,** જેઓ વર્તમાન મંત્રીશ્રી પૃથ્વીચંદ્રજી મહારાજના જ પરિવારના સંત હતા.

ઉદાર હૃદય મુનિશ્રી શ્યામલાલજી મહારાજ તેમના જ શિષ્યરત્ન છે, જેઓ આજે પણ યોગીરાજની સ્મૃતિને તાજી બનાવી રહ્યાં છે.

# (13) તપનો પ્રભાવ

સંવત 1975 ની આ વાત છે. અષાઢ મહિનો હતો અને પૂજ્યશ્રી શ્રીલાલજી મહારાજનુ ઉદયપુરમાં પધારવું થયું હતું. તે સમયે ઉદયપુરમાં મહાસતીજી શ્રી રાજકુંવરજીએ સંથારો ધારણ કર્યો હતો. આ સતીજી પ્રવર્તિની રંગુજી મહાસતીજીના સંપ્રદાયના હતા. પૂજ્યશ્રી તેમને દર્શન આપવા માટે ઉદયપુર પધાર્યા હતા.

સંથારો એવી ક્રિયા છે કે જેથી જીવનની ગતિ સીમિત કરી મરણ સાથે યુધ્ધ કરવું પડે છે. આ યુધ્ધ અણુબોમ્બથી પણ વધારે ખતરનાક હોય છે. દરેકનું કામ નથી કે તે સંથારો ગ્રહણ કરી શકે અને મુનિઓમાં પણ કોઈ કોઈ ભાગ્યવાન મુનિ જ તે ગ્રહણ કરી શકે. સૌના ભાગ્યમાં સંથારો કરવાનું હોતું નથી. **જેઓ સંથારો કરીને પોતાની જીવનલીલા સમાપ્ત કરે છે, તેમનું મરણ 'પંડિત મરણ' કહેવાય છે**. તેમનો આત્મા દેવલોકમાં જ જાય છે.

મહાસતી રાજકુંવરજી પણ ભાગ્યવાન સતી હતાં. તેઓ શાંત ચિત્તે સંથારો લઈને પણ શાસ્ત્ર સ્વાધ્યાયમાં લીન રહેતા હતાં. પૂજ્યશ્રીના દર્શન કરી તેઓ કૃતાર્થ બન્યા. તેમને બીજી કોઈ મહેચ્છા બાકી ન હતી. મોતનું નામ સાંભળતા જ લોકો ડરે છે, પણ સતીજી તો મોત સાથે ખેલ ખેલી રહ્યાં હતાં.

એકેક કરતાં 34 દિવસો વીતી ગયા હતા, પણ સતીજીનું તેજ ફિક્કું ન પડયું. તે વધતું જ ગયું. તેમના પરિણામ ઉત્તરોત્તર વધતા જ રહ્યાં. પૂજ્યશ્રી હંમેશાં મહાસતીજીને દર્શન આપવા આવતા હતા અને સતીજી દર્શન કરીને પરમાનંદનો અનુભવ કરતા હતા.

એક દિવસની વાત છે. રાત્રે ખૂબ વરસાદ થયો, ચારે તરફ પાણી જ પાણી વહી રહ્યું. મહાસતીજી જે મકાનમાં ઉતર્યા હતાં, તે મકાનની છત

પહેલેથી જ ખુલ્લી હતી. એટલે જ્યારે વરસાદ થતો ત્યારે તેમાં પાણી ભરાઈ જતું. આથી શ્રાવકોને ભારે ચિંતા થઈ.

મધ્યરાત્રિનો સમય હતો. તે સમયે કાંઈ પણ કરી શકાય નહિ તેથી સૌ વિવશ બની એવા વિચારમાં ડૂબી રહ્યાં હતાં કે, મહાસતીજીને કેટલી તકલીફ પડી રહી હશે ! મકાનમાં તો પાણી ભરાઈ ગયું હશે !

સવાર થઈ, લોકો દોડતા દોડતા ઉપાશ્રયમાં પહોંચ્યા. પરંતુ એ સાંભળીને બધાં આશ્ચર્ય પામી ગયા કે, છતમાંથી તો એક ટીપું પણ નીચે પડયું ન હતું !

જે મકાન સાધારણ વરસાદથી ય ભરાઈ જતું હતું, તે આ ભીષણ વરસાદથી પણ કેમ ન ભરાયું અને એ બધું પાણી કયાં ચાલ્યું ગયું ! આવો પ્રશ્નો થવો સ્વાભાવિક હતો, પરંતુ બીજી જ ક્ષણે તેમનું આંતર હૃદય પોકારી ઉઠયું કે, આ તપનો પ્રભાવ છે ! જોતા નથી કે મહાસતીજીનો આજે 39 મો ઉપવાસ ચાલી રહ્યો છે ?

બસ, એ જ દિવસ સતીજીનો આખરી દિવસ હતો. રાત્રે 9 વાગ્યે, આકાશમાંથી એક તારો ખર્યો, અને પૂજ્યશ્રીએ પોતાની પાસે બેઠેલા શ્રાવકોને કહ્યું, માલૂમ પડે છે કે સતીજીનો સંથારો પૂરો થઈ ગયો છે.

એટલામાં તો એક માણસે આવીને કહ્યું કે મહાસતીજી દેવલોક પધારી ગયા છે. બેઠેલા ભાઈઓને આશ્ચર્ય તો અવશ્ય થયું પરંતુ એ જાણી ગયા કે સંતોની આંખો માત્ર ચાર દિવાલો સુધી જ દેખાતી નથી, પણ તે તેની પાછળ રહેલ વસ્તુઓને પણ દેખી શકે છે.

## (14 ) સાપની સાથે ચાતુર્માસ

આ ચાતુર્માસ મુનિશ્રીનું કાનોડમાં નિશ્ચિત થયું હતું. કાનોડ પણ

ઉદયપુર જીલ્લાનું એક સારું ગ્રામ છે. જૈનોની અહીં સારી વસ્તી છે. હમણાં તો ત્યાં એક વિદ્યાલય પણ જૈન સમાજ તરફથી ચાલી રહ્યું છે.

ચાતુર્માસાર્થે મુનિશ્રી પધાર્યા અને તેમને એક મકાનમાં ઉતાર્યા. આ વાત હમણાંની નથી, પણ જૂની છે. જેને આજે અર્ધી શતાબ્દિથી પણ વધારે સમય થઈ ગયો છે.

મુનિશ્રીએ મકાનમાં પોતાનો સામાન મૂકીને અહીં -તહીં જોયું તો સામે એક સર્પ દેખાયો. સર્પ પણ સાધારણ ન હતો. વિષધારી ખૂબ ભયંકર સર્પ હતો.

મુનિ સમભાવી હતાં. આજીવન સામાયિક વ્રતધારી હતાં એટલે પોતાની દ્રષ્ટિ તે તરફથી હટાવીને, પોતાના કાર્યમાં લીન બની ગયા.

થોડાક દિવસો પછી શ્રાવકોએ પણ જ્યારે આ સર્પ જોયો ત્યારે તેમણે મુનિને કહ્યું, મહારાજ ! આપ આ મકાનને બદલી નાંખો, સર્પની સાથે રહેવું એ ઠીક નથી. તેને પકડવાનું તો દૂર રહ્યું પણ તેને જોતાં જ અમને ભય લાગે છે.

મુનિશ્રીએ કહ્યું, એ સાચું છે કે સર્પ એક ભયંકર પ્રાણી છે. તેનાથી સાધારણ પ્રાણીઓને ભય લાગે છે પરંતુ અમારે માટે ભય કોનો ? તમે તો જાણો જ છો કે, મુનિ સ્વેચ્છાએ સિંહની ગુફામાં જઇને, સર્પના બીલ પર ઊભા રહીને, સ્મશાનભૂમિમાં જઇને ઉપસર્ગોને આમંત્રણ આપીને, આત્માને કસોટી પ્રસંગોમાંથી વિશુધ્ધ રીતે પાર કરે છે. અહીં પણ અમારી કસોટી કરવા માટે જ સર્પ આવ્યો છે. આવી સ્થિતિમાં અમારું કર્તવ્ય છે કે, તેને પણ સત્સંગનો અને જિનવાણી સાંભળવાનો અવસર આપવો. તેના કાર્યમાં અંતરાય રૂપ અમારે ન બનવું. અમારું તો જીવન જ એવા પ્રકારનું છે. બીજા પ્રાણીઓને માટે જેટલાં અમે લાભદાયી બની શકીએ, તેટલે અંશે અમારી સફળતા છે. તમે અમારી ચિંતા ન કરશો, શાસનદેવની કૃપાથી બધું આનંદ આનંદ જ થશે.

શ્રાવકોનું આથી વધુ બીજું શું ચાલી શકે ? મુનિશ્રી પ્રભાવક પુરુષ હતા જ.

તેમને વિશ્વાસ આવ્યો કે, મુનિશ્રીના તપોબળથી સર્પ કોઇનું કાંઇ બગાડી શકશે નહિ.

સાપનું મિલન વધતું રહ્યું. કયારેક તે મુનિશ્રીની પાટ પર ઝેર ઓકી જતો, કયારેક એક ખૂણામાં પોતાની ફેણ ઊંચી કરી શાંત થઇ બેસી જતો. રાતને વખતે તે ઘણીવાર મુનિઓના રજોહરણ સાથે અથડાતો પરંતુ તે જેમ મુનિઓથી નિર્ભય હતો, તેમ સાધુઓ પણ તેનાથી નિર્ભય બન્યા હતા.

સાધુજી સામે ફુંફાડા મારવા અને કયારેક કયારેક પાદપ્રહાર કરવો એ તો જાણે તેનું નિયમિત કાર્ય થઇ ગયું હતું. પરંતુ બંને એકબીજાથી ભયભીત નહોતા. સાધુજી માટે સર્પનો પાદપ્રહાર પોતાના ચરણોમાં માથું ટેકવા સમાન બની ગયો હતો અને સાધુજીના રજોહરણનો સ્પર્શ સાપને માટે આશીર્વાદરૂપ બન્યો હતો.

આ ક્રમ ચાર માસ સુધી બરાબર ચાલતો રહ્યો, ચાતુર્માસ પૂરું થતાં મુનિશ્રીએ અહીંથી વિહાર કરી દીધો, પરંતુ સર્પને કયાં ખબર હતી કે મુનિશ્રી આજે અહીંથી ચાલ્યા જશે અને પોતાને તેમના રજોહરણનો સ્પર્શ હવે નહીં થવા પામે ? રાતભર તે મકાનમાં ચક્કર લગાવતો રહ્યો પરંતુ કયાંય પણ મુનિશ્રીના રજોહરણનો સ્પર્શ તેને મળી શકયો નહીં .

એ મુનિ હતા પૂજ્યશ્રી શ્રીલાલજી મહારાજ, જેમની સ્મૃતિ આજે પણ બુઝર્ગ લોકોને કયારેક કયારેક વિહ્વલ બનાવી દે છે અને તરત જ તેઓ બોલી ઉઠે છે કે, પૂજ્યશ્રી શ્રીલાલજી મહારાજ તો **શ્રીલાલજી** જ હતા !

## (15) આહાર શુધ્ધિ

સવારનો દશ અગ્યાર વાગ્યાનો સમય હતો. એક મુનિ હાથમાં

ઝોળી લઇને ઉભા છે, તેમની ચારે બાજુ આદમી ઘેરી વળ્યા છે. મુનિની સામે એક મુસલમાન ઉભો છે, તે મહારાજ શ્રીને કહે છે કે, શું તું રાજભવનમાં માંસ લેવા જઇ રહ્યો છે ? તારા અનુયાયીઓ પાસેથી તે મળી શકે નહીં, એટલે શું તું રાજમહેલોમાં લેવા જા' શ ?'

મુનિએ કહ્યું, 'નહીં ભાઇ ! અમે તો નિર્દાષ અને સાત્ત્વિક આહાર જ લઇ એ છીએ. અમે માંસ ખાતા નથી, એટલું જ નહીં પરંતુ બીજાને પણ તેનો ત્યાગ કરાવીએ છીએ.'

મુસલમાન ફકીરે કહ્યું, 'એક તો માંસ ખાવું અને વળી ઉપરથી બડાઇ કરવી ? હમણાં જ તું રાજભવનમાંથી માંસ લઇને ચાલ્યો આવે છે અને ખોટું બોલી રહ્યો છે ? બતાવ તારી ઝોળી, શું તેમાં માંસ નથી ?'

મુનિએ કહ્યું, 'ભાઇ ! અમે કદિ જૂઠું બોલતા નથી કે છળકપટ કરતા નથી. અમારે તો કહેવાનું અને કરવાનું એકસરખું જ હોય છે. મારી ઝોળીમાં માંસ નથી, હું તો દાળ-ચોખા લઇને જ આવેલ છું.'

મુસલમાને કહ્યું, 'તું હળાહળ જૂઠું બોલી રહ્યો છે. જો સાચો હો તો ઝોળી ખોલીને કેમ બતાવતો નથી ?'

મહારાજે ઝોળી ખોલી નાંખી, તો તેમાંથી ખરેખર માંસ ભરેલું પાત્ર જોવામાં આવ્યું. આ જોઇને મહારાજ ધ્રુજી ઉઠ્યા. તે વિચારવા લાગ્યા, 'મેં તો રાજમહેલમાંથી નિર્દોષ અને સાત્ત્વિક આહાર, દાળ ભાત જ વ્હોર્યા હતા; તે માંસ કેવી રીતે બની ગયા ?'

મુસલમાને વાત આગળ ચલાવી, 'જોયું આ તારો સાત્ત્વિક આહાર ! લાવેલ છે માંસ અને વાત કરે છે દાળ ભાતની ? હાજર રહેલ મેદનીની શ્રધ્ધા ડગી ગઇ. તેટલામાં એક બીજા મુનિ ત્યાં આવી પહોંચ્યા. પહેલા મુનિએ તેમને બધી વાત કહી.

બીજા મુનિ તપસ્વી સંત હતા. તેમણે પાત્રા પર ફરી કપડું ઢાંકી દીધું અને કહ્યું, આપ લોકોના નેત્રોમાં વિષમતા આવી ગઇ છે અને તેથી જ શુધ્ધ આહાર પણ આપને અશુધ્ધ દેખાયો છે. જુઓ, આ પાત્રમાં દાળ ભાત જ છે. એમ કહીને મહારાજે પાત્ર પરથી વસ્ત્ર દૂર કર્યું તો તે પાત્રમાં દાળ ભાત જ જોવામાં આવ્યા. લોકોમાં શ્રધ્ધા દઢ બની ગઇ. લોકોએ તે મુસલમાન તરફ નજર કરી તો તે ધરતીમાં ઘુંટણ સુધી ખુંચી ગયેલો જોવામાં આવ્યો. મુસલમાને લોકો સમક્ષ મુનિની ક્ષમા માગી અને કહ્યું, 'ભાઇઓ ! મુનિના પાત્રમાં ખરેખર દાળ ભાત જ હતા, પરંતુ મેં મારા મંત્રના પ્રભાવથી તેનું માંસ બનાવી દીધું હતું. આ મેં ભયંકર ભૂલ કરી છે અને તેનું ફળ મને મળી ગયું છે.'

મુનિએ તે મુસલમાન પ્રતિ પણ પ્રેમભરી નજર કરી. મુનિની દષ્ટિ પડતાં જ તે પાછો જમીનમાંથી બહાર આવ્યો. તેના બંને હાથ મુનિને નમસ્કાર કરી રહ્યા હતા.

આ મુનિનું નામ પં. બાલકૃષ્ણજી મહારાજ હતું. તેઓ તે સમયે મોરબીમાં ધર્મપ્રચાર કરી રહ્યાં હતાં. તેમના પ્રભાવથી પ્રભાવિત થઇને રાજકુમાર ગુલાબસિંહજીએ તેમની પાસે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી. તેઓ મુનિ ગુલાબચંદજીના નામથી જાણીતા છે.

## (16) પૂજ્ય શ્રી હુકમીચંદજી મહારાજ

વિક્રમ સં. 1879 માં પૂજ્યશ્રી હુકમીચંદજી મહારાજે શ્રી લાલચંદજી મહારાજ પાસે દીક્ષા ગ્રહણ કરી હતી. દીક્ષા લીધા પછી તુરતમાં જ તેઓએ કઠોર નિયમ ધારણ કર્યા હતા. મિઠાઇ, તળેલા પદાર્થો તો તેઓ ખાતા જ નહીં. એકવીસ વર્ષ સુધી સતત તેઓએ બે બે ઉપવાસે પારણા કર્યા અને ઓઢવા માટે માત્ર એક ચાદર જ પોતાની પાસે રાખી. હંમેશા 2000 ગાથાઓનો તેઓ

સ્વાધ્યાય કરતા હતા. સ્વાસ્થ્ય ખરાબ થઇ જાય તો આહાર પાણીનો તેઓ ત્યાગ કરી દેતા, પરંતુ શાસ્ત્ર સ્વાધ્યાય તો કદી ચૂક્તા જ નહીં. આ જ કારણે તેઓએ શાસ્ત્રો પર પૂર્ણ કાબુ પ્રાપ્ત કર્યો હતો. કઠોર અને ઉચ્ચ સંયમશીલ જીવનને કારણે તેમના જીવનમાં ઘણા ચમત્કારો પણ બનવા પામ્યા હતા.

એક વાર રામપુરા (મ. ભારત) માં ખરાબ હવાને કારણે રોગચાળો ફાટી નીકળ્યો. કેટલાંય કુટુંબો તેમાં તારાજ થવા લાગ્યા. લોકોએ મહારાજશ્રીને ત્યાં પધારવાની અને ધર્મધ્યાન સંભળાવવાની વિનંતિ કરી. સાંસારિક દુ:ખોથી ભયમુક્ત કરવાનો અને લોકોમાં ધાર્મિક શ્રધ્ધા વધારવાનો સંતોનો સહજ સ્વભાવ હોય છે. મહારાજશ્રીએ તે જ વખતે રામપુરા તરફ વિહાર કર્યો. જેવો તેમણે રામપુરાની ભૂમિમાં  પગ મૂકયો કે તરત જ ત્યાંની હવા સારી થઇ ગઇ. રોગચાળો દૂર થઇ ગયો અને બધાં લોકો સ્વસ્થ બનીને, ધર્મારાધના કરવામાં લાગી ગયા.

તે ગામમાં એક બહેન હતા, તેમનું નામ રાજબાઇ હતું. તે મહારાજશ્રી પાસે દીક્ષા અંગીકાર કરવા ઉત્સુક બની રહી હતી, પરંતુ તેમના કુટુંબીજનો તેને આજ્ઞા આપતા ન હતા, એટલું જ નહીં પણ તેને લોઢાની બેડીથી બાંધી રાખી હતી. પૂજ્યશ્રી ગૌચરી કરવા જતાં, તેમની દષ્ટિ, તે બહેન પર પડી ગઇ. તે જ સમયે જે બેડીથી બહેનને બાંધી રાખવામાં આવેલ તેના ટુકડે ટુકડા થઇ ગયા અને બેડી જમીન પર પડી ગઇ.

એક પ્રસંગ આથી પણ વધુ આશ્ચર્યજનક છે. એક દિવસ સવારમાં જ્યારે તેઓ વ્યાખ્યાન આપી રહ્યાં હતાં ત્યારે તે સમયે આકાશમાંથી રૂપિયાનો વરસાદ શરૂ થયો. કહેવાય છે કે તે રૂપિયાઓ આજે પણ નાથદ્વારામાં કોઇ કોઇ શ્રાવકો પાસે પડેલા છે.

મહારાજશ્રીના આ આદર્શ સંયમના પ્રભાવથી તેમનો સંપ્રદાય ઘણો ફાલ્યો ફૂલ્યો. આગળ ઉપર આ સંપ્રદાય તેમના નામથી જ જાણીતો થયો.

# (17) પૂજ્ય શ્રી ધર્મસિંહજી મહારાજ

તે સમયે યતિવૃત્તિમાં ઘણી શિથિલતા આવી ગઇ હતી. પૂજ્ય ધર્મસિંહજી મહારાજે તે દૂર કરવા માટે પોતાના ગુરુને કહ્યું, ત્યારે ગુરુજીએ કહ્યું, 'આપણાથી આ પ્રવૃત્તિમાં કોઇ સુધારો થઇ શકે તેમ નથી, પરંતુ જો તમે તમારી પ્રવૃત્તિને યથાર્થ રૂપ આપવા ઇચ્છતા હશો તો તેમાં હું બાધારૂપ નહીં બનું; આમ છતાં એક વાત યાદ રાખજો કે તમે ચાહો છો તેટલું આ કાર્ય સરળ નથી. તેમાં પગલે પગલે અપમાન, તિરસ્કાર અને મોતનો ભય સતત રહ્યા કરશે. જો તમે આ દારૂણ કષ્ટોને હસતા હસતા સહી શકશો, તો તમો તેના પર વિજય પ્રાપ્ત કરી શકશો અને દુનિયામાં તમારો જયજયકાર વર્તશે. આટલી ક્ષમતા તમારામાં છે ? પહેલાં તે નક્કી કરી લો.'

ધર્મસિંહજી મહારાજે કહ્યું, 'જો આપના આશીર્વાદ હશે તો મારા ધ્યેયમાં હું જરૂર સફળ થઇશ. આપ મને આજ્ઞા આપો, હું શાસ્ત્રીય શુધ્ધ સંયમનું પાલન કરવા ઇચ્છું છું.'

ગુરુજીએ આજ્ઞા આપી, પરંતુ જતી વખતે તેમણે ધર્મસિંહજીને કહ્યું, 'આજની રાત આ દરિયાખાન પીરના દેવળમાં વ્યતિત કરો અને બીજે દિવસે મારી આજ્ઞા લઇને ખુશીથી આગળ વધજો.'

ગુરુની આજ્ઞા મળતાં જ ધર્મસિંહજી સીધા દરિયાખાન પીરના દેવળ પર ગયા અને મોલવીઓની આજ્ઞા માગીને રાત્રિના તેઓ ત્યાં રહ્યા. મુસલમાનોએ તેમને ખૂબ સમજાવ્યા કે, 'મહારાજ, અહીં કોઇ રાત રહી શકતું નથી, જે રહે છે તેનું મૃત્યુ જ થાય છે. આપ શા માટે નકામા મરવા તૈયાર થાવ છો ?'

ધર્મસિંહજીને ગુરુની આજ્ઞા હતી એટલે તે તો ત્યાં રાત્રિ રહ્યા જ.

સંધ્યા થતાં જ તેઓ ધ્યાન અને સ્વાધ્યાયમાં લીન થઇ ગયા. એક પહોર રાત્રિ પસાર થઇ ત્યાં દરિયાખાન પીર પોતાની કબર પર આવ્યો. તેમણે જોયું

કે એક સાધુ સ્વાધ્યાય કરી રહેલ છે. શાસ્ત્રની વાણી સાંભળતાં જ તેમનું ક્રૂર મન બદલાય ગયું. તે નમ્ર બનીને ધર્મસિંહજીની સેવા કરવા લાગી ગયો. ધર્મસિંહજી મહારાજે તેમને દયા ધર્મનો ઉપદેશ આપ્યો અને પરિણામે પીરે કોઇને પણ ન મારવાની પ્રતિજ્ઞા લીધી.

સવાર થયું ત્યારે લોકોએ ધર્મસિંહજી મહારાજને જીવતા જોયા. સૌ કોઇના આશ્ચર્યનો પાર રહ્યો નહીં. ગુરુજીને જ્યારે બધી વાતની ખબર પડી ત્યારે તે ઘણા ખુશ થયા. તેમણે સુખપૂર્વક આગળ વધવાની આજ્ઞા આપી.

ધર્મસિંહજીએ શુધ્ધ સાધુ વૃત્તિ ધારણ કરી અને દરિયાખાનના દરવાજા પર પોતાનો પ્રથમ નિવાસ કર્યો. આ ચમત્કારને કારણે આ સંપ્રદાયનું નામ જ દરિયાપુરી સંપ્રદાય પડી ગયું. પૂજ્ય ધર્મસિંહજી ઘણા પ્રભાવિત અને વિદ્વાન સંત હતા. તે પોતાના બંને હાથે લખી શક્તા હતા. તેઓએ 21 સૂત્રો પર જે ટબ્બા લખ્યા છે તે આજે પણ પ્રમાણિત મનાય છે.

## (18) મુનિ શ્રી નેતસિંહજી મહારાજ

મુનિશ્રી નેતસિંહજી મહારાજે ભજ્જૂમલજી મહારાજના સંપ્રદાયમાં દીક્ષા ધારણ કરી હતી. તેમનો નિયમ હતો. વિહારમાં આવતા દરેક ગામમાં ચરણ સ્પર્શ કરવો. એક દિવસ તેમને વિહાર કરતાં કંજર્ડા (મ.ભારત) પાસે જ એક વૃક્ષ નીચે રાત્રિ વ્યતિત કરવી પડી. ઠંડીની મોસમ હતી અને તેઓ તો ઓઢવા માત્ર એક જ ચાદર રાખતા હતા. બબ્બે ઉપવાસે પારણા કરવાનો તેમને નિયમ હતો, રાત્રિની અત્યંત ઠંડીને કારણે તેઓ બેભાન થઇ ગયા હતા. જ્યારે સવારે સૂર્ય ઉગ્યો ત્યારે તેઓ કંઇક સ્વસ્થ બન્યા. સ્વસ્થ થતાં જ તેમણે વિહાર કર્યો. તેમની આ આદર્શ ચર્યા જોઇને એક દેવ તેમના પર મુગ્ધ થઇ ગયો અને હંમેશાં તેમની પાસે જ રહેવા લાગ્યો.

ત્યાંથી વિહાર કરીને તેઓ જાવદ આવ્યા. જાવદમાં કેટલાંક ભાઇઓ વહેલી સવારમાં સ્થાનકમાં સામાયિક કરવા આવતા હતા. આજે પણ તેઓ આવ્યા તો સ્થાનકના દ્વાર પર એક સિંહ બેઠેલો જોયો. સિંહને જોતાં જ તેઓ ભયભીત બનીને જતા રહ્યા. આ સિંહ તો દેવ જ હતો. સવારમાં જ્યારે તે ભાઇ ફરી આવ્યા ત્યારે મુનિશ્રીએ પૂછયું, ‘કેમ આજે તમે સામાયિક કરી નહીં ?’ ઉત્તરમાં તેમણે સિંહની વાત કરી. મુનિશ્રીએ મનમાં વિચાર્યું કે કોઇ દેવ આવેલ હશે.

ત્યાંથી તેઓ રતલામ ગયા. રાત્રીમાં જ્યારે તેઓ બહાર નીકળ્યા ત્યારે એક સફેદ વસ્ત્રધારી મનુષ્યને બેઠેલ તેઓએ જોયો. આટલી મોડી રાત સુધી અહીં કોણ બેઠું છે ? પૂછતાં માલૂમ પડયું કે તે મનુષ્ય નહીં, પણ દેવ હતા. તે જાણીને મુનિએ પૂછયું, ‘મારી ઉમર કેટલી બાકી છે ? તે તો મને કહો, એટલે મને સંથારો કરવાની ખબર પડે.’ દેવે કહ્યું, **‘જ્યારે આપને ઉલટી થાય ત્યારે આપે સમજી લેવું કે સમય નજીક આવી ગયો છે.’**

બીજે દિવસે તેઓએ સૈલાના બાજુ વિહાર કર્યો. જતાં રસ્તામાં જ તેમને ઉલટી થઇ. તે જ વખતે તેઓએ આજીવન સંથારો કરી લીધો અને સૈલાના તથા પૂન્યાખેડી વચ્ચે ભૈણોરી માતાના ગીચ જંગલમાં ચાલ્યા ગયા. ત્યાં એક સિંહની ગુફામાં તેઓ ત્રણ દિવસ રહ્યા. તે દેવ સિંહ બનીને કંદરાના દ્વાર પર બેસી ગયા. તેથી કંદરાનો સિંહ બહાર નીકળી શકયો નહિ. મુનિશ્રી ઇચ્છતા હતા કે કંદરાનો સિંહ તેમના વડે પોતાની ભૂખ શાંત કરે, પણ તે સિંહ બહાર કયાંથી નીકળી શકે ? દેવ સિંહ દ્વાર પર જ બેઠાં રહેતા હતા. પોતાનો મનોરથ પૂર્ણ નહિ થતાં, તેઓ ત્યાંથી ચાલી નીકળ્યા અને રસ્તામાં રાત પડતાં રતલામ તથા સૈલાનાના માર્ગમાં એક ઝાડ નીચે સૂઇ ગયા. રાત્રીમાં કેટલાંક માલ ભરેલા ગાડાઓ ત્યાંથી નીકળ્યા. ગાડીવાળા સૂતા હતા. રાત્રી અંધારી હતી. તેમાંથી એક ગાડીનું એક પૈડું મુનિના ગરદન પાસે અને બીજાું પગ પાસે આવીને અટકી ગયું. ગાડી ચાલતી અટકી ગઇ. ગાડીવાન નીચે ઉતર્યો અને તપાસ કરી તો મુહપત્તિ પહેરેલ એક

મુનિને સૂતેલા જોયા. ગાડીવાળાએ કહ્યું, ‘આ શું સૂવાનું સ્થળ છે ? પણ ઉત્તર કોણ આપે ? મુનિનો આત્મા તો કયારનો જતો રહ્યો હતો. ત્યાં તો માત્ર શરીર પડયું હતું. ગાડીવાળાએ ભેગા થઇને તેમને ઉપાડયા અને એક બાજુ તેમને મૂકી દીધા.

સવાર થતાં રતલામમાં બધે ખબર પડી ગઇ. કેટલાંક ભાઇઓ ખબર કાઢવા ગયા તો મહારાજશ્રીના મસ્તક પાસે અને પગ પાસે બે સિંહ બેઠેલા હતા. આવનાર ભાઇઓના હાથ પગ પાણી પાણી થઇ ગયા. ભાગીને તેઓ દૂરના ઝાડ પર ચડી ગયા. ત્યાંથી જુએ તો ત્યાં સિંહ અદશ્ય થઇ ગયા હતાં, થોડા વખતમાં તો ત્યાં લોકોની જમાવટ થઇ ગઇ. રતલામ, સૈલાના, ખાચરોદ અને જાવરાના સેંકડો ભાઇઓ પહોંચી ગયા હતા. બધાંએ મળીને મુનિશ્રીના અગ્નિ સંસ્કાર કર્યા. જે સ્થળે તેમનો અગ્નિ સંસ્કાર થયો તે સ્થળ આજે પણ યાદગીરીનું સ્થળ બની ગયું છે.

## (19) પૂજ્ય શ્રી રામચંદ્રજી મહારાજ

પૂજ્ય ધર્મદાસજી મહારાજની બીજી પાટે પૂજ્ય રામચંદ્રજી મહારાજ આવ્યા હતા. દીક્ષા અંગીકાર કર્યા પહેલાં તેઓશ્રી ધારાનગરીના રાજગુંસાઇ હતા. તેઓ સંસ્કૃત તથા વેદોના સારા વિદ્વાન હતાં. એક વખત તેઓ હાથી ઉપર બેસીને નગરનું નિરીક્ષણ કરી રહ્યાં હતાં. એટલામાં તેમણે એક હૃદયસ્પર્શી અવાજ સાંભળ્યો. તે અણમોલ અવાજ હતો પૂજ્યશ્રી ધર્મદાસજી મહારાજનો ! તેઓશ્રી ધારાનગરીના સ્ત્રી પુરુષોને ઉપદેશ આપી રહ્યાં હતાં. બસ, આ ઉપદેશ સાંભળતાં જ તેમનું જીવન રાજસી ભોગોથી વિમુક્ત બની ત્યાગમય બની ગયું.

તેમણે પોતાના ગુરુને જૈન સાધુ બનવાની પોતાની ઇચ્છા પ્રદર્શિત કરી અને સ્વીકૃતિ માગી. ગુરુએ તેમને ખૂબ સમજાવ્યા, પરંતુ તેમણે પોતાના નમ્ર

સ્વભાવથી ગુરુને એટલા વિવશ બનાવી દીધા કે તેઓ પોતે તેમને લઇને પૂજ્ય ધર્મદાસજી મહારાજ પાસે શિષ્ય રૂપ ભિક્ષા દેવા માટે આવ્યા. જૈન સાધુ બન્યા પછી પૂજ્ય રામચંદ્રજી મહારાજે શાસ્ત્રોનું ગહન અધ્યયન કર્યું. વિદ્વતા માટે તેમનું નામ પ્રસિધ્ધ તો હતું જ , તેમાં અભિવૃધ્ધિ થઇ.

તેઓશ્રી વિહાર કરતાં કરતાં એક વાર ઉજ્જૈન પધાર્યા. તે વખતે પેશ્વા નરેશની માતાને કેટલાંક શ્લોકોના ગુઢાર્થ સમજમાં આવતા ન હતા. તેમણે મહારાજશ્રીની વિદ્વતાની પ્રશંસા સાંભળી અને એક દિવસ તેમના દર્શનાર્થે ગયા અને પોતાના શ્લોકોના અર્થ મહારાજશ્રીને પૂછયા.

પૂજ્ય રામચંદ્રજી મહારાજે જે રીતે શ્લોકોના અર્થ બતાવ્યા તેનાથી રાજમાતા અત્યંત પ્રસન્ન થયા અને બદલામાં ગમે તેટલું ઇનામ માગી લેવા કહ્યું. મુનિશ્રીએ શાંત ભાવથી ઉત્તર આપ્યો કે અમે તો કંચન અને કામિનીના યાવજ્જીવન ત્યાગી છીએ તેથી અમારે દ્રવ્ય કે ભોગવિલાસની સામગ્રીનો કાંઇ જ ઉપયોગ નથી. છતાં તમે જો પરોપકાર કરવાની ભાવના ધરાવતા હો તો રાજ્યમાં જે કેદીઓ છે તેમને મુક્ત કરાવી જીવનદાન આપી શકો છો.

મહારાજા પેશ્વાની પોતાની માતા પ્રત્યે અપૂર્વ ભક્તિ હતી. તેથી તેમણે પોતાની માતાની આજ્ઞાનુસાર રાજ્યના સર્વે કેદીઓને છોડી મૂકયા. કેદીઓએ મહારાજશ્રીના ખૂબ ગુણગાન કર્યા, તેથી જૈન ધર્મની પ્રતિષ્ઠામાં ઘણો વધારો થયો.

પૂજ્ય રામચંદ્ર મહારાજની પ્રતિષ્ઠા અને યશ સર્વત્ર ફેલાવા લાગ્યા. તેથી બ્રાહ્મણો ઇર્ષા કરવા લાગ્યા અને તેમણે સમય જોઇને ગ્વાલિયરના સિંધિયા નરેશ પાસે જઇને ફરિયાદ કરી કે આપના શહેરમાં હમણાં એક એવા જૈન સાધુ આવ્યા છે કે જે ધારા રાજાના મઠાધીશને છેતરીને સાધુ બન્યા છે અને હવે સનાતન ધર્મનો વિરોધ કરીને મહાદેવ અને ગંગા માતાની પૂજાની અવહેલના કરે છે. સિંધિયા નરેશ અનુકૂળ સમયે પૂજ્ય રામચંદ્રજી મહારાજ પાસે આવ્યા અને તેમને પૂછયું કે શું તમે ગંગા માતા અને મહાદેવને માનતા નથી ?

મુનિશ્રીએ ઉત્તર આપ્યો કે :-

**रागद्वेष महामल्लो, दुर्जितौ येन निर्जितौ,**
**महादेवस्तु तं मन्ये, शैषा वै नाम धारकाः**
**महाक्रोधो महामानो, महामाया महामद।**
**महालोभो हतो येनो, महादेवः स उच्यते ।।**

ગંગા માતાનું અમે બહુમાન કરીએ છીએ. આપ જ કહો કે તેમાં મળ-મૂત્ર નાંખવા, હાથ-પગ ધોવા અને ગંદકી કરવી તે શું માતાનું અપમાન નથી ? આ સાંભળીને રાજા પણ ઘણા પ્રસન્ન થયા અને બ્રાહ્મણોને શરમાવું પડયું.

# (20) પૂજ્ય શ્રી માનમલજી મહારાજના થોડાક જીવનપ્રસંગો

## ભૈરૂજીના દર્શન

પૂજ્ય નરસીંહદાસજી મહારાજની પાટે પૂજ્ય માનમલજી મહારાજ પ્રતિષ્ઠિત થયા હતા. તેઓ ઘણા પ્રભાવક અને તપસ્વી સંત હતા. તપોબળથી તેમને ઘણી લબ્ધિઓ પ્રાપ્ત થઇ હતી. કહેવાય છે કે એક દેવી અને બે ભૈરૂ હંમેશાં તેમની સેવામાં રહેતા હતા.

એક દિવસ વિહાર કરતાં કરતાં તેઓ ખેડી ગામમાં પધાર્યા. આ ગામ ખમનોર, ઉદયપુરની પાસે છે. ત્યાં તેઓશ્રી એક દેવાલયમાં ઉતર્યા. જે ભેરૂજીનું દેરૂં કહેવાતું હતું. એટલામાં ત્યાં ગામના થોડાક માણસો આવ્યા અને મહારાજશ્રીને દેવાલયમાં ઉતરેલા જોઇ બોલ્યા,'તમે અહીં કેમ ઉતર્યા છો ? તમે સાધુઓ ઘણા ગંદા રહો છો. અમારા દેવાલયને પણ તમે ગંદુ કરી દીધું.'

મુનિશ્રીએ કહ્યું, ભાઇ ! તમારા દેવ અહીં કયાં છે ? પેલી તરફ જુઓ. તે તો બહાર ઉભેલ છે. માણસોએ તે તરફ જોયું તો ભૈરૂજી મહારાજશ્રી સામે હાથ જોડીને સામે ઉભેલા જોયા. આ જોઇને માણસો આશ્ચર્ય પામ્યા, મુનિશ્રીના પગમાં પડયાં અને પોતાના અપરાધની ક્ષમા માગવા લાગ્યા.

## ઉદયપુર મહારાણાનું આગમન

મહારાજશ્રીની પ્રતિષ્ઠા વધતી જતી હતી. તે વિધર્મીઓથી સહન ન થઇ શકી. સમય જોઇને તેઓએ એક દિવસ મેવાડના મહારાણા સ્વરૂપસિંહજીને કહ્યું, હજુર ! જૈન સાધુ માનજી ઢુંઢીયા ઘણા ચમત્કારી છે. કોઈવાર તેઓ આપને પણ તકલીફમાં મૂકી દેશે.

આ સાંભળી મહારાણાએ આજ્ઞા આપી કે આજથી મારા રાજ્યમાં કોઇ પણ જૈન સાધુ રહેવો ન જોઇએ. જ્યાં કયાંય કોઇ પણ જૈન સાધુ હોય ત્યાંથી તેણે તુરત બહાર ચાલ્યુ જવું. આ હુકમથી સર્વત્ર ઉહાપોહ થઇ ગયો. પૂજ્ય માનમલજી મહારાજ ઉદયપુરની પાસે નજદિકમાં જ બિરાજતાં હતાં. થોડાં માણસો તેમની પાસે ગયા અને મહારાણાનો હુકમ કહી સંભળાવ્યો.

પૂજ્યશ્રીએ કહ્યું, ગભરાવાની જરૂર નથી. મહારાણા સ્વયં પોતાનો હુકમ પાછો ખેંચી લેશે. પૂજ્યશ્રી ત્યાંથી વિહાર કરી દેવારી પધાર્યા. આ ગામ ઉદયપુરથી છ માઇલ દૂર છે. બીજી બાજુ મહારાણાના મહેલમાં એવો ચમત્કાર થયો કે જ્યાં નજર નાંખે ત્યાં તેમને સાધુ જ નજરે પડવા લાગ્યા. આ ચમત્કાર જોઇને મહારાણા પોતે છ માઇલ પગે ચાલીને દેવારી આવ્યા અને પૂજ્યશ્રીને સન્માનપૂર્વક ઉદયપુર લઇ ગયા.

ત્યારથી ઉદયપુરના મહારાણા જૈન સાધુઓના પૂરા ભક્ત બની ગયા. અત્યારે પણ ઉદયપુરમાં જ્યારે જૈન દીક્ષા થાય છે ત્યારે પહેલી ચાદર મહારાણા તરફથી આવે છે. પૂજ્યશ્રી ઉદયપુરમાં જે પાટ ઉપર બિરાજતા હતા તે પાટ આજે પણ ઉદયપુર મહેલોમાં સુરક્ષિત રાખેલી છે.

## ખેતરમાં હીમ પડશે નહીં

એક વાર પૂજ્યશ્રી કદમાર ગામથી વિહાર કરી ઉદયપુર જતાં હતાં. જ્યારે તેઓ ગામની બહાર આવ્યા ત્યારે એક ખેતર ઉપર તેમની દૃષ્ટિ પડી. તેમાં શેરડી વાવી રાખી હતી. પૂજ્યશ્રીએ સાથે આવેલ ભાઇને પૂછયું, આ શેરડી આવી કેમ થઇ ગઇ છે ? તેણે ઉત્તર આપ્યો, રાત્રે હીમ પડવાથી એ બળી ગયેલ છે. પૂજ્યશ્રીએ પૂછયું, આ કોનું ખેતર છે ? તે વ્યક્તિએ જવાબ આપ્યો, મહારાજ ! આ ખેતર મારું જ કહેવાય છે.

મુનિશ્રીના મુખમાંથી શબ્દો નીકળી પડયા કે હવેથી કદી તેમાં હીમ નહીં પડે. કહેવાય છે કે આજે પણ આસપાસના ખેતરોમાં હીમ પડે છે, પરંતુ તે ખેતરમાં કદી પણ પડતું નથી. આ ખેતર ગામના માણસોને આજે પણ મુનિશ્રીની યાદ દેવડાવે છે.

## શ્રીજીના દર્શન

નાથદ્વારા વૈષ્ણવોનું પ્રસિધ્ધ તીર્થસ્થાન છે. શ્રીજીમહારાજનું અહીં પ્રસિધ્ધ મંદિર છે. જ્યાં દરરોજ સેંકડો રૂપિયાનો ભોગ ચઢે છે અને સેંકડો યાત્રીઓ આવે છે. જ્યારે પૂજ્યશ્રી માનમલજી મહારાજ અહીં પધાર્યા ત્યારે મંદિરના મુખિયા વગેરે બધાં દર્શન કરવા આવ્યા. વાતચીત થતાં મુખિયાજીએ પૂજ્યશ્રીને કહ્યું, મહારાજ ! જે કાંઇ થાય છે તે શ્રીજીમહારાજની ઇચ્છાથી જ થાય છે. તેમની આજ્ઞા વિના ઝાડનું એક પાંદડું પણ હાલી શક્તું નથી.

પૂજ્યશ્રીએ ઉત્તર આપ્યો, ભાઇ ! ભગવાન ભક્તને આધીન હોય છે. જેવું કરશો તેવું પામશો. ભગવાનને વચ્ચે શા માટે લાવો છો ? પરંતુ તેમણે મહારાજશ્રીની વાત ન માની અને પોતાની વાત ઉપર સ્થિર રહ્યાં. એટલામાં તેમને પૂજ્યશ્રીની પાસે જ શ્રીજીની મૂર્તિ દેખાવા લાગી. તે જોઇને બધાં ચુપ થઇ ગયા અને પૂજ્યશ્રીને નમસ્કાર કરીને બહાર ચાલ્યા ગયા.

સંવત 1942 માં મહારાજશ્રીનો સ્વર્ગવાસ પણ નાથદ્વારામાં જ થયો. નાથદ્વારાના માણસો આજે પણ કહે છે કે જ્યારે મહારાજશ્રીના શરીરને અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો ત્યારે તેમની ઓઢવાની ચાદર અને મુહપત્તિ બળી ન હતી.

## (21) અભિગ્રહ સિધ્ધિ

જૈન ધર્મના કેટલાંક એવા મહાન તપસ્વી મુનિરાજો થઇ ગયા છે કે જેમનું વર્ણન સાંભળતાં આશ્ચર્ય થયા વિના રહેતું નથી અને હૃદય સહસા તેમની પ્રત્યે ઝૂકી પડે છે. આવા મહાન તપસ્વી મુનિઓમાં મુનિશ્રી વેણીચંદજી મહારાજ પણ હતાં. તેઓશ્રીએ 23 વર્ષ સુધી કેવળ છાશને આધારે જ પોતાનું જીવન વ્યતીત કર્યું હતું.

તેઓશ્રીએ પોતાના જીવનમાં કેટલાંય કઠણ અભિગ્રહો ધારણ કર્યા હતાં. એક વાર તેઓએ જીવનની બાજી લગાવી એવો નિશ્ચય કર્યો કે, જ્યાં સુધી બનેડા (મેવાડ) નરેશ પોતાના કુટુંબ સહિત આવીને મને એમ ન કહે કે ''બેસ, ઢુંઢિયા બેસ, નહીં તો બહાર કાઢી મૂકીશ'' ત્યાં સુધી રાત અને દિવસ હું ઊભો રહીને તપસ્યા કરતો રહીશ.

આ પ્રતિજ્ઞાને લખીને તેઓશ્રીએ પોતાના ઓઢવાની પછેડીના છેડે બાંધી દીધી અને બનેડા ગામમાં લગભગ દોઢ મહિના સુધી રાત દિવસ ઊભા રહ્યાં. અંતે એક દિવસે તેમની એ પ્રતિજ્ઞા પૂર્ણ થઈ. બનેડા નરેશ સહકુટુંબ મુનિશ્રી પાસે આવ્યા અને તે જ શબ્દો તેમણે પોતાના મોઢાથી કાઢયા કે, **બેસ ઢુંઢીયા ! બેસ, નહિ તો બહાર કાઢી મૂકીશ.**

મુનિશ્રીએ પોતાના અભિગ્રહનો પત્ર પછેડીએથી ખોલી તેમની સામે રાખ્યો. આ જાણી બધાંને ઘણું જ આશ્ચર્ય થયું. બનેડા નરેશે તેમની પુણ્ય

સ્મૃતિમાં ચતુર્દશીના દિવસે શિકાર નહીં ખેલવાનો નિયમ લીધો, તે નિયમનું પાલન આજે પણ પરંપરાથી કરવામાં આવે છે.

## (22) સાંઢે ગોળ વહોરાવ્યો

આ ઘટના ઉદયપુરમાં બની હતી. મુનિશ્રી રોડીદાસજી મહારાજને 31 મો ઉપવાસ હતો. તેઓશ્રી અભિગ્રહધારી અને તપસ્વી મુનિરાજ હતા. વર્ષમાં બે માસખમણ અને પ્રત્યેક મહિને બે અઠાઈઓ કરતા હતા. યાવજ્જીવન છઠ્ઠ છઠ્ઠના પારણા કરવાનો નિયમ તો તેમને હતો જ. આ પ્રમાણે એક વર્ષમાં તેઓશ્રી 104 દિવસ જ આહાર કરતાં હતાં અને બાકીના 256 દિવસ ઉપવાસ કરતાં હતાં. તેઓશ્રી કેટલાં ઉગ્ર તપસ્વી મુનિ હતાં !

ઉદયપુરમાં તેમણે બે અભિગ્રહ કર્યા હતા. તેમાંનો એક અભિગ્રહ એવો હતો કે મહારાણાનો હાથી મને આહાર આપે તો જ હું અન્ન ગ્રહણ કરીશ, નહિતર 60 દિવસ સુધી નિરાહાર જ રહીશ. તેઓશ્રીનો આ અભિગ્રહ 45 મા દિવસે પૂરો થયો હતો.

બીજો અભિગ્રહ ચાલતો હતો. તેનો ઉપર કહ્યાં પ્રમાણે 31 મો દિવસ હતો. મુનિશ્રી હાથમાં ઝોળી લઈ ગૌચરી માટે ફરતા હતા.

બીજી બાજુ ધાનમંડીમાં બે સાંઢ પરસ્પર લડતા હતા. કલાકો વીતી ગયા છતાં બંનેમાંથી કોઈ પણ સાંઢ પોતાની હાર માની ભાગી જવા તૈયાર ન હતો. સાંઢની લડાઈ ઘણી ભયંકર હોય છે. જ્યારે બરાબર ટક્કર લે છે, ત્યારે બેમાંથી એકની તો ઘણી ખરાબ હાલત થઈ જાય છે. ચારેય બાજુ દુકાનો ઉપર ભીડ જામી હતી.

ત્યાં ભેળા થયેલા માણસો કહેવા લાગ્યા, હવે આ સાંઢો છૂટા નહીં પડે.

તે બેમાંથી એકને ગોળી મારી દેવી જોઈએ. માણસો પરસ્પર વાતો કરી રહ્યાં હતાં અને બંને સાંઢ પોતાની બધી શક્તિ ભેળી કરીને એકબીજાને હરાવતા, ખૂબ જોરથી લડતા હતા. બંને થાકી ગયા હતા પરંતુ કોઈપણ પાછો હઠતો ન હતો.

બસ, તે જ વખતે મુનિશ્રી રોડીદાસજી મહારાજ સામેથી આવતા હતા. તેમની દ્રષ્ટિ નીચે જમીન તરફ હતી અને તેમના કદમો ધીરા પડતા હતા. નિરાહાર રહેતાં આજે એક માસ પૂર્ણ થઈ ચૂકયો હતો. માણસોએ તેમને આગળ ન જવા વિનંતિ કરી, પરંતુ મહારાજશ્રી તો તે તરફ આગળ ચાલવા જ માંડયા.

સાંઢોએ મુનિશ્રી આવતા જોયા તો બંને લડતા બંધ થઈ ગયા અને શાંત ભાવથી ઊભા રહી ગયા. તેમાંનો એક સાંઢ દુકાન તરફ આગળ વધ્યો. તે દુકાને ગોળનો ઢગલો પડયો હતો. તેણે ગોળના એક ભીલામાં પોતાનું શીંગડું ભરાવ્યું અને થોડો ગોળ ઉપાડી લીધો. ધીરે - ધીરે તે મુનિની સામે આવ્યો અને પોતાની ગર્દન નીચી નમાવીને ઉભો રહી ગયો.

મુનિશ્રી પોતાનો અભિગ્રહ પૂરો થતો જોઈને પોતાની ઝોળીમાંથી પાતરૂં કાઢયું અને સામે ધર્યું. સાંઢે પોતાના શીંગડામાં ચોટેલો ગોળ મુનિશ્રીના પાતરામાં નાંખી દીધો. ત્યાં ભેળા થયેલા માણસો મુનિશ્રી તથા સાંઢને ઘેરીને ઉભા રહ્યા. મુનિશ્રીએ તે વખતે એક કાગળ કાઢીને માણસોની સામે રાખ્યો. તેમ લખ્યું હતું કે,

**મને જો સાંઢ વહોરાવશે તો પારણું કરીશ, નહિતર યાવજ્જીવન નિરાહાર રહીશ.**

મુનિશ્રી પોતાના સ્થાને પાછા પધાર્યા. તે સાંઢ પણ મુનિશ્રીના ગયા પછી પોતાના સાથીની તરફ જવા લાગ્યો. માણસોએ જોયું કે જે સાંઢે અત્યાર સુધી ભયંકર રીતે લડી રહ્યા હતા તેઓ હવે એકબીજાને પોતાની જીભથી ચાટતા હતા. તેમનું વેર હવે મૈત્રીમાં પરિણત થઈ ગયું હતું.

# (23) મહાપ્રભાવક શ્રી અજરામરજી સ્વામી

સૌરાષ્ટ્રના લીંબડી સંપ્રદાયમાં શ્રી અજરામરજી સ્વામી મહાપ્રભાવશાળી થઈ ગયા છે. તેમનો જન્મ સંવત 1809 મા, દીક્ષા 1819 માં સ્વર્ગવાસ 1869માં થયો હતો. તેઓ સંસ્કૃતના ખૂબ પારગામી, ક્રિયાશીલ, ચારિત્રવાન અને સમયના જાણકાર હતા.

તેઓ લીંબડીમાં વૃદ્ધાવસ્થાને કારણે સ્થિરવાસ હતા. તે વખતે એકવાર અમદાવાદથી પાલીતાણા જવા માટે એક સંઘ નીકળેલો. તે સંઘમાં 300 વિદ્વાન અને શક્તિશાળી યતિઓ પણ હતા. સંઘ ફરતો ફરતો લીંબડીના પાદરમાં આવ્યો. લીંબડીમાં સંઘે મુકામ કર્યો.

તે વખતે તે યતિઓને કોઈએ સમાચાર આપ્યા કે, આ ગામમાં સ્થા. જૈન સંપ્રદાયના સાધુ **અજરામરજી** બિરાજે છે. તેઓ ઘણા શાસ્ત્રોના જ્ઞાતા અને સંસ્કૃત ભાષાના પ્રકાંડ વિદ્વાન છે.

જ્ઞાનમદવાળા યતિઓ બોલ્યા કે સ્થાનકવાસીના સાધુઓમાં તે વિદ્વત્તા શી ? એમ કહી તેઓ તેમની મજાક ઉડાવવા, પૂજ્ય શ્રી અજરામરજી સ્વામી પાસે આવ્યા.

પૂજ્યશ્રી યતિઓના આગમનનું કારણ જાણી ગયા અને તરત જ તેમની સાથે વિદ્વત્તાભરી સંસ્કૃત ભાષામાં વાર્તાલાપ શરૂ કર્યો. ન્યાય શાસ્ત્રની પંક્તિઓ ઉપર સંસ્કૃતમાં કરાતાં પૂજ્યશ્રીના આ વક્તવ્યની યતિઓ ઉપર ઊંડી છાપ પડી. અંતે તેઓ પૂજ્યશ્રીના જ્ઞાન ઉપર મુગ્ધ બની તેમની પ્રશંસા કરી ત્યાંથી ચાલ્યા ગયા.

એકવાર પૂજ્યશ્રી પોતાના શિષ્યો સાથે વિહાર કરીને ચોરવીરા ગામે જઈ રહ્યા હતા. રસ્તામાં ગીચ ઝાડી અને જંગલો હોવાના કારણે અનેક જંગલી જાનવરો તે જમાનામાં ફરતા હતા. પૂજ્યશ્રી જ્યારે રસ્તામાં આગળ

વધી રહ્યાં હતાં ત્યાં રસ્તામાં એક સિંહ નીડરતાથી બેઠો હતો.

આગળ ચાલનારા સાધુઓ દૂરથી જ સિંહને જોઈ એકદમ થંભી ગયા. પૂજ્યશ્રી નજીક આવ્યા એટલે શિષ્ય મુનિઓએ કહ્યું, 'ગુરુદેવ રસ્તામાં સિંહ બેઠો છે, આગળ જવાય તેમ નથી માટે આપણે અહીંથી પાછા ફરીએ અને થાનગઢ જઈએ.'

પૂજ્યશ્રીએ બધાંય શિષ્યોને શાંત કર્યા અને કહ્યું, ગભરાવાની જરૂર નથી, પવિત્ર એવા નવકારમંત્રનું સ્મરણ કરો અને મારી પાછળ ચાલ્યા આવો.

ગુરુની વાત સાંભળીને શિષ્યો હિંમતવાન બન્યા અને ગુરુની પાછળ પાછળ ચાલવા લાગ્યા. પૂજ્યશ્રી બરાબર સિંહની બાજુમાંથી જ પસાર થયા, બધાંય શિષ્યોને પસાર કર્યા પરંતુ સિંહ તો ત્યાં ને ત્યાં જ શાંત રીતે બેસી જ રહ્યો.

આ પ્રસંગથી પૂજ્યશ્રીની ધીરજ, નીડરતા અને નવકારમંત્ર પરની અતૂટ શ્રદ્ધા સ્પષ્ટ જણાઈ આવે છે.

એકવાર પૂજ્યશ્રી પોતાના શિષ્યો સાથે માળીયા ( મીયાણાનું ) થી વિહાર કરીને, કચ્છમાં જવા માટે રણ ઉતરી રહ્યાં હતાં. ત્યાં રસ્તામાં તેમને મીયાણાં મળ્યા. તે મીયાણાંઓ તે જમાનામાં લોકોનો માલ લૂંટી ઘરભેગો કરવામાં એક્કા ગણાતા.મીયાણાંઓ પૂજ્યશ્રીને દેખીને એકદમ ઘોડા પરથી નીચે ઉતર્યા અને પૂજ્યશ્રીને કહ્યું, ઉભા રહો, તમારી પાસે કપડાં, વાસણ, પૈસા વગેરે જે કાંઈ હોય તે આપી દ્યો.

પૂજ્યશ્રીએ કહ્યું કે ભાઈ, અમે તો સાધુઓ છીએ, એટલે અમે પાસે પૈસા રાખતા નથી. ખાવા માટેના વાસણો પણ આ લાકડાનાં છે અને વસ્ત્રો પણ અમારી જરૂરિયાત જેટલાં જ રાખીએ છીએ. માટે અમને હેરાન ન કરો.

પણ મીયાણાંએ આ માન્યું નહીં. તેમણે કહ્યું કે તમે પહેરવાનું એક જ કપડું રાખી બાકી બધાં કપડાં આપી દ્યો, નહીં તો માર પડશે. પૂજ્યશ્રીએ

કહ્યું કે ભાઈ, હમણા ઠંડી બહુ પડે છે એટલે ઠંડી માટે જરૂરી વસ્ત્રો તો જોઈએ જ.

આમ કહેવા છતાં પણ મીયાણાંઓએ હઠ જ પકડી અને પૂજ્યશ્રીને બધું યે આપી દેવા દમદાટી વાપરી.

આથી પૂજ્યશ્રીએ વિચાર્યું કે, આ ચોર લોકોને આધીન થવું તેમાં શાસનની હીણપત છે. તેથી તરત જ તેઓ એક બાજુ ઉભા રહ્યા અને પાંચેક મિનીટ ધ્યાન ધરીને હાથ ઉંચા કર્યા, કે તરતજ જેટલાં મીયાણાંઓ આવ્યા હતા તે બધાં આંધળા ભીંત બની ગયા. તેઓ ઘણીયે આંખો ફફડાવવા લાગ્યા, પરંતુ કાંઈ વળ્યું નહીં, કોઈ વસ્તુ તેમને દેખાય જ નહીં.

આથી મીયાણાંઓ મુંઝાયા અને નિશ્ચય કર્યો કે ખરેખર, આ સંતને સતાવ્યાનું જ આ ફળ છે. એમ તેઓ પૂજ્યશ્રીના પગમાં પડયા અને પોતાના દુષ્કૃત્ય બદલ તેમની માફી માગી.

પૂજ્યશ્રીએ હવે પછી કોઈ સંતને નહીં સતાવવાની અને લુંટફાટનો ધંધો નહીં કરવાની પ્રતિજ્ઞા લેવડાવી. મીયાણાંઓ પૂજ્યશ્રીનો આભાર માની પોતાને રસ્તે પડયા.

## (24) દઢસંયમી શ્રી લવજી ઋષિ

સંવત 1692 માં લવજી ઋષિ ક્રિયામાર્ગમાં (શિથિલ) એવા યતિગચ્છમાંથી છૂટા પડયા અને ખંભાતમાં ક્રિયોદ્ધાર કર્યો. સૂરતના લક્ષાધિપતિ પ્રખ્યાત શેઠ શ્રી વીરજી વોરાના તેઓ ભાણેજ હતાં. પૂર્વ સંસ્કારોને કારણે વૈરાગ્ય થતાં તેમણે યતિ વર્ગમાં ગુરુ વજાંગજી પાસે દીક્ષા લીધી, પરંતુ ધર્મસિંહજીની જેમ તેમનું મન પણ સાચા સંયમને માર્ગે

વિચરવામાં દઢ હોઈ, બે વર્ષના સમય બાદ ગુરુથી વિવેકપૂર્વક છૂટા પડી, સાચી દીક્ષાને પંથે વળ્યાં અને ખંભાત અમદાવાદ વગેરે અનેક સ્થળે વિચરીને હજારો શ્રાવકોને સાચા માર્ગના અનુયાયી બનાવ્યા.

દિનપ્રતિદિન તેમની કીર્તિ અને અનુયાયીઓ વધતા જતા હતા તેથી ગુરુને તેમની ઈર્ષ્યા આવી. તેમણે પોતાના અનુયાયી વીરજી વોરાના કાન ભંભેર્યા, કે તમે મારા અનુયાયી છો અને તમારો ભાણેજ( દીકરીનો દીકરો) નવો પંથ ઉભો કરી અમારા પંથને બદનામ કરી રહ્યો છે માટે કાંઈક કરો.

વીરજી વોરા લોંકાગચ્છના અગ્રેસર શ્રાવક હતા. તેને પંથ મોહ હતો એટલે લવજીઋષિની કીર્તિ પ્રસરતી અટકી જાય તે માટે તેમણે ષડયંત્ર રચ્યું.

આ વખતે લવજીઋષિ ખંભાતમાં બિરાજતા હતા. ખંભાતના નવાબને અને વીરજી વોરાને ઘણો સારો સંબંધ હતો તેથી વીરજી વોરાએ નવાબ પર એક ચીઠ્ઠી લખી અને તે પહોંચાડવા માટે એક વિશ્વાસુ માણસને રવાના કરી દીધો.

તે ચીઠ્ઠીમાં લખ્યું હતું કે **મારી દીકરીનો દીકરો નામે લવજી પોતાના ગુરુથી કંકાસ કરી જૂદો પડી ગયો છે અને પોતાના ગુરુને ઉતારી પાડવાનો ખોટો ઉપદેશ આપે છે માટે તેને ગામમાં રહેવા દેશો નહીં.**

કાગળ વાંચતાં જ નવાબને ક્રોધ ચડયો. તરત જ નવાબે વજીરને કહ્યું કે, **लवजी नामका एक सेवक यहां घुमता है ये ओर लोगो को खोटा उपदेश दे कर उश्केरता है, सो उनको यहां भेजो.**

નવાબનો હુકમ લઈ વજીર લવજી ઋષિ પાસે આવી પહોંચ્યો. આ વખતે લવજી ઋષિ જાહેર વ્યાખ્યાન આપતા હતા. વજીરે નવાબનું ફરમાન સંભળાવ્યું એટલે તરત જ લવજી ઋષિ હિમતપૂર્વક વજીર સાથે ચાલી દરબારમાં આવી પહોંચ્યા.

લવજી ઋષિના ચારિત્ર અને બ્રહ્મચર્યના તેજથી નવાબ તેમને જોવા માત્રથી જ અંજાઈ ગયા, પરંતુ વીરજી વોરા નામાંકિત ગૃહસ્થનું કાર્ય કોઈ પણ ભોગે થવું જ જોઈએ, એમ માની નવાબે ધીરેથી વજીરને કહ્યું, **એ सेवडे कु दरवाजे की देवडी पर परहेज कर दो**.

આ પ્રમાણે નવાબ તો હુકમ કરીને પોતાના રાજમહેલમાં ચાલ્યા ગયા.

લવજી ઋષિને દરવાજા પર લઈ જવામાં આવ્યા અને પહેરાવાળાને હુકમ આપી દીધો કે, આ સેવડાને ક્યાંય બહાર જવા ન દેશો.

લવજી ઋષિ આથી જરાપણ ખેદ ન પામ્યા. તેઓ તો આખો દિવસ મનન, ચિંતન અને શાસ્ત્ર અધ્યયનમાં જ મશગૂલ રહેતા. આ રીતે બે દિવસ અન્નજળ વગરના પસાર થયા.

એ અરસામાં એવું બન્યું કે, બેગમ સાહેબની એક દાસી જે વારંવાર આ દરવાજા પાસે થઈને જતી આવતી હતી, તેણે આ મુનિની શાંત અને સ્વાધ્યાયયુક્ત દશા જોઈ, તેનાથી તે મુનિના તપોબળથી અંજાઈ ગઈ. તેણે બેગમને વાત કરી કે, દરવાજા પર એક મહાત્મા પુરુષ અન્નજળનો ત્યાગ કરીને બેઠા છે અને આખો દિવસ પ્રભુભજનમાં જ મગ્ન રહે છે.

બેગમ બોલી, શા માટે ? શું તેને કાંઈ જોઈએ છે ?

દાસીએ કહ્યું, ના, તેવું કાંઈ નથી. નવાબ સાહેબે વિના વાંકે તેમને કેદ કર્યા છે. યોગી લોકોને સંતાપવાથી શું લાભ થતો હશે ?

દાસીની આ વાત બેગમને ગળે ઉતરી ગઈ. જ્યારે નવાબ અંતઃપુરમાં આવ્યા ત્યારે બેગમે કહ્યું, खाविंद, मैंने सुना है कि, आपने एक योगी को परहेज करवाया है, मगर योगी लोगो को सताने में फायदा नहि, क्यों कि जब कोपेगा, तब अपना सब सुख नष्ट हो जायेगा, इसलिये उनके पाउ में

पडकर उनको छोड देना अच्छा है.

સાંભળી નવાબે તરત જ લવજી ઋષિને છોડી દેવાનો હુકમ આપી દીધો. એટલું જ નહીં પણ નવાબે જાતે આવીને અપરાધ બદલ મુનિની ક્ષમા માંગી અને પોતાના ધર્મનો પ્રચાર કરવાની આજ્ઞા આપી.

લવજી ઋષિએ હિંદભરમાં ફરીને જૈન ધર્મનો પ્રચાર કર્યો હતો. ગુજરાતનો ખંભાત સંપ્રદાય અને દક્ષિણનો ઋષિ સંપ્રદાય એ લવજી ઋષિના ધર્મ પ્રચારની શાખાઓ છે.

## (25) સર્પ બચાવ્યો

કેસરીસિંહજી મહારાજ ઉગ્ર તપસ્વી સંત મુનિ હતા. એક દિવસ તેઓશ્રી સ્થંડિલ માટે જંગલ જતાં હતાં. રસ્તામાં એક ઠેકાણે કેટલાંક માણસો એક સર્પને ઘેરીને ઉભા હતા અને તેને મારી નાંખવાનો ઉધમ કરી રહ્યાં હતાં.

તપસ્વીજીએ તે ભાઈઓને પૂછયું, આપ લોકો આ સર્પને શું કરી રહ્યા છે ?

તેઓએ કહ્યું, આ અમારો દુશ્મન છે, તેને મારી નાંખવા માગીએ છીએ.

તપસ્વીજી : ભાઈઓ, સર્પ દુશ્મન નથી, કોઈ કોઈનું દુશ્મન નથી. દુશ્મન તો ફક્ત આપણું કર્મ છે.

પેલા લોકોને એ વાત કાંઈ રુચી નહીં, તેમણે કહ્યું, ભલે એ દુશ્મન નથી તો આપ એને લઈ જાઓ અમે પણ જોઈએ કે તે આપનો દુશ્મન છે કે શત્રુ ?

મહારાજશ્રી શાંત ભાવથી સર્પની પાસે ગયા અને કહ્યું, હે સર્પ, આ સર્વ લોકો તને મારી નાંખવા તૈયાર થઈ ઉભા છે.તારે જો બચવું હોય તો તું આ

પાત્રમાં આવી જા. તને જંગલમાં લઈ જઈને છોડી દઈશ.

બસ, આટલું કહ્યું કે તરત જ મહારાજશ્રીએ સર્પ પાસે મૂકેલા પાત્રમાં ગુંચળું વળીને બેસી ગયો.

સર્વ લોકો આશ્ચર્યથી જોઈ રહ્યાં કે સર્પ તેનો ક્રોધી ઝેરી સ્વભાવ છોડીને કેવો શાંત સરળ થઈને પાત્રમાં બેસી ગયો. તપસ્વીએ સર્પને જંગલમાં જઈને છોડી દીધો.

## (26) વ્યંતરને કાઢયો

મુનિશ્રી જેચંદજી મહારાજ ગોંડલમાં ચોમાસું હતા. એક દિવસ સવારના વગડામાં સ્થંડીલે ગયેલા. ત્યાંથી પાછા વળતાં રસ્તા ઉપર બેભાન થઈને પડી ગયાં. થોડીવારમાં ત્યાંથી કોઈ એક ખેડૂત પસાર થતો હતો, તેણે મુનિશ્રીને બેભાન પડેલા દીઠા.

ખેડૂત એટલું જાણે કે આવો વેશ વાણીયાના ગુરુઓનો હોય છે. એટલે તેણે ગામમાં આવી ઉપાશ્રયે જઈ કહ્યું કે તમારા કોઈ ગુરુ રસ્તા ઉપર બેભાન પડેલા છે. તુરતજ શ્રાવકો ઉપડયા અને મહારાજશ્રીને ઉપાડીને ઉપાશ્રયમાં લઈ આવ્યા.

ડોક્ટરને બોલાવ્યા, વૈદને બોલાવ્યા પણ કોઈથી કાંઈ થઈ શક્યું નહીં. મહારાજને શું થયું છે તે કોઈ સમજી શક્યું નહીં. શ્રાવકોને શું કરવું તેનો વિચાર થઈ પડયો. એક ભાઈએ સૂચવ્યું કે તપસ્વીજીને તારથી ખબર આપીએ.

ગોંડલ સંપ્રદાયમાં મુનિશ્રી માણેકચંદજી સ્વામી મહાતપસ્વી અને લબ્ધિધારી મહાત્મા હતા. વળી સંસાર પક્ષે શ્રી જેચંદજી મહારાજના નાના ભાઈ થતાં હતાં અને બન્ને ગુરુભાઈ હતાં.

સૌ શ્રાવકોને તે ભાઈની વાત રુચિ અને તરત વેરાવળ સંઘ ઉપર તાર કરીને જેચંદજી સ્વામીના ખબર શ્રી માણેકચંદજી મુનિને તુરત આપવાનું લખ્યું. બપોરના વેરાવળમાં સંઘને તાર મળતાં તરત જ તેમણે તપસ્વીશ્રી માણેકચંદજીને ખબર આપ્યા.

બપોરના વેરાવળથી ટ્રેઈન ઉપડે તે વખતે તપસ્વીજીએ વેરાવળથી વિહાર કર્યો અને ગોંડલ ટ્રેઈન પહોંચતા પહેલાં ગોંડલના ઉપાશ્રયે પહોંચી ગયા. મુનિશ્રી જેચંદજી ઉપાશ્રયના એક ઓરડામાં રાખેલા ત્યાં ગયા અને મુનિશ્રી ઉપર નજર નાંખતાં જ સમજી ગયા કે શું થયું છે !

ત્યાં બેઠેલાં શ્રાવકોને બહાર બેસવાનું કહી, ઓરડાના બારણાં બંધ કરાવ્યા. તપસ્વીજીએ ત્રણ વખત રજોહરણ મુનિશ્રી જેચંદજીના ફરતો ફેરવ્યો. ત્યાં તો અવાજ આવ્યો, મને છોડો, મારી જગ્યામાં અશુચિ કરી હતી. મારો વાંક નથી, વગેરે !

શ્રાવકોએ બહાર બેઠાં બેઠાં આ અવાજો સાંભળ્યા. એક ક્ષણ કાંઈ સંભળાયું નહીં. ત્યાં તો વળી પાછા અવાજ આવ્યા. મને ખબર નહીં તમે આવા જબરદસ્ત તેની પછવાડે છો. હવે મને જવા દો. હવે કોઈ દિવસ એમને હેરાન નહીં કરું.

હવે તપસ્વીજીનો ધીમો અવાજ પણ આ વખતે શ્રાવકોએ સાંભળ્યો કે, એમ ન છોડાય. માણસોને શું ખબર કે ત્યાં તારૂં રહેઠાણ છે, કાલે બીજો કોઈ માણસ ત્યાં પેસાબ કરવા બેસે ને તું તેને પકડે. આમ તેં કેટલાંયના જીવ લીધા હશે, તે હવે તને કોઈના જીવ લેવા માટે છોડી શકાય નહીં. સારો રસ્તો એ જ છે કે તને હું શીશામાં પૂરી દઉં છું અને તે શીશો ઊંડી ખાડમાં ભંડરાઈ જશે. તારું આયુષ્ય તારે તે શીશામાં પૂરું કરવું પડશે.

આ સાંભળીને હવે વ્યંતર થરથરી ઉઠયો, ખૂબ કરગર્યો અને માફી માંગી. હવે પછી કોઈપણ માણસને હેરાન નહીં કરવાની પ્રતિજ્ઞા લીધી

એટલે તપસ્વીજીએ તેને છોડી મૂક્યો. તપસ્વીજીએ શ્રાવકોને બોલાવ્યા એટલે તેઓ અંદર આવ્યા. જેચંદજી મહારાજ તુરત બેઠા થયા અને તપસ્વીજીને તથા શ્રાવકોને જોઈને નવાઈ પામ્યા ને બોલી ઉઠયા, શું છે ? કેમ તમે બધાં ભેગા થયા છો ? તપસ્વીજીને જોઈને કહ્યું, અરે તું અહીં ક્યાંથી ! ચોમાસામાં કેમ વિહાર કર્યો ?

જેચંદજી મહારાજને પોતે બેભાન થઈ ગયેલા તેની કાંઈ ખબર નહોતી અને એકદમ વાત કરવાથી તેમને આઘાત લાગે, તેથી તપસ્વીજીએ શાંતિથી કહ્યું, **શાસનરક્ષાનું કામ આવી પડે ત્યારે વિહાર કરવો પડે.**

પછી થોડી ધર્મ ચર્ચા કરીને, આસ્તેથી વ્યંતરે તેમને બેભાન કરેલા તે વાત કરી.

## (27) રાયજીનું કુટુંબ બચાવ્યું

સૌરાષ્ટ્રના વડીયા ગામમાં બપોરના સમયે મહાતપસ્વી મુનિની માણેકચંદ્રજી મહારાજ, પુરુષોત્તમ રાયજી નામના એક ગૃહસ્થને ત્યાં ગૌચરીએ જઈ ચડયા. રાયજીભાઈ ધંધાદારી ગૃહસ્થ હોવાથી તે તેમની દુકાને ગયા હતા. તેમની પત્ની ઘરમાં હતી. તેણીએ મહારાજશ્રીને ભક્તિભાવથી વંદન નમસ્કાર કરી સન્માન્યા. પછી મહારાજશ્રીને વહોરાવવા માટે સુઝતો આહાર લેવા રસોડામાં ચાલી ગઈ.

તે વખતે મહારાજશ્રીએ તે ઘરમાં રહેલા યક્ષને જોયો અને તેની સાથે સંકેતમાં કાંઈક વાત કરી, ત્યાં તો તે બાઈ આહાર લઈને વહોરાવવા માટે બહાર આવી ગઈ અને મહારાજશ્રીને પ્રતિલાભ્યા.

ત્યારે મહારાજે તે બાઈને સૂચના કરી કે આજે સાંજના ચાર વાગ્યા

પહેલાં ઘરમાંથી સર્વ સારભૂત વસ્તુઓ લઈને ઘર બહાર ચાલ્યા જજો. ઘરમાં કોઈ રહેશો નહીં.

મહારાજશ્રીના ગયા પછી તે ગૃહસ્થ રાયજીભાઈ જમવા આવ્યા, તેણે જમી લીધું, પછી બાઈએ તેને ચાર વાગ્યા પહેલાં ઘર ખાલી કરીને કયાંય ચાલી જવાની વાત કરી. રાયજી તો જૈન સાધુ મુનિરાજોને કદી ભક્તિભાવથી જોતો નહીં એટલું જ નહીં પણ તેને જૈન સાધુઓ તરફ તિરસ્કાર પણ હતો.

રાયજીએ તેની પત્નીની વાત માની નહીં અને સાધુઓ માટે ગમે તેમ બોલ્યો. છતાં પત્નીના બહુ આગ્રહપૂર્વક સમજાવવાથી છેવટે કહ્યું, હું તો દુકાને જાઉં છું, તે સાંજ પહેલાં આવવાનો નથી, તારે જેમ કરવું હોય તેમ કરજે.

બાઈને મહારાજશ્રી ઉપર પૂર્ણ શ્રધ્ધા હતી, તેથી તેણીએ તો ઘરમાંથી લેવા જેવી સર્વ ચીજો બહાર કાઢી અને તે સર્વ સામાન બાજુના પાડોશીના ઘરમાં લઈ જઈ મૂકાવ્યો અને પોતે પણ ત્યાં બેઠી. બરોબર ચાર વાગ્યે તેનું આખુંય ઘર એકદમ પડી ગયું અને પથ્થર તથા માટીનો ઢગલો થઈ ગયો.

તે ખબર સાંભળતાં પુરુષોત્તમ રાયજી દોડી આવ્યો અને તરત ઉપાશ્રયે મહારાજશ્રી પાસે જઈ વંદન નમસ્કાર કરી ઉપકાર માન્યો અને ત્યારથી તે તપસ્વી મહારાજશ્રીનો પૂર્ણ ભક્ત બનવાની સાથે ચુસ્ત જૈન શ્રાવક બની ગયો.

## (28) મુંમણાને થંભાવ્યા

ગોંડલ સંપ્રદાયમાં મહાસતીજીથી ગંગાબાઈ મહાચારિત્રશીલ તપસ્વી વિદ્વાન આર્યાજી હતાં. તેઓ બાળ બ્રહ્મચારી હતાં એટલું જ નહીં પણ

દેખાવમાં ઘણા સુંદર સ્વરૂપવાન અને નમણાં હતા.

વિહાર કરતાં કરતાં એક વખત મહાસતી ગંગાબાઈ આચાર્યાજી તેમની ચાર પાંચ શિષ્યાઓ સાથે વચમાં માણાવદર ગામ આવતું હતું ત્યાં એક દિવસ વિશ્રામ માટે રોકાયા.

માણાવદરમાં મુસલમાન (મુંમણા)ની ઘણી વસ્તી. આર્યાજી ગામમાં આવ્યા અને ઉપાશ્રયે ગયા. તેમને રસ્તા પરની દુકાનમાં બેઠેલા ત્રણ ચાર મુંમણા ગુંડાઓએ દીઠા. મહાસતીનું રૂપ જોઈને તેમની દાનત બગડી, સાંજના ચારેય ગુંડાઓએ એક ઠેકાણે ભેગા મળીને નક્કી કર્યું કે સવારે મહાસતીજી ઉપાશ્રયમાંથી બહાર નીકળે એટલે તેમને ઉપાડી જવા.

રાતના મહાસતીજી સ્વાધ્યાય કરતાં હતાં ત્યાં અચાનક તેમના મનમાં સ્ફૂરણા થઈ કે સવારે ગુંડાઓ તરફથી ઉપદ્રવ થવાનો છે. મહાસતીજી તો શક્તિશાળી હતા. તેમને કાંઈ ભય નહોતો, પણ શિષ્યાઓ એટલી બધી નિર્ભયતાવાળી નહોતી. તેમને કાંઈ ડર કે આઘાત ન લાગે માટે મહાસતીજીએ તેમને કાંઈ વાત ન કરી અને શાંતિથી સૌ નિદ્રાને આધીન થયા.

પરોઢીએ મહાસતીજીઓ તથા શિષ્યાઓ ઉઠયા અને સ્વાધ્યાય કરવા લાગ્યા. અજવાળું થતાં બારીમાંથી નજર કરી તો ચાર પુરુષો ઉપાશ્રય ફરતા આંટા મારતાં હતાં અને મહાસતીજીના બહાર નીકળવાની રાહ જોતાં હતાં.

મહાસતીજીએ વિચાર્યુ કે તેઓ મને તો કાંઈ કરી શકે તેમ નથી પણ આ રીતે તેઓ ફરે તેથી પણ શાસનની હિલના થાય છે. લોકો તો એમ જ સમજે કે આર્યાજીઓને ગમે તેમ હેરાન કરી શકાય એટલે બીજે વખતે પણ તેઓ જે કોઈ આર્યાજી આવેલ હોય તેને હેરાન કરવાનું ચૂકે નહીં, માટે તેમને પરચો તો બતાવવો જોઈએ.

એમ વિચારી મનમાં કાંઈક બોલીને, બારી તરફ હાથ ઉંચો કર્યો કે

તરત જ ચારેય ગુંડાઓ જ્યાં ઉભા હતાં ત્યાં જ ચોંટી ગયા. સૂર્યોદય થતાં કેટલાક શ્રાવકો ઉપાશ્રયે આવ્યા. તેમણે પેલા ગુંડાઓને જોઈને ધમકાવ્યા કે અહીં કેમ ઉભા છો ! ચાલ્યા જાઓ !

ગુંડાઓએ કહ્યું, ભાઈસાબ, અમારે તો ચાલી જવું છે પણ આ તમારા ગોરાણીજીએ અમને શું કાંઈક કરી મૂકયું છે કે અમે અહીં જ ચોંટી ગયા છીએ, પગ ઉંચો કરી જ નથી શકતા. મહેરબાની કરી તમારા ગોરાણીજીને કહો કે અમને જવા દે.

શ્રાવકોએ ઉપાશ્રયમાં અંદર આવીને મહાસતીને ગુંડાઓ સાથે થયેલી વાત કહી, ત્યારે મહાસતીજીએ કહ્યું કે તેઓ કાંઈ સાલસ માણસ નથી, તેઓ શા માટે અહીં આવ્યા હતા તે તો તેમણે તમને કહ્યું નહીં, તેમની ઈચ્છા મને ઉપાડી જવાની હતી. મારી બહાર નીકળવાની રાહ જોતા જ તેઓ ઉપાશ્રય બહાર ફરતા હતા, આ વાત સાચી છે કે નહીં તે તેમને પૂછીને ખાત્રી કરો. શ્રાવકો ગુંડાઓ પાસે આવ્યા અને મહાસતીએ કહ્યું હતું તે તેમને કહ્યું. તેમણે કબૂલ કર્યું કે વાત સાચી છે, પણ અમારી ભૂલ થઈ ગઈ છે હવે અમને માફ કરો અને અમને છોડાવો.

શ્રાવકોએ કહ્યું કે એમ હવે અમે તમારો વિશ્વાસ ન કરીએ, તમારા અગ્રેસરો ખાત્રી આપે કે હવે પછી તમે અમારા મહાસતીઓને જ નહીં પણ સ્ત્રી માત્ર કોઈને પણ હેરાન નહિ કરવાની કબુલાત આપો અને તેને માટે તમારા અગ્રેસરો તમારા જામીન થાય તો છોડાવીએ.

ગુંડાઓએ કબૂલ કર્યું, કબૂલ કરવું જ પડયું, તેમના અગ્રેસરોને બોલાવ્યા તેમણે ખાત્રી, જામીનગીરી આપી ત્યારે શ્રાવકોએ મહાસતીજીને વિનંતિ કરી એટલે મહાસતીજીએ તેમને મુક્ત કર્યા.

### સ્થાનકવાસી મુનિઓના

# પ્રભાવક પ્રસંગો ભાગ - 2

હર એક યુગમાં એક યુગપુરૂષ જન્મે છે.
એ યુગપુરૂષની મહાનતા અને પ્રભાવકતા વર્તમાન
પંચમ આરામાં પણ અનુભવાય છે, જે ગુરુભગવંતો પ્રત્યેની
શ્રધ્ધા, ભક્તિ અને સમર્પણભાવને વધુ ને વધુ દ્રઢ કરી, ધર્મમાં સ્થિર કરે છે.

## તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મહારાજ સાહેબના જીવન પ્રસંગો

## (29) સાધુતાનો આધાર સહનશીલતા

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ એક દિવસ જૂનાગઢમાં સવારે ગોચરી માટે નીકળ્યાં હતા. ગોચરી વહોરીને જ્યારે પાછા આવી રહ્યા હતા, ત્યારે કદાવર અને કોઈ પણ ડરી જાય એવો એક કૂતરો એમની પાછળ-પાછળ આવવા લાગ્યો. ગુરુદેવે જોયું અને વિચાર્યું, એ પણ એક જીવ છે અને હું પણ એક જીવ છું. એ એના રસ્તે જાય છે, હું મારા રસ્તે ! !

તપસમ્રાટ ગુરુદેવ થોડા આગળ ગયા ત્યાં જ કૂતરાએ કૂદકો માર્યો અને પગમાં બટકું ભર્યું. લોહીની ધાર નીકળવા લાગી. કૂતરો બટકું ભરીને પણ ઘૂરકી રહ્યો હતો. આસપાસના લોકો જોઈ રહ્યા હતા, પણ કોઈની હિંમત ચાલતી ન હોતી. બધાને ડર હતો કે કૂતરું હડકાયું હશે તો ? ગુરુદેવે ઘૂરકતા કૂતરાની સામે પ્રેમથી જોયું. ન ભય, ન ગભરાટ, ન ગુસ્સો, ન અશાંતિ ! પ્રેમથી બીજો પગ સામે ધર્યો અને કહ્યું, વાહ ! તને પણ હું પસંદ છું ! લે, હું તને બીજો પગ આપું છું. તને શાંતિ મળતી હોય તો હું સહન કરવા તૈયાર છું. પૂ. ગુરુદેવના પ્રેમ અને સદ્ભાવનાની અસરથી કૂતરો શાંત થઈ ગયો.

પૂજ્ય ગુરુદેવને મનુષ્ય માટે જ નહીં, પ્રાણીઓ અને પ્રત્યેક જીવ પ્રત્યે પ્રેમ હતો. અનુકૂળ વ્યકિતઓ પ્રત્યે જ નહીં પણ પ્રતિકૂળ વ્યકિતઓ પ્રત્યે પણ પ્રેમ હતો. જેમના હ્રદયમાં કોઈ જીવ પ્રત્યે દુર્ભાવના નહોતી એવા તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ લોહી નીતરતા પગ સાથે ઉપાશ્રયમાં પધાર્યા. શ્રાવકો ભેગા થઈ ગયા.

ગુરુદેવ ! આ શું થયું ? આ ક્યારે થયું ? ગુરુદેવે માત્ર એટલું જ કહ્યું, પ્રત્યેક જીવ તેના સ્વભાવ અનુસાર પ્રવૃત્તિ કરે છે. કૂતરાએ કૂતરાનો સ્વભાવ બતાવ્યો, સાધુએ સાધુનો સ્વભાવ બતાવ્યો. પણ ગુરુદેવ ! એ કૂતરો કેવો હતો ? ગુરુદેવે કહ્યું, જેવાં મારાં કર્મ હતાં એવો કૂતરો હતો. જ્યારે મેં તેનું કાંઈ બગાડ્યું નથી ત્યારે તે મારું કાંઈ વધારે બગાડી શકશે નહીં.

પણ ગુરુદેવ ! ઇંજેકશન ? ? ? ગુરુદેવે કહ્યું, જ્યારે મારા ભાવ જ પરમાત્મા સાથે જોડાયેલા છે ત્યારે મારે કોઈ ઇંજેકશનની જરૂર નથી. તમે ચિંતા ન કરો. **જેનામાં વેર હોય તેને જ ઝેરની અસર થાય. જેને કોઈના પણ પ્રત્યે વેર ન હોય તેને ક્યારેય ઝેરની અસર ન થાય.**

તપસમ્રાટના હૃદયમાં જીવમાત્ર પ્રત્યે વાત્સલ્ય અને કરૂણા હતાં. કોઈના પ્રત્યે વેર નહીં, કોઈના પ્રત્યે દ્વેષ નહીં. તેઓ પરમ સમતાની અને પરમ સહનશીલતાની મૂર્તિ હતા. તે સહનશીલતા તેમને પ્રતિકૂળતામાં પણ પ્રસન્ન રાખતી હતી. એમની સહનશીલતા વિકટમાં વિકટ પરિસ્થિતિમાં પણ ચહેરા પર હાસ્ય લાવતી હતી. સાધક એ જ હોય જે પ્રતિકૂળતાને પણ અનુકૂળતા માને. તપસમ્રાટ ગુરુદેવ આવા સાધક હતા. દરેક પરિસ્થિતિને સહન કરવાની, દરેક પરિસ્થિતિનો સ્વીકાર કરવાની એમની આંતરિક ક્ષમતા અને સમજવાની શક્તિ કંઈક અલગ જ પ્રકારની હતી.

દેહ અને આત્માની ભિન્નતાની દશા માત્ર શબ્દો, પ્રવચનો કે પ્રકૃતિમાં નહીં પણ તેમની પ્રવૃત્તિમાં પણ પ્રગટ થઈ રહી હતી. ન તે કૂતરા પ્રત્યે દ્વેષભાવ કે ન સારવાર માટે ઉતાવળ કે ઝંખના ! ઈંજેકશન માટે શ્રાવકો વિનંતી કરતા રહ્યા પણ ગુરુદેવે માત્ર એક જ મંત્ર આપી દીધો. જેની અંદરમાં વેર હોય તેને બહારના ઝેરની અસર થાય. જેમ મહાવીરને બધા પ્રત્યે પ્રેમ અને મૈત્રી હતાં એટલે તેમને ચંડકૌશિકના ઝેરની અસર ન થઈ તેમ પૂ. ગુરુદેવને પણ બધા માટે પ્રેમ અને મૈત્રી હતાં.

## (30) ।। पुढवी समे मुणी हवेज्जा ।।

ઈ. સ. 1994માં પૂ. ગુરુદેવ વાવડીમાં પડી ગયા અને થાપાનો ગોળો ભાંગી ગયો. ત્યારે ઇશારાથી કહ્યું કે, હાડકું તૂટી ગયું છે પણ ડોક્ટરી ઈલાજ કે

અન્ય કોઈ પણ ઉપચાર કર્યા વિના ત્રણ દિવસ સુધી આ અસહ્ય વેદનાને જ્ઞાતાભાવે નિહાળતા રહ્યા. ભેદવિજ્ઞાનની અનુભૂતિનો આ ઉત્તમ સમય છે તેમ માનીને મુખની પ્રસન્નતા એક ક્ષણ માટે ગુમાવી નહીં.

જોનારા જોતા રહ્યા, ગજબની સહનશીલતા ! હાડકામાં એક નાનકડી તિરાડ પડે તો પણ દુખાવો સહન ન થાય, જ્યારે પૂ. ગુરુદેવ અસહ્ય વેદનાને પણ પ્રસન્નભાવે જોતા રહ્યા હતા. પૂ. ગુરુદેવ ઘણીવાર કહેતા હતા કે **કોઈ પણ કર્મનો ઉદય થાય, તેની ટ્રીટમેન્ટ ન કરો, તેને દૂર કરવાના ઉપચાર ન કરવા, તે જ સાધકની સાધના છે. પરિસ્થિતિનો પ્રતિકાર કર્યા વિના સ્વીકાર કરવો તે જ સમજણ છે.**

આચરણ પછીનો ઉપદેશ તે જ તીર્થંકરોની પરંપરા છે.

ત્રણ દિવસની વેદના પછી ડૉ. હેમાણીસાહેબની વિનંતીપૂર્વકની સમજાવટ પછી પૂ. ગુરુદેવને એચ. જે. દોશી હૉસ્પિટલમાં લઈ ગયા. ત્યાં ઓપરેશન પછી નવો ગોળો બેસાડવામાં આવ્યો. ઓપરેશન પછી દવા-ગોળી ડૉક્ટર આપવા કહે, પણ તેઓ ગોળી કે દવા લેવા તૈયાર જ ન હોય. દવા વિના જ તેઓ આઠ-દસ દિવસ હૉસ્પિટલમાં રહ્યા. ડૉક્ટરોની ના હોવા છતાં પુન: વાવડી પધારી સ્વયંની સાધનામાં લીન બની ગયા.

વૃદ્ધાવસ્થાના કારણે દાંત પડાવીને બત્રીસી-દાંતનું ચોકઠું કરાવવાનું હતું. ડૉ. ચીમનભાઈ મહેતા દાંત પાડવા માટે આવ્યા. અંગ ખોટું પાડવા ઇંજેકશન દેવાની વાત કરી. પૂ. ગુરુદેવ તેના માટે તૈયાર ન થયા. ડૉક્ટરે કહ્યું, ગમે તેમ કરો, અમારે અમારી સલામતી માટે ઇંજેકશન આપવું જરૂરી છે. પરાણે ઇંજેકશન આપી દાંત પાડ્યા. ત્યાર પછી પૂ. ગુરુદેવે દુખાવાની ગોળી ક્યારેય લીધી ન હોતી. તેમનો એક જ સિદ્ધાંત હતો, જે છે તેને સહન કરો.

**पुढवी समे मुणी हवेज्जा** પૂ. પ્રાણગુરુદેવે સિદ્ધાંતની આ ગાથાનું ખૂબ-ખૂબ ઘોલન કર્યું હતું. સાધુએ પૃથ્વી સમાન સહનશીલ થવું જોઈએ, તેની

સહનશીલતાની કોઈ સીમા હોતી નથી. પૂ. ગુરુદેવે પોતાના ગુરુની હિતશિક્ષાઓમાં સહનશીલતાના ગુણને પૂર્ણપણે સ્વીકાર્યો હતો. ઘણી વાર પ્રશ્ન થાય છે કે ક્યાં સુધી સહન કરવું ? કેટલાનું સહન કરવું ? શું શું સહન કરવું ? બધા પ્રશ્નોનો એક જ જવાબ છે કે સિદ્ધ ન થઈએ ત્યાં સુધી ગમે તે નિમિત્તથી કોઈ પણ પરિસ્થિતિનું નિર્માણ થાય તેને સમભાવપૂર્વક પ્રતિકાર કર્યા વિના સહન કરવી, પ્રસન્નતાપૂર્વક સ્વીકાર કરવો તે જ સાધુની સાધુતા છે.

## (31) ચૈતન્ય તત્ત્વમાં તલ્લીન ગુરુદેવ !

જીવનના અંતિમ દિવસની બીમારીમાં પણ તેઓએ પૂર્ણ સજાગતા જાળવી હતી. પોતાની ઇચ્છા ન હોવા છતાં ભક્તો તેમને હૉસ્પિટલમાં લઈ ગયા, ત્યારે શરૂઆતમાં ડૉક્ટરી ટ્રીટમેન્ટનો વિરોધ દર્શાવતા હતા. પ્રવાહી ખોરાક આપવા નળી મૂકી હતી તેને વારંવાર ખેંચીને કાઢી નાંખે. પછી તો ડૉક્ટરો તેમનો હાથ બાંધી દેતા કે નળી કાઢી ન નાંખે. જ્યારે તેમને લાગ્યું કે હવે મારું કાંઈ ચાલે તેમ નથી, ત્યારે તેઓ સમજી ગયા. તેમણે ભાવથી જાણે પોતાના શરીરને વોસિરાવી દીધું અને સ્વયં આત્મભાવની મસ્તીમાં લીન બની ગયા. ત્યાર પછી એકવાર ડૉક્ટરે ભૂલથી શરીરને ખોટું પાડ્યા વિના જ ચેકો મૂક્યો, જોનારા થંભી ગયા પણ પૂ. ગુરુદેવે ઊંહકારો પણ કર્યો નહોતો. ત્યારે સમજાયું કે **ચૈતન્યતત્ત્વના અનુભવમાં તલ્લીન સાધકોને દેહના દર્દો દુ:ખી કરી શકતા નથી.**

પૂ. ગુરુદેવે શારીરિક વેદનાને તો સહન કરી હતી એટલું જ નહીં. વિરોધીઓના વિરોધને, સમાજ તરફથી મળતા માન કે અપમાનને પણ સમતાભાવે સહન ક્ર્યા હતાં. સમાજમાં લબ્ધિપુરુષ તરીકે પ્રસિદ્ધિ હતી, તેને પણ તેઓએ પચાવી હતી. તેનું અંશ માત્ર અભિમાન નહીં અને ક્યારેક અજ્ઞાનીઓ તરફથી અપમાનની ઘટના ઘટિત થાય તો તેનું પણ વેદન નહીં.

તેઓ પોતાના લક્ષ્ય તરફ અવિરતપણે ગતિ કરી રહ્યા હતા, તેથી જ કહી શકાય કે તેઓ સહનશીલતાની સાક્ષાત મૂર્તિ હતા.

## (32) દેવમિત્રો સાથે ફરવા ગયો હતો

**પ્રભાવ જેને પચે તેને પ્રભાવ લાગે અને જેને ન પચે તેને અભાવ લાગે.** તપસમ્રાટ પૂ. ગુરુદેવશ્રી રતિલાલજી મ. સા. ના જીવનમાં એક પછી એક પ્રસંગો અને ઘટનાઓ સર્જાતાં ગયાં. દરેક પ્રસંગ એમને માટે આત્મશકિતની વૃદ્ધિનું કારણ બનતો હતો. દરેક ઘટના એમને માટે આગની ભઠ્ઠી હતી. ગુરુદેવ એ ભઠ્ઠીમાંથી પસાર થઈ કંચનની જેમ વધુ ને વધુ ચમકતા હતા. આગ કચરાને બાળવામાં સહાયક હોય છે અને આગ સોનાને ચમકાવવામાં પણ સહાયક હોય છે.

એ જ્યારે નાના હતા, નવ વર્ષની ઉંમરના હતા ત્યારે એક દિવસ અચાનક બેભાન થઈ ગયા. ત્રણ દિવસ સુધી બેભાન રહ્યાં. ડૉક્ટરો, વૈદ્યો, હકીમોએ સારવાર કરી પણ કાંઈ જ ફરક ન પડ્યો. માતા-પિતા ચિંતિત હતાં. ત્યાં ત્રણ દિવસ પછી અચાનક જાણે ઊંઘમાંથી ઊઠયા હોય તેમ તેઓ આળસ મરડીને બેઠા થયા.

**મા :** બેટા, તને શું થઈ ગયું હતું ?

**રતિલાલ :** મને ? મને તો કાંઈ થયું નથી.

**મા :** તો પછી આ ત્રણ દિવસ સુધી બેભાન કેમ રહ્યો ?

**રતિલાલ :** અહો ! ત્રણ દિવસ થઈ ગયા ? હું તો મારા મિત્રદેવની સાથે ફરવા ગયો હતો. હું જ્યાંથી આવ્યો છું અને જ્યાં મારે જવાનું છે તે સ્થાન જોવા મને લઈ ગયા હતા. મારા મિત્રદેવ મને દેવલોકમાં બધું બતાવવા લઈ ગયા

હતા. હું એમની સાથે ફરીને બધું જોઈ રહ્યો હતો તેમાં ત્રણ દિવસ થઈ ગયા ? મને તો ખબર જ નથી ! ! આ રીતે નવ વર્ષની ઉંમરથી જ તેમનું કનેક્શન કોઈ દૈવી તત્ત્વ સાથે હતું.

તપસમ્રાટ એટલે મહાનતાની મૂર્તિ ! ! એમનું વ્યકિતત્ત્વ એટલે જાણે ગુણોની ગાગર ! ! આવા અનેક ગુણોના સ્વામી અને મહાન વ્યક્તિને જ્યારે હજારો લોકો માન અને સન્માન આપતા હતા જ્યારે કેટલાક એવા પણ હતા જે એમની મહાનતાને હીનતાથી જોતા હતા.

મહાન વ્યક્તિઓને, મહાપુરુષોને કોઈ સામાન્ય વ્યક્તિ ઓળખી જ ન શકે અને ઓળખી ન શકે તો સમજી તો ક્યાંથી શકે ? મહાપુરુષોની પાસે દીર્ઘદષ્ટિ હોય, આંતરિક શક્તિ હોય એટલે એ જે કરતા હોય તે લાંબું જોઈ-વિચારીને કરતા હોય પણ ટૂંકી અને સંકુચિત દષ્ટિવાળા સમજી ન શકે એટલે તેને એ અયોગ્ય લાગે.

## (33) નિર્ભયતા

ગીરના જંગલમાં સ્થિત વિસાવદર નામનું ગામ. ગીરના જંગલનાં જંગલી અને ખૂનખાર પશુઓ વાઘ, સિંહ, દીપડા ઘણીવાર રાત્રિના સમયમાં ગામમાં આવી જાય અને ઘરની બહાર બાંધેલાં ગાય-બકરીનો શિકાર કરી જાય.

વિસાવદરથી આઠ કિ.મી. દૂર જંગલમાં મુકુંદભાઈ ગાઠાણીની આંબાવાડી. દિવસે પણ સૂર્યકિરણ પ્રવેશી ન શકે તેવાં ગાઢ આંબા અને ચીકુના વૃક્ષો. એવી વાડીમાં પૂ. ગુરુદેવ ઈ. સ. 1989 માં વાડીમાં એક મહિનો સાધના માટે રહ્યા.

બહારના દેખાવ અને આકૃતિના આધારે સામાન્ય માનવી અને મહાપુરુષમાં વધારે ફરક ન હોય. શરીરની દષ્ટિએ બંનેને હાથ-પગ, આંખ, નાક, કાન, બધાં અંગો સમાન હોય પણ મનથી બંનેમાં બહુ મોટો ફરક હોય.

મહાપુરુષો નિર્ભય હોય જ્યારે સામાન્યના મનમાં ભય હોય !

ગુરુદેવ એ વાડીમાં આવેલી એક નાનકડી ટેકરી ઉપરની ઓરડીમાં ઊતર્યા...ઓરડીને ન સરખી બારી હતી કે ન બારણું, કડકડતી ઠંડી અને સુસવાટા મારતો પવન ! !

બધાંએ ઘણી વિનંતી કરી, પૂ ગુરુદેવ ! આપ નીચે બરાબર પેક રૂમ છે ત્યાં રહો, પણ તપસમ્રાટે કહ્યું, તમે બધા નીચે આરામથી સૂઈ જાઓ, હું અહીંયાં બરાબર છું. ગુરુદેવની આજ્ઞા થઈ એટલે વધારે કાંઈ બોલાય નહીં.

બધાં ચુપચાપ નીચે ઊતરી ગયા અને ગુરુદેવ એક પાતળી એવી શાલ ઓઢી શાંતિથી માળા કરવા લાગ્યા. ન કોઈનો ડર કે ન કોઈ જાતનો ભય ! ! મહાપુરુષો નિર્ભય હોય જ્યારે સામાન્યના મનમાં ભય હોય.

થોડી વાર થઈ અને ત્રાડ નાખતો મોટો દીપડો આવ્યો. તેની ત્રાડથી ગભરાઈને નાના પશુ-પંખીઓ પણ ભયના કારણે ચીસાચીસ કરવા કરવા લાગ્યાં. નીચે સૂતેલાં સાધ્વીજીઓ અને ભકતો ભયભીત થઈ ગયાં. ઉપર ગુરુદેવ એકલા છે, ઓરડીને બારણું સરખું બંધ પણ નથી, હવે શું થશે ?

ગુરુદેવ શાંતિથી માળા કરતા હોય. બરાબર એ અડધા ખૂલેલા દરવાજાની સામે ખૂનખાર દીપડો પણ શાંતિથી બેઠો હોય. ગુરુદેવ દીપડા સામે જોતા હોય અને દીપડો ગુરુદેવની સામે ! ! અંધારામાં દીપડાની બે આંખો ચમકતી હોય. ગુરુદેવની આંખોમાંથી પ્રેમ વરસતો હોય અને દીપડાની આંખો એ દિવ્ય પ્રેમને ઝીલતી હોય ! !

દિવ્ય પ્રેમની આ જ તાકાત છે, ભલભલાને શાંત કરી દે. જેના રોમરોમમાં જીવમાત્ર પ્રત્યે પ્રેમ હોય તેને ક્યાંય ભય ન હોય. જેમ હિંસા, ચોરી, અસત્ય પાપ છે એમ ભય પણ એક પ્રકારનું પાપ છે. ભય વ્યકિતના દેહાધ્યાસને સૂચિત કરે છે. જેને દેહ ભિન્ન ચૈતન્ય સ્વરૂપી આત્માનો અનુભવ હોય તેને કોઈનો ભય રહેતો નથી.

દીપડો શાંત ચિત્તે જાણે પોતાના કોઈ વડીલના સાંનિધ્યમાં બેઠો હોય તેમ શાંતિથી બેસી રહે. દરરોજ પ્રતિક્રમણ સમયે દીપડો આવે, દીપડો જાય પછી એક વિષધર સર્પ આવે. તે પૂ. ગુરુદેવની સામે ફેણ માંડીને બેસે. પૂ. ગુરુદેવ પોતાની જપ-સાધનામાં લીન હોય. જાણે જપ-સાધનાના સૂરના પ્રભાવે સર્પ ડોલતો હોય તેમ ફેણ હલાવે, થોડી વાર સંતનું મૈત્રીભાવનું પવિત્ર સાંનિધ્ય માણીને ચાલ્યો જાય. આ ક્રમ એક મહિના સુધી સતત ચાલ્યો.

ઈ. સ. 1995માં પૂ. ગુરુદેવ દીર્ઘસાધના માટે તે જ વાડીમાં ત્રણ મહિના બિરાજમાન હતા. તે વાડીનું ક્ષેત્ર, જંગલનું એકાંત તીર્થંકરોની સાધનાભૂમિ જેવું લાગતું હતું.

પૂ. ગુરુદેવ સ્વયં સાધનામાં મસ્ત હોય, ન કોઈ ચિંતા કે ન કોઈ ભય, ન કોઈ સંકલ્પ કે ન કોઈ વિકલ્પ. એકમાત્ર જ્ઞાનભાવની અનુભૂતિ કરી રહ્યા હતા. ત્યારે પૂ. વીરમતીબાઈ મ. સા. ઠા. 4 ને પૂ. ગુરુદેવની સેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

ત્યારે એક વાર દીપડો રૂમની અંદર પૂ. ગુરુદેવની પાટની સમીપે પહોંચી ગયો. રાતનો સમય, કોઈ પાસે નહોતું. પૂ. ગુરુદેવ રાત્રિ જાગરણ કરતા આત્મભાવમાં સ્થિત હતા. જંગલી પ્રાણી સામે હોવા છતાં કોઈ ચલ-વિચલ પરિણામ નહીં, ભયનું નામનિશાન નહીં.

પૂ. વીરમતીબાઈ મ. સ. આદિ દર્શન કરવા જાય ત્યારે પૂછે એટલે ગુરુદેવ કહે, હું તો મસ્તીથી માળા કરતો હતો, હું મારા ભાવમાં હતો, એ એના ભાવમાં હશે.

આપણે કોઈને નડીએ નહીં, તો આપણને કોઈ નડે નહીં.

ખરેખર ! **अपमत्तस्स कुतो भयं** । અપ્રમત્ત હોય, જે આત્મ ભાવમાં સ્થિર હોય તેને ભય ક્યાંથી હોય ? શ્રી આચારાંગ સૂત્રની આ સૂક્તિ પૂ. ગુરુદેવના જીવનમાં સાકાર થયેલી હતી.

## (34) ભક્તને મળ્યાં ભગવાન

પૂ. ગુરુદેવ વડિયા બિરાજમાન હતા. જૂનાગઢથી એક ભાઈ (નટુભાઈ સોની) રોજ પૂ. ગુરુદેવ પાસે આવે. તે આર્થિક રીતે સમસ્યાથી ઘેરાયેલા હતા. પહેલે દિવસે પૂ. ગુરુદેવે તે ભાઈને ખબર ન પડે તેમ તેની સામે જોઈ લીધુ. તેની સમસ્યાને પૂ. ગુરુદેવ જાણી ગયા પણ વાત કરી નહીં. ભાઈ સોની જ્ઞાતિના હતા, મૌનપણે ચાલ્યા ગયા. બીજે દિવસે ફરી આવ્યા પણ ગુરુદેવ પાસે બોલી શક્યા નહીં. આ રીતે લગાતાર પંદર દિવસ સુધી રોજ આવે, મૌનપણે બેસે અને પાછા ફરી જાય. ઘણી વાર ભગવાન ભક્તની કસોટી કરતા હોય છે. પંદર દિવસની ધીરજ તથા તેવો જ ભક્તિભાવ જોઈને સોળમે દિવસે પૂ. ગુરુદેવે તેને પાસે બોલાવ્યા અને તેમના માથા પર હાથ ફેરવ્યો અને કહ્યું, જા, આજથી બીજાને ખવડાવવામાં ક્યારેય પાછું વળીને જોતો નહીં.

ગુરુદેવના આર્શીવાદથી નટુભાઈના રોમરોમ પુલકિત થઈ ગયા. ભક્તને ભગવાન મળી ગયા. ગુરુના સંકતને સમજી ગયા. આર્થિક સમસ્યાનું સમાધાન થઈ ગયું. ત્યારથી લઈને આજે પૂ. ગુરુદેવ પ્રત્યક્ષ ન હોવા છતાં તેવી જ તેઓ શ્રદ્ધા અને ભક્તિ ધરાવી રહ્યા છે. પૂ. ગુરુદેવના સંકેત અનુસાર બીજાને જમાડવામાં પોતાની સંપિત્તનો સદ્વ્યય કરતા રહ્યા છે.

## (35) વચનસિધ્ધ પુરુષ

- પૂજ્ય ગુરુદેવ વચનસિદ્ધ પુરુષ હતા. મૌન સાધનાના પ્રભાવથી તેમને વચનસિદ્ધિ પ્રગટ થઈ હતી. તેઓ આગમ-નિગમન જાણનારા પાર દૃષ્ટા હતા. ઘણી વાર ભવિષ્યમાં થનારી ઘટનાઓનો સંકેત આપી દેતા. પૂ. ભાગ્યવંતાબાઈ મ.સ. એ ઈ. સ. 1987માં પૂ. ગુરુદેવને સંથારા માટે વિનંતી કરી હતી ત્યારે તેમણે કહ્યું, હજી પાંચ વર્ષની વાર છે. બરાબર ઈ.સ. 1992માં સામૂહિક ચાતુર્માસ રાજકોટમાં થવાનું હતું. તે પહેલાં જ પૂ. ગુરુદેવે ભાગ્વંતાબાઈ મ. સ.ને કહી

દીધું કે આ ચોમાસામાં જે લાભ લેવો હોય તે લઈ લેજો. વચનસિદ્ધ ગુરુના વચનને સ્વીકારીને પૂ. મહાસતીજીએ અંતિમ આરાધના કરી.

- પૂ. ગુરુદેવ પોતાની જન્મભૂમિ વાવડીમાં ચાતુર્માસ બિરાજમાન હતા. નાનકડું ગામ, લોકોનું આવાગમન ઓછું હોય. ઘણીવાર પૂ. ગુરુદેવ સેવામાં રહેલા પોતાના સંસારી ભત્રીજા રમેશભાઈ રૈયાણીને સવારના પહોરમાં કહે, રમેશ ! આજે 200 માણસો દર્શને આવશે, આજે 400 માણસો દર્શને આવશે. રમેશભાઈના મનમાં દ્વિધા થાય કે કોઈના કાંઈ સમાચાર નથી અને તૈયારી કેમ કરવી ? પણ વચનસિદ્ધ ગુરુદેવના વચન પર શ્રદ્ધા રાખી 200-200 માણસોની રસોઈ કરાવે અને જમવા સમયે 200 માણસો આવી જ ગયા હોય.

- એક વાર વડિયા ભામાશા શ્રી રમણીકભાઈ શાહ દર્શન કરવા આવ્યા. પૂ. ગુરુદેવે તેમને કહ્યું, તમારે વરસીતપ કરવાનો છે. આવતી કાલે સવારે પચ્ચક્ખાણ લેવા આવી જજો. જે વ્યક્તિએ ક્યારેય એકાસણું પણ કર્યું ન હોય, જેને વરસીતપ એટલે શું ? તેની પૂરેપૂરી ખબર ન હોય, તેવી વ્યક્તિ કોઈ પણ પ્રકારના વિચાર વિના બીજે દિવસે પૂ. ગુરુદેવના સાંનિધ્યમાં આવી શ્રદ્ધાપૂર્વક વરસીતપનો પ્રારંભ કરે અને નિર્વિઘ્ને પૂર્ણ પણ થઈ જાય આ, પૂ. ગુરુદેવની વચનસિદ્ધિનો જ પ્રભાવ હતો. આવા અનેક અનુભવો અનેક ભક્તોએ કર્યા હતા.

## (36) સંકલ્પસિધ્ધ સાધક

પૂજ્ય ગુરુદેવની સંકલ્પશક્તિ ગજબની હતી. નાનપણથી જ ધાર્યું કામ સંકલ્પપૂર્વક પાર પાડવું તે તેમનો સ્વભાવ હતો. વૈરાગ્યકાળમાં જ્યારે માતા-પિતાની આજ્ઞા માટે ગયા ત્યારે અઠ્ઠમ તપની આરાધના સાથે સંકલ્પ કર્યો હતો કે દીક્ષાની આજ્ઞા મળે તો જ પારણું કરવું છે. ત્રણ દિવસમાં મા-બાપ પીગળી ગયાં અને સંકલ્પબળે તેમને દીક્ષાની આજ્ઞા મળી ગઇ. દીક્ષા

લીધા પછી પૂ. ગુરુદેવે તપ જપ કે મૌન સાધનાના જે-જે સંકલ્પો કર્યા તે સાંગોપાંગ પાર ઉતાર્યા હતાં.

પૂ. ગુરુદેવે પાણીના પચ્ચક્ખાણ કર્યા ત્યાર પછી વિદર્ભ તરફ વિહાર કર્યો. વિદર્ભની કાળઝાળ ગરમી, તૃષાનો પરિષહ, તે ક્ષેત્રોમાં દહીં-છાસની પ્રાપ્તિ પણ દુર્લભ, ક્યારેક મળે તો પણ ખાટી હોય, શરીરને પ્રતિકૂળ હોય. આટઆટલી કઠિનતામાં પણ પોતાના પાણીના ત્યાગના સંકલ્પને ટકાવી રાખ્યો હતો.

ક્યારેક અશાતાના ઉદયમાં ડૉક્ટરો બ્લડ ચેકિંગ કરવાનું કહે, પૂ. ગુરુદેવને સ્વયંને અશાતાના ઉપચારની ઇચ્છા ક્યારેય થઈ નથી પરંતુ ભક્તો કે ડૉકટરો લોહી તપાસવાનો આગ્રહ કરે , લોહી લેવાનો પ્રયત્ન કરે પરંતુ જો લોહી દેવું જ નથી તેવો પૂ. ગુરુદેવનો સંકલ્પ હોય તો લાખ પ્રયત્ન કરવા છતાં લોહી આવે જ નહીં. કદાચ સામાન્ય સાધકો શરીરના હલનચલન પર કંટ્રોલ કરતા હોય, આસનની સ્થિરતા કેળવતા હોય; પરંતુ **લોહીનું ભ્રમણ પણ પોતાની ઇચ્છાનુસાર થવું તે સંકલ્પસિદ્ધ યોગનિષ્ટ સાધક જ કરી શકતા હોય છે.**

તે જ રીતે આજના ફોટો કે વિડિયોના યુગમાં ભક્તો પૂ. ગુરુદેવના ફોટો લેવાની ઇચ્છા કરે પરંતુ જ્યારે તેઓની ઇચ્છા ન હોય, આજ્ઞા ન હોય ત્યારે ભક્તો ગમે તેટલો પ્રયત્ન કરે પરંતુ ફોટો ખેંચી શકે નહીં. બધા જ ફોટા બ્લેન્ક રહે. આખો રોલ ફેઈલ જાય. જે દુનિયાના દોરવાયા દોરવાઈ ન જાય તે જ પોતાનો સંકલ્પ સિદ્ધ કરે છે.

પૂ. ગુરુદેવે પોતાની તમામ શક્તિનો ઉપયોગ આત્મસાધના માટે કર્યો, તેની સાથે જ તેમનું દિલ કરુણાશીલ હોવાથી દીન-દુ:ખીયાનાં દુ:ખોથી તેઓ દ્રવી જતા અને પોતાની શક્તિના પ્રભાવે તેઓનાં દુ:ખ દૂર કરવા પ્રયત્નશીલ થતા. કોઈ પણ વ્યક્તિ વેદનાથી પીડિત હોય, પૂ. ગુરુદેવનાં ચરણમાં કાંઈક

આશા લઈને આવી હોય અને પૂ. ગુરુદેવ તેનાં દુ:ખ દૂર થાય તેવા સંકલ્પ સાથે પાંચ મિનિટ તેની સામે માત્ર દષ્ટિપાત કરે તો પણ તેનું દુ:ખ દૂર થઈ જતું. આવા અનેક વ્યક્તિઓના અનુભવો છે. પૂ. ગુરુદેવે પોતાની સંકલ્પ શક્તિથી અનેકનાં દુ:ખને દૂર કર્યા છે, તે જ સિદ્ધપુરુષોની સિદ્ધિની સફળતા છે.

## (37) આકરાં અભિગ્રહ

• એક વાર પૂ. ગુરુદેવે પોતાની સાધનાભૂમિ વડિયામાં બિરાજમાન હતા. સવારે ઉઠીને (સંકલ્પ) અભિગ્રહ કર્યો કે શ્વેત વસ્ત્રધારી, આંખમાં આંસુ હોય તેવી વ્યક્તિ મોસંબીનો રસ વહોરાવે તો જ આહાર-પાણી ગ્રહણ કરવા અને સંકલ્પ સિધ્ધ ન થાય ત્યાં સુધી ઉપવાસ.

વડિયા જેવું નાનું ગામ, જ્યાં મોસંબી જેવાં ફળો મળે નહીં અને તેમાં પણ ગોચરીમાં મોસંબીનો રસ મળવો અત્યંત દુર્લભ. રોજ ગામમાં ગોચરી માટે જાય પણ સંકલ્પ પૂરો ન થાય. એક, બે, ત્રણ, ચાર, પાંચ અને છ દિવસ વ્યતીત થયા પણ ધીરજ અને સમતા, આહાર-પાણી ન મળવા છતાં પ્રસન્નતા... અંતે પ્રભુનો સંકલ્પ ચંદનબાળાના નિમિત્તે સિધ્ધ થયો તેમ પૂ. ગુરુદેવને પણ અઠ્ઠમનાં તપસ્વી મીનાબેનનો યોગ થયો. તેને પારણાં હોવાથી રાજકોટથી મોસંબી આવી હતી. સૂઝતો નિર્દોષ રસ હતો, યોગાનુયોગ તેમણે સફેદ વસ્ત્ર ધારણ કર્યા હતા. પૂ. ગુરુદેવ ગોચરી માટે પધાર્યા અને મીનાબહેનના હાથે છ દિવસનું પારણું થયું.

મહાપુરુષોના સંકલ્પમાં એવી પ્રબળતા હોય છે કે તેના પ્રભાવે ગમે તે રીતે સર્વ યોગ સાનુકૂળ બની જાય છે. તેમાં કદાચ થોડો-ઘણો સમય વ્યતીત થાય પણ દઢતમ સંકલ્પ અવશ્ય સફળ થાય છે.

• એક વાર પૂ. ગુરુદેવે સૌરાષ્ટ્રના અમરેલી ગામમાં અભિગ્રહ ધારણ કરી ગોચરી માટે નીકળ્યા. સ્વયં મનોમન સંકલ્પ કરી લીધો છે. લોકોનું ટોળું સાથે

ફરી રહ્યું છે. ગુરુદેવ ઘરે-ઘરેથી ખાલી પાત્ર લઈને પાછા વળે છે. શું કરવું ? સંકેત સમજાતો નથી. પૂ. ગુરુદેવ બોલી રહ્યા છે, **'કમ ખાના, ગમ ખાના, નમ જાના'.** લોકો કાંઈ સમજે નહીં. સાંકેતિક શબ્દોમાં અભિગ્રહની સમજણ હતી ક-કળથી અને મ-મકાઈનો રોટલો. આ બે ચીજ મળે ત્યારે જ આહાર લેવો, આવો સંકલ્પ, લગભગ આઠ દિવસે યોગાનુયોગ પૂર્ણ થયો હતો.

ઈ. સ. 1992 થી તેઓએ આજીવન મૌનવ્રતનો સંકલ્પ કર્યો. તે પણ અણીશુદ્ધ પૂર્ણ કર્યો. અંત સમયની અસહ્ય વેદનામાં પણ ક્યારેય ભૂલથી પણ મૌનનો ભંગ કર્યો નથી. તેઓ કહેતા કે **હવે સ્વપ્નમાં પણ બોલવાનું થતું નથી. જે ગયું તે ગયું જ છે.** આ છે તેમની સંકલ્પસિદ્ધિ.

પૂ ગુરુદેવે પોતાના સાધનાકાળમાં જે-જે સંકલ્પો કર્યા હતા તે મનની મક્કમતાથી સિદ્ધ થયા છે, તેથી જ તેઓ સંકલ્પસિદ્ધ સાધક હતા.

## (38) પ્રભાવક વ્યક્તિત્વ

એક ગામમાં એક પટેલ અને એક દરબાર, બંને પૂ. ગુરુદેવના પ્રભાવથી પ્રભાવિત થયા હતા. તેઓ બંને પરસ્પર અપરિચિત હતા. બંને પાસે પૂ. ગુરુદેવની પ્રસાદીરૂપે ગુરુદેવે આપેલું સવન હતું. એક નાનકડી વાતમાં બંને વચ્ચે ઝઘડો થયો. ક્રમશઃ ઝઘડાએ મોટું સ્વરૂપ ધારણ કર્યું. બંને મારામારી સુધી પહોંચી ગયા. ક્ષત્રિય દરબારે પટેલને પછાડી દીધો અને તેના ઉપર ચઢી બેઠો. પોતાના ખિસ્સામાંથી ચાકુ કાઢવા ગયો. ચાકુની સાથે પૂ. ગુરુદેવે આપેલું સવન નીચે પડ્યું. તે સવન પેલા પટેલ ભાઈના પગમાં પડ્યું. તેમાં ગુરુનો ફોટો જોઈને પટેલના મુખમાંથી એકદમ શબ્દો સરી પડ્યા... અરે ! આ તો મારા ગુરુદેવનો ફોટો.

ગુરુદેવ શબ્દ સાંભળી ક્ષત્રિયનો હાથ થંભી ગયો અને પૂછ્યું, તું મારા ગુરુને ઓળખે છે ? પટેલે કહ્યું, હા, તે મારા પણ ગુરુ છે. બંને એકબીજાને

જોતા રહ્યા. ગુરુના પ્રભાવે ક્ષણમાં બંનેનો ક્રોધ અને વેરભાવ શાંત થઈ ગયા. બંને ગુરુ પાસે ગયા. ગુરુદેવે સાંકેતિક શબ્દોમાં કહ્યું, એક બાપના દીકરા છો**, આજથી તમારા સાત પેઢીના વેરનો અંત થાય છે...**

પટેલ અને દરબાર બંનેએ ગુરુના સંકેતને સમજીને વેરભાવને વળાવીને સ્નેહનો સેતુ બનાવી આનંદથી રહેવા લાગ્યા.

આ રીતે પૂ . ગુરુદેવના પ્રભાવથી સંસારી કે સંતોની વિવિધ પ્રકારની સમસ્યાનું સમાધાન સહજ રીતે થઈ જતું.

## (39) ગાયનો પ્રેમ

મહાપુરુષોની કરુણા કે સંવેદનશીલતા કેવળ મનુષ્યજાતિ સુધી સીમિત હોતી નથી. તેમનો કરુણાભાવ જીવમાત્ર તરફ પ્રવાહિત થાય છે. તેઓનું કરુણાથી આર્દ્ર બનેલું દિલ સંવેદનશીલ બની જાય છે. તેઓને અન્યનું દુ:ખ પોતાનું લાગે છે, તેથી જીવમાત્રના દુ:ખ નિવારણ માટે તેઓ પ્રેરિત થાય જ છે.

સૌરાષ્ટ્રમાં દુષ્કાળનાં વરસો હતા. ગ્રામ્યજનો પોતાના પરિવારનું ભરણપોષણ મુશ્કેલીથી કરતા હોય તેવી પરિસ્થિતિમાં મૂંગા પશુઓની સંભાળ કોણ રાખે ? પશુઓ ભૂખ્યા - તરસ્યાં મૃત્યુને ભેટતાં હતાં.

આવી વિકટ પરિસ્થિતિમાં પૂ. ગુરુદેવની પ્રેરણાથી પોતાની કર્મભૂમિસમ વડિયામાં ગૌશાળાની સ્થાપના કરી. માલિકો પોતાના પશુધનને ગૌશાળામાં મુકી જાય અને ગૌશાળાના અધિકારીઓ પોતાનાં સંતાનોની જેમ મૂંગાં પશુઓને સંભાળતા હતા. પૂ. ગુરુદેવને ગાયો સાથે જાણે પૂર્વનો ઋણાનુબંધ હોય તેમ તેમને ગાયો અત્યંત પ્રિય હતી. ગૌશાળામાં તે સમયે સેંકડો ગાયો હતી.

તપસમ્રાટ પૂ. ગુરુદેવ જેવા ગૌશાળામાં પ્રવેશ કરે એની થોડી ક્ષણો

પહેલાં જ ગાયોને એમના આગમનની જાણ થઈ જાય, નાચવા-કૂદવા અને ભાંભરવાનું શરૂ કરી દે. ગાયો પણ એમના પ્રભાવને અનુભવી પ્રસન્ન થઈ જાય. ગુરુદેવની અમીદૃષ્ટિ પડે અને ગાયો ભાંભરીને પોતાનો પ્રેમભાવ વ્યકત કરે.

કોઈ પણ વ્યકિત પૂ. ગુરુદેવ પાસે લાભ લેવાના પોતાના ભાવ વ્યકત કરે કે ગુરુદેવ કોઈ સેવાનો લાભ આપો, કોઈ આજ્ઞા કરો. ત્યારે ગુરુદેવ એક જ જવાબ આપે, મને કાંઈ ખપ નથી. ગૌશાળામાં ગાયો માટે પાંચ ગાડી ધાન મોકલાવી દેજે, તો કોઈને કહે કે 25 ગાડી ઘાસ મોકલાવી દેજે.

અંત સમયે જ્યારે તેઓ એચ. જે. હૉસ્પિટલમાં હતા ત્યારે એમને ટ્રીટમેન્ટ આપનાર કાર્ડિયોલૉજિસ્ટ ડૉક્ટર ગૌતમભાઈ દવે વારંવાર ગુરુદેવને તપાસવા આવે. 13મો દિવસ હતો, તે દિવસે ગુરુદેવની તબિયત સુધારા પર હતી. ડૉ. દવે આવ્યા અને ગુરુદેવને કહ્યું, ગુરુદેવ! કાંઈ સેવા કરું? ગુરુદેવે પાટી માગી, પાટીમાં ધ્રૂજતા હાથે મુશ્કેલીથી લખ્યું... વડિયા ગૌશાળામાં ગાયો માટે ઘાસ અને ધાન. 27મા દિવસે તપસમ્રાટ પૂ. ગુરુદેવની વિદાય પછી ડૉ. દવેએ પહેલું કામ વડિયા ગૌશાળામાં જઈ ઘાસ અને ધાનનું દાન આપ્યું.

ગુરુદેવે એ ગાયોને એટલો પ્રેમ, એટલું વાત્સલ્ય અને એટલી મમતા આપી હતી કે જ્યારે પૂ. ગુરુદેવની વિદાય થઈ ત્યારે ગીતા નામની ગાયે તો વિદાયની ક્ષણથી પાલખી વિદાય સુધી ત્રણ દિવસ સુધી ન કાંઈ ખાધું, ન કાંઈ પીધું... બસ, એક જગ્યાએ બેસીને રડતી જ રહી.

ગુરુદેવનો કાળધર્મ રાજકોટમાં અને વડિયા ગૌશાળામાં રહેલી એ ગાયને કોઈ અજાણ-સૂક્ષ્મ અનુસંધાન કે તે ગીતા ગાયને મારા નાથ ચાલ્યા ગયા તેવી સંવેદના થઈ.

અબોલ પશુઓ પર પણ એમની આટલી અસર થતી હતી એવી તેમની મહાનતા હતી. એવી તેમની કરુણા હતી. પૂ. ગુરુદેવની વિદાયનાં 14 વર્ષ પછી આજે પણ વડિયામાં એ ગૌશાળા સરસ ચાલે છે .

## રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના જીવન પ્રસંગો

## (40) દિવ્ય અનુસંધાન

26 સપ્ટેમ્બર 1970 ની સાલમાં નાગપુર શહેરમાં, રત્નકુક્ષિણી માતા શ્રી પુષ્પાબેન કનૈયાલાલ ભાયાણીનાં આંગણે મહાવીર નામના બાળકનો જન્મ થયો. માત્ર 6 વર્ષની નાની ઉંમરથી તેઓના અંતરમાંથી સ્ફુરણાઓ થતી અને સત્ય ઠરતી.

એકવાર લાઠી ગામમાં મિત્રો સાથે રમતા રમતા ઘરના આંગણામાં ઉભેલાં લીમડાનાં વૃક્ષને જોઈને 6 વર્ષના મહાવીરના મુખમાંથી સહજપણે શબ્દો નીકળ્યાં, **''આવતા વર્ષે આ વૃક્ષ પર ઘણી બધી પીળી સોનેરી લીંબોળી આવશે પણ પછી આ વૃક્ષ મૂળ સહિત પડી જશે''.** મુખમાંથી શબ્દો નીકળી ગયા, બધાએ સાંભળ્યા પણ ખરા અને એ શબ્દને સામાન્ય સમજીને બધાએ વિસારી પણ લીધા! પરંતુ બીજા જ વર્ષે વૃક્ષ પર લીંબોળીઓ તો ઘણી બધી આવી, પણ કંઇ વાવાઝોડું, વરસાદ કે બીજા કોઈ કારણ વિના પણ એ વિશાળ વૃક્ષ મૂળ સાથે જમીનદોસ્ત થઈ ગયું! આમ માત્ર 6 વર્ષના મહાવીરનું કથન અક્ષરે અક્ષર સાચું પડ્યું.

નાનપણથી મહાવીરને મિત્રો સાથે ફરવા જવા કરતા વધારે ધર્મસ્થાનમાં જઈને સંત-સતીજીઓ પાસે ધર્મની સમજ મેળવવી વધારે ગમતી, ધાર્મિક પુસ્તકો વાંચવા ગમતા અને જ્યારે મહાવીરને સમજ પડી કે પાણીમાં પણ જીવ છે, ત્યારે ગોંડલ સંપ્રદાયના પૂ. શ્રી. સવિતાબાઈ મ. અને પૂ. શ્રી. મંજુલાબાઈ મ.પાસે માત્ર **8 વર્ષની નાની ઉંમરે મહાવીરે આજીવન સચેત પાણીનો ત્યાગ કરી દીધો હતો.**

નાનપણમાં જ મહાવીરે માત્ર પાકું પાણી જ પીવાનો નિયમ કરી લીધો હતો. પરંતુ જે ગ્લાસમાં પાણી પીવા મળતું, એ ગ્લાસ પર ક્યારેક કાચા પાણીના ટીપાં પડેલાં રહેતાં હતાં એ મહાવીરને ગમતું ન હતું. ત્યારે એ સમય

દરમ્યાન એક રાત્રિએ મહાવીરને નીંદરમાં એક દૈવી અવાજ સંભળાયો, ''મહાવીર ! જે માંગવું હોય તે માંગી લે. તું જે માંગીશ તે આપીશ !'' આઠ વર્ષના નાનકડા મહાવીરે ન સુખ માંગ્યા, ન સમૃધ્ધિ માંગી ! પણ તદ્દન નિર્દોષ ભાવે, **આજ પછી હું જ્યારે જ્યારે પાણી પીવું ત્યારે ત્યારે મને પાણી પીવા માટે કોરો ગ્લાસ જ મળે,** એવું માંગ્યું ! અને, ત્યારથી યોગાનુયોગ બનતું પણ એવું જ કે, મહાવીરને જ્યારે જ્યારે જેટલી પણ વાર પાણી પીવાનું થાય, ત્યારે ત્યારે કોરો ગ્લાસ જ એમને મળી રહેતો.

નાની ઉંમરથી મહાવીરનું દૈવી તત્વ સાથેનું અનુસંધાન રચાયું હતું. અવાર-નવાર દૈવી સંકેતો અનેક પરિસ્થિતિમાં મહાવીરને ચેતવણી આપી સંજોગોથી વાકેફ કરતા હતા. મહાવીર પણ એ દૈવી અનુસંધાન સાથે તાલમેલ સાધી તેના રહસ્ય સુધી પહોંચવા પુરુષાર્થ કરતા હતા.

અને એક દિવસ જ્યારે 19 વર્ષના મહાવીર ભર નિંદ્રામાં સુતા હતા ત્યારે અડધી રાત્રે એક દૈવી અવાજે મહાવીરને ઢંઢોળ્યાં, **''જાગ મહાવીર ! જાગૃત થા, તારું આયુષ્ય અલ્પ છે, તું તારું કામ કરી લે !''** વર્ષોથી સંકેતો આપી સંકટમાંથી ઉગારનાર એ ચિરપરિચિત અવાજ સાંભળીને જાગૃત થયા. ચેતવણી પર ચિંતન કર્યા બાદ, મહાવીરે સવારે માતાને સંકેતની વાત કરી અને એક ક્ષણના પણ વિલંબ વગર કોઇ ક્ષત્રિયાણીના નૂર જેવા, કોઇ વીરાંગનાના હિર જેવા, કોઇ સિંહણની ત્રાડ જેવા, માના મુખમાંથી સરેલા શબ્દો **''મહાવીર ! તું દીક્ષા લઈ લે''** સાંભળી, સ્વીકારીને સત્યની શોધમાં નીકળી પડ્યા.

અને 10 ફેબ્રુઆરી, 1991 માં પરમ તત્વ અને સર્વજ્ઞના સત્યને પામવા, સંયમ જીવનનો સ્વીકાર કરનાર મહાવીર તે અન્ય કોઈ નહીં, પણ **રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ !**

## (41) સ્પર્શામૃત

છ ખંડનું આધિપત્ય ધરાવનાર ચક્રવર્તી સ્વયંને છ ખંડનો સમ્રાટ અને ષટખંડની માલિકીને અનુભવે છે. પરંતુ સંપૂર્ણ લોકની વિશ્વ શક્તિના ધારક એવા **પંચ મહાવ્રતધારી સાધુ, હર હંમેશ પ્રભુ આજ્ઞાનુ આધીનત્વ અનુભવે છે.** શ્રી વીતરાગ પ્રભુની આજ્ઞા '**विहारचर्या इसीणं पसत्था**' એટલે કે જ્યાં સુધી તન અને મન સક્ષમ છે ત્યાં સુધી પંચ મહાવ્રતધારી સાધુ કે સાધ્વીજીએ એક ગામથી બીજે ગામ વિચરણ કરવું તે પ્રશસ્ત છે, શ્રેષ્ઠ છે અને યોગ્ય છે. વિહાર દરમ્યાન અનેક ક્ષેત્રોમાં જૈનોની વસ્તી ન જોવા મળે પરંતુ તે વિસ્તારના ઘણા જૈનેતરો સવાયા જૈન બનીને વારંવાર પોતાના આવાસમાં સાધુ-સંતોને પ્રવેશ આપી વિહારધામ સર્જી દેતા હોય છે.

આમ પ્રભુની આજ્ઞાનું પાલન કરતાં થકા પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ એકદા તાવી ગામમાં પધાર્યા. સૂર્યમુખી જેમ સૂર્યના આગમનથી ખીલી જાય છે એમ ભાવવિભોર થઈ સંપૂર્ણ ભક્તિભાવ અને અહોભાવ સાથે પટેલ પરિવારે ગુરુદેવશ્રીને સ્વ આવાસમાં નિવાસ કરવાની વિનંતી કરી. અને ફળ સ્વરૂપે ગુરુદેવશ્રીના પાવન પગલાં એમનાં આંગણે થયા. હૃદયના ઉત્કૃષ્ટ ભાવથી સમગ્ર પરિવાર ગુરુદેવશ્રીની વધામણી અને વૈયાવચ્ચમાં લાગી ગયો.

પુષ્પ ખીલે કે કરમાય એની સુવાસ, એની સુરભી ક્યારેય પણ મુરઝાતી નથી એમ મહાપુરુષો હજારોની વચ્ચે હોય કે અમુકોની વચ્ચે હોય, એમની હાજરી સ્વયં પ્રેરણા બની ધર્મ તરફ પ્રયાણ કરાવનારી હોય છે. ગુરુદેવશ્રીએ કરુણાકારી જિનવાણી ફરમાવી ત્યારે તે પટેલના પરદેશથી ઉપસ્થિત રહેલ પૌત્રએ પૂછ્યું, ''મહારાજ સાહેબ, વર્ષોથી ઘણા જૈન સંત સતીજીઓ અમારા ઘરે પધાર્યા છે. આજે આપ પધાર્યા છો. વૃધ્ધ હોવા છતા મારા દાદા અને ગેંગરીનને લીધે પગે તાત્કાલિક ઓપરેશન કરાવવુ પડે એવા

મારા દાદી પણ આપની સેવા કરે છે. **જેટલા સંત સતીજીઓ પધારે તેમને તો અમારા ઘરે વિસામો મળી જાય છે પણ એનાથી અમને શું લાભ ?''**

પૂજ્ય ગુરુદેવે માર્મિક સ્મિત આપી એ યુવાનને કહ્યું, આ વાત હું તને આવતીકાલે વિહારમાં સમજાવીશ. જોતજોતામાં દિવસ પસાર થયો ને બીજા દિવસે ફરી વિહારનો સમય થયો. પૂજ્ય ગુરુદેવે વિહાર શરૂ કરતા પહેલા માંગલિક ફરમાવ્યું અને એ યુવાનને પોતાની પાસે બોલાવીને કહ્યું, **''મે જ્યાં ઊભા રહીને માંગલીક કહ્યું, ત્યાં જ્યાં મારા પગલા છે ત્યાં તું અત્યારે નિશાની કરી લે''.** યુવાને જિજ્ઞાસા સાથે માટીના ઘરમાં માટીના ફ્લોરીંગમાં એવું જ કર્યું અને વિહાર શરૂ થયો.

વહેતા પવનને માણી શકાય પણ જો કોઇ જોવાનો પ્રયત્ન કરે તો ? યુવાનની ઉત્કંઠાનો આખરે અંત થયો, વિહારમાં ગુરુદેવે યુવાનને બોલાવીને કહ્યું, ''તને જાણવું હતું ને કે સંતોના આગમનથી, અથવા સંતોને, પંચમહાવ્રતધારી સાધુઓને આવાસમાં આરામ-વિશ્રામનું દાન આપવાથી શું થાય ?'' અને યુવાને હા કહી જવાબ આપ્યો. ગુરુદેવે એ યુવાનને કહ્યું, **''આજે સવારે તે જે ભૂમિ ઉપર પગલાની નિશાની કરી હતી તે જગ્યામાં જે અચેત માટી નિકળે તેને અચેત પાણીમાં ભેળવીને તું તારા દાદીના ગેંગરીન વાળા પગમાં લગાડજે.''** એ યુવાન કાંઇ પણ બોલ્યા વિના પાછો વળી ગયો. જેના મનમાં શંકા હોય એ એક વખત અખતરો તો કરે જ.

અખતરા પછીના 15 દિવસ પછી અંતરમાં જન્મેલી આસ્થા લઇને પરદેશથી આવેલા તે યુવાને ગુરુદેવશ્રીને જણાવ્યું કે,

**''સંતોની ચરણરજ સામે મોટા મોટા ડોક્ટર્સનુ ગણિત પણ પાછળ રહી ગયું. દાદીનો પગ કપાવવો પડત તેવુ ગેંગરીન લુપ્ત થઈ ગયું, તે પણ અન્ય કોઇ દવા કે ઓપરેશન વગર, માત્ર આપના ચરણનો સ્પર્શ પામી પાવન થયેલ માટીના સ્પર્શથી.''**

જે રણ ને પણ ઉપવનમાં પરિવર્તિત કરી દે એવા હોય છે મહાપુરુષોના શ્રીચરણ.

**જેઓની ચરણની રજ માત્ર કોઈ વ્યક્તિને રોગથી નિરોગી કરવાની ક્ષમતા ધરાવે છે તેવા સ્પર્શોસહિ મહાલબ્ધિ અને રિદ્ધિના સ્વામી હોય છે જૈન સંતો.**

## (42) હજી પણ યાદ છે

સત્યને કોઈ માને કે ના માને, પણ સત્વની સામે તો કાળ પણ થંભીને પ્રણામ કરે છે.

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીની અનન્ય કૃપા પ્રાપ્ત કરનાર ઘાટકોપરના ગુરુભક્ત શ્રી પરાગભાઇ શાહ ગુરુદેવશ્રી સાથે થયેલા અનેક અનુભવોમાંથી એક પ્રસંગ વર્ણવતા જણાવે છે કે,

એક દિવસ મારા ભાગ્યનો ઉદય થયો હતો. 2007 નું વર્ષ ગુરુદેવનું ચાર્તુમાસ પારસધામમાં હતું. વરસાદ બીલકુલ ન હતો. અને ગુરુદેવ મારા ઘરથી નજીક બીપિનભાઇ સંઘવીના ઘરે રોકાયા હતા. એટલે મે ગુરુદેવને ખૂબ વિનંતી કરી કે તેઓ મારાં ઘરે પધારે. ગુરુદેવએ મારી વિનંતીનો સ્વીકાર કર્યો અને ત્યાંથી મારા ઘરે પધારતી વખતે રસ્તામાં મેં કહ્યું, ‘‘ગુરુદેવ ! 3 - 4 કલાકની સ્થિરતા કરજો.’’ ગુરુદેવે કહ્યું, ‘‘મને લાગે છે વરસાદ આવશે. મારે તરત નીકળી જવું પડશે.’’ ત્યારે તો તડકો હતો. મેં કાંઈ કહ્યું નહી અને મૌન ભાવે વિચાર્યું કે **આકાશ સાફ છે અને ગુરુદેવ વરસાદની વાત કરે છે !**

ગુરુદેવ અમારાં ઘરે પધાર્યા. પંદર મીનીટમાં તેઓ ઉભા થયા કે, ‘‘મારે નીકળવું પડશે. વરસાદ શરૂ થઈ જવાનો છે.’’ મેં આકાશ સામે જોયું બપોરનો

તડકો હતો. મને એમ કે ગુરુદેવને થોડું રોકું એટલે મેં તેમને જબરદસ્તી દસ મીનીટ માટે વધુ રોક્યાં, ''ગુરુદેવ ! તડકો છે. શું ઉતાવળ છે ?'' ગુરુદેવે કહ્યું, **''પાંચ મીનીટની વાર છે. પહોંચી જવાશે.''** મને નવાઈ લાગી કે આકાશ સાફ છે, તડકો છે અને ગુરુદેવ વરસાદની વાતો કેમ કરે છે ? તો પણ મેં તેમનું ન માન્યું અને પરાણે રોક્યા.

પાંચ મીનીટ થઈ અને તડકો ગયો. અચાનક આકાશ વાદળોથી ઘેરાઈ ગયું અને ધોધમાર વરસાદ શરૂ થયો. ગુરુદેવે સાંકેતિક રીતે મારી સામે જોયું, 'તે મારી વાત ન માની !' મેં ખુશ થઈને ગુરુદેવને કહ્યું, ''સારું ! હવે અહીં જ રોકાવું પડશે. અમને આપનો વધુ લાભ મળશે.'' ગુરુદેવે કહ્યું, ''હમણાં વરસાદ બંધ થશે'' અને તેઓ પોતાના પાત્રા, રજોહરણ લઈને વિહાર કરવા તૈયાર થયા. મેં કહ્યું, ''ગુરુદેવ ! આટલાં વરસાદમાં વિહાર કરશો ?'' ગુરુદેવ બોલ્યા, ''પાંચ મીનીટ માટે વરસાદે બંધ થવું પડશે નહીંતર રાત સુધી બંધ જ નહી થાય'' અને તેઓ ફટાફટ પગથિયા ઉતર્યા. હું તેમની પાછળ દોડ્યો.

વરસાદ ખુબ જોરથી આવતો હતો. અમે 13 માં માળેથી ગ્રાઉન્ડ ફ્લોર પહોંચ્યા અને **ગુરુદેવે તેમનો જમણો હાથ આકાશ તરફ ઉંચો કર્યો અને બોલ્યા,** ''જલ્દી નીકળી જઈએ ! પાંચ મીનીટમાં પહોંચવું પડશે'' અને હું જોતો જ રહી ગયો. વરસાદ બે સેંકડમાં બંધ થઈ ગયો અને અમે ફટાફટ ચાલતાં નીકળ્યાં, સાડા ચાર મીનીટ થઈ અને અમે બીપિનભાઇના ઘરે પહોંચી ગયા. ગુરુદેવ બોલ્યા, **''20 સેંકડમાં વરસાદ શરૂ થશે તે ચાર-પાંચ કલાકે બંધ થશે''** અને ખરેખર 20 મી સેકંડે વરસાદ જાણે ગુરુદેવની આજ્ઞાની રાહ જોતો હોય તેમ શરૂ થયો અને રાત સુધી મન મુકીને વરસ્યો.

આ ઘટના મારી નજર સામે બની એટલે હું માની શક્યો નહીતર તો કદાચ આ વિજ્ઞાનના સમયમાં આ વાત આપણે માની શકીએ ખરા ?

# (43) ગુરુ અનુભવાયા

આશ્વાસન, વિસામો કે નિર્ભયતાનું સ્થાન એટલે સદગુરૂનું શરણ. ગુરુ સાથે એકરૂપ થઈ સમર્પણતાના પૂર્ણ ભાવ સાથે ભક્તિ કરતાં, સુખ શાંતિ મળે, ઉપાધિ ટળે, અને એના માટે જોઈએ તો માત્ર અનન્ય શ્રદ્ધા અને વિશ્વાસ !

કોલકાતાના ભક્ત પ્રદીપભાઈ ચાઇના ટૂર માટે ગયેલા. ત્યાં અચાનક એક દિવસ એમને ચક્કર આવી ગયા અને તેઓ પડી ગયા. પણ પછી બધું બરાબર થઈ ગયું. કોલકાતા આવીને બધા ટેસ્ટ કરાવ્યા. તેમાં સોનોગ્રાફીનો રીપોર્ટ આવ્યો કે કિડનીમાં મહારોગ છે અને મહારોગની ગાંઠો આખા શરીરમાં સ્પ્રેડ થાય તે પહેલા કિડનીનું ઓપરેશન કરીને કિડની કઢાવવી પડશે. કહેવાય છે ને ''ક્યારેય આપત્તિ પૂછીને નથી આવતી'' પ્રદીપભાઈનો પરિવાર પણ આ અણધારી આફતથી ખૂબ જ ચિંતાતુર થઈ ગયો. પરંતુ જેના હૈયામાં ગુરુનો વાસ અને ગુરુ પ્રત્યે વિશ્વાસ હોય તેને એવો વિચાર ક્યારેય ન આવે કે હું શું કરીશ ? કારણ, પોતાના ગુરુ પ્રત્યે અતૂટ શ્રદ્ધા અને સમર્પણતા. તેમના પરિવારે પણ તરત જ સદગુરૂનું શરણ લેતા મુંબઈ બિરાજમાન ગુરુદેવશ્રીને ખબર કરી અને ગુરુદેવશ્રીએ કહ્યું, ''**No tension**. તમે મુંબઈ આવી જાઓ.''

મુંબઈ પહોંચીને પ્રદીપભાઈનાં બધા રિપોર્ટ કરાવ્યા અને તેમનાં PET Scan માં screen પર 1, 2 નહીં પરંતુ 5 અલગ અલગ જગ્યાએ ગાંઠ છે તેવું દેખાયું. તેઓ ગુરુદેવશ્રીના ફરી કાંદીવલી પાવનધામ દર્શન કરવા તથા માર્ગદર્શન મેળવવા ગયા. ગુરુદેવશ્રીએ કહ્યું, ''ડૉક્ટર જેમ કહે તેમ બધું કરાવજો, **બાકી બધું હું સંભાળી લઇશ.''** ગુરૂ એ જ હોય, જે શિષ્યના દ્રવ્ય અને ભાવ આરોગ્યની રક્ષા કરે.

પ્રદીપભાઈ ગુરુદેવશ્રીના આશીર્વાદ લઇને લીલાવતી હોસ્પિટલમાં એડમિટ થયા અને તેમનું ઓપરેશન કરી એક ગાંઠ કાઢવામાં આવી તથા બીજી 5 ગાંઠોને પણ બાયોપ્સી માટે મોકલવામાં આવી. જેનો રિપોર્ટ 3

દિવસ પછી મળવાનો હતો. પરંતુ પ્રદીપભાઈના મનમાં હવે કોઈ ચિંતા ન હતી કારણ કે સઘળું તેમણે સોંપી દીધું હતું ગુરુના ચરણમાં.

તેઓ ગુરુદેવશ્રીના દર્શન માટે ગયાં. ગુરુદેવશ્રી પગલા કરવા ગયાં હતા. દસેક મિનિટ પછી ગુરુદેવશ્રી પધાર્યા અને તેમની સામે જોઇને કહ્યું, **''પ્રદીપભાઇ ! આજથી મારો તાવ ગયો અને તમારો રોગ ગયો''** અને એક હાથ ઊંચો કરી સરસ આશીર્વાદ આપ્યાં.

બાયોપ્સીનો જે રિપોર્ટ આવ્યો તે પણ કલ્પનાતિત હતો, આશ્ચર્યજનક હતો, તેમાં આવ્યું કે જે ગાંઠ હતી તેમાં tumer નહોતું અને બાકીની ગાંઠો પણ dead છે એટલે તેને પણ કાઢવાની જરૂર નથી. રિપોર્ટ જોઇને લીલાવતી હોસ્પિટલના સિનિયર **ડૉ. રાજીવ શાહ** પણ બોલી ઉઠયાં કે, **''પ્રદીપભાઇ ! આ રિપોર્ટ એક મિરેકલ છે. હું આપને મળ્યો ત્યારથી જ એવું લાગે છે કે આપના પર કોઈ દિવ્યશક્તિના આશીર્વાદ છે. પરમાત્મા અને ગુરુ પાસે અમારું મેડિકલ સાયન્સ પણ નમી જાય છે. વંદન છે એ ગુરુતત્ત્વને !''**

ગુરુદેવશ્રીની વચનસિધ્ધિ અને સાધના પ્રત્યેની શ્રધ્ધા... **પ્રદીપભાઇનો રોગ ગયો પણ દેવ, ગુરુ, ધર્મ પ્રત્યેનો રાગ વધારતો ગયો !** પાંચ વર્ષથી દર વર્ષે તેઓ PET Scan કરાવે છે, અને કાંઇ જ આવતું નથી !

**જેટલી ગુરુ પ્રત્યેની શ્રધ્ધા વધારે એટલી ગુરુકૃપાની અનુભૂતિ અનન્ય !**

## (44) સંતનું સત્વ

સૂર્યના કિરણો સામે લડાઈ કરતાં વાદળો વરસી પડે અને નભમાં મનોહર એવા ઇન્દ્રધનુષની રચના કરી દે છે. ગુરુદેવશ્રીના જીવનમાં દીક્ષા

પછી આવેલો જીવલેણ રોગ અને કાળે રચેલી જાણે અંતિમ ક્ષણો સામે એમના અંતરનું સત્ય એકમાત્ર ' धम्मं शरण पवज्जामि ' અને પૂર્વનાં સંસ્કારે કદી ન સાંભળેલા કે શીખેલા ઉવસગ્ગહરં સ્તોત્રની સ્વયં સ્ફૂરણા થઈ અને હેમખેમ એ વિકટ પરિસ્થિતિને પાર કરીને જિનશાસનની ગરિમાનું દર્શન કરાવ્યું.

વર્ષ 2002 માં સૌરાષ્ટ્રનાં સાવરકુંડલા ગામમાં ગુરુદેવશ્રીની આયંબિલ ઓળી અર્થે પધામણી થઇ. પ્રભુ વાણીથી ઘણા ભાવિકો ભાવિત અને અહોભાવિત થયાં. ભાવિકોએ ખૂબ લાભ લીધો અને સાવરકુંડલાથી ગુરુદેવશ્રીનો વિહાર થયો અને વિહાર વળામણામાં ધૂળિયા રસ્તા પર 500 થી વધારે ભાવિકોની ચરણરજથી આકાશ ઘેરાઈ ગયું હોય એવો માહોલ સર્જાયો.

સાવકુંડલાથી 13 કિલોમીટર દૂર આવેલ દોશી કુટુંબના દેવસ્થાન કમ્માબાપાની દેરીએ ગુરુદેવશ્રી અને સંઘનું આગમન થયું. આખો દિવસ ગુરુ સાંનિધ્ય અને સત્સંગમાં વીતાવવા છતાં ભાવિકો સાંજે પણ ગુરુદેવશ્રીને ઘેરી બેઠા હતાં.અને અચાનકથી એક નાનકડી દીકરીની તીણી ચીસ સંભળાઈ.. મમ્મી.. મમ્મી.. બધાનું ધ્યાન ત્યાં ગયું અને ત્યાં દોડ્યા. રાજુલાના ચંદ્રેશભાઇની **સાત વર્ષની દીકરી રીના એક બાજુ દર્દથી તરફડતી હતી અને બીજી બાજુ એક કાળમીંઢ વીંછી ડંખ મારી દૂર જઈ રહ્યો હતો.**

ચારે બાજુ બૂમાબૂમ થઈ ગઈ. ન તો કોઈ ડોક્ટર નજીકમાં હતા અને ન તો વાહનની વ્યવસ્થા હતી. અને ધૂળિયા રસ્તા પર સાવરકુંડલા પહોંચતા કલાકથી વધારે સમય લાગત અને આ બાજુ રીનાનું શરીર ભૂરૂં થવા લાગ્યું હતું અને અસહ્ય દર્દને લીધે તરફડાટ વધવા લાગ્યો. જેને જે સુજ્યા, તે તરત જ ઉપચારો શરૂ કરવામાં આવ્યાં. અડધી કલાક વીતી ગઈ પણ કશું કારગત ન નીવડ્યું.

અને એ સમયે ચંદ્રેશભાઇના પત્ની પોતાની તરફડિયા મારતી દીકરી રીનાને તેડીને સીધા પહોંચ્યા ગુરુદેવશ્રીના શરણમાં અને ચરણમાં. ''ગુરુદેવ,

ગુરુદેવ મારી દીકરીને બચાવી લો, બચાવી લો.'' સ્વાર્થમય સંસારમાં નિષ્કામ કરૂણાના કારક ગુરુદેવશ્રીએ વાત્સલ્યભર્યું સ્મિત આપી ઝેર ઉતારવાની વિધી દર્શાવતા કહ્યું કે, **''હું ઉવસગ્ગહરં સ્તોત્ર બોલવાનું શરૂ કરું છું અને તમે તમારી દીકરીના પગ પર માત્ર હાથ ફેરવજો.**'' એમ કહી અને નાભિના નાદથી શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર બોલવાનું શરૂ કર્યું.

જેમ પ્રભુ મહાવીરને નિહાળતા ચંડકૌશિક જેવા વિષૈલા સર્પનું વિષ પણ શેષ માત્ર ન બચ્યું તેમ **ગુરુદેવશ્રીના સત્વ ભરેલાં મંત્રોચ્ચાર જેમ જેમ આગળ વધ્યાં તેમ જાણે રીનાને ચડેલું વિષ પણ પાણીમાં પરિણમી ગયું હોય તેમ ડંખવાળા સ્થાનેથી પાણી ટપકવા લાગ્યું.** તરફડાટ શાંતિમાં પરિવર્તિત થયો અને ભૂરી પડેલી કાયા સ્વસ્થ થવા લાગી.

ગુરુદેવશ્રીના મુખેથી સ્તોત્રના હજી માત્ર ત્રણ વાર ઉચ્ચારણ થયા હશે ત્યાં તો મૃત્યુના મુખમાંથી બહાર આવેલી સાત વર્ષની બાલિકા ફળિયામાં રમવા લાગી. ઘણા ભાવિકોએ આ દ્રશ્ય પોતાના કેમેરામાં કંડારી લીધું તો કેટલાંયે અંતરમાં અને ચારે બાજુ ગુરુદેવશ્રી તથા ઉવસગ્ગહરં સ્તોત્ર નો જયજયકાર ગુંજી ઉઠ્યો.

**શરીરમાં ચડેલા વીંછીના ઝેરની સાથે આત્મામાં લાગેલા કર્મોના ઝેરને પણ દૂર કરનારા આવા અમૃતમય ગુરૂવર્યો જિનશાસનના અમૂલ્ય રત્નો છે.**

## (45) લબ્ધિ નિધાન

ઉનાળાના વિહારના દિવસોની વાત છે. પરમધામ પડઘા આશ્રમમાં 12-12 મુમુક્ષોઓનો ભવ્ય દીક્ષા મહોત્સવ સંપન્ન થયા બાદ રાષ્ટ્રસંત પૂજ્ય ગુરૂદેવશ્રી આદિ 4 સંતો એવમ્ 30 મહાસતીજીઓનો મુંબઈથી રાજકોટનો

લાંબો વિહાર શરૂ થયો. **નીચે બળબળતી જમીન હોય, ઉપર ધોમધખતો તડકો હોય છતાં મુખ પર પ્રસન્નતા અને પ્રભુ આજ્ઞા પાળવાનો સંતોષ જોવા મળે ને તો જ તે જૈન સાધુ હોય.**

આવા જ વિચરણનાં દિવસો દરમિયાન એકવાર ગામડામાં એક ભાવિકે ગુરુદેવશ્રીને શેરડીનો રસ ઉલ્લાસ ભાવે વહોરાવ્યો. 34 સંત-સતીજીઓ અને એક નાના પાત્રમાં શેરડીનો ઓછો રસ. શ્રાંત અને શ્રમિત હોવા છતા નાના સાધ્વીજીઓનો ભાવ હતો કે વડીલો તે રસને ગ્રહણ કરે અને વડીલોની ઈચ્છા હતી કે નવદીક્ષિત મહાસતીજીઓ એ રસને વાપરી લે.

અનુકુળ પદાર્થ પોતાને નહીં પરંતુ અન્યને મળે એવી મીઠી ખેંચતાણમાં સ્વ સાથે કઠોર અને સર્વ સાથે કોમળ એવા શ્રમણોની પણ હિતચિંતાના સંસ્કારો નિહાળી રહેલા પૂજ્ય ગુરુદેવશ્રીએ તે પાત્ર પર એક હાથેથી ડીશને અર્ધખુલ્લી ઢાંકી દીધી અને બીજા હાથેથી તેમાંથી રસ કાઢીને સૌથી નાના મહાસતીજીને વાપરવા આપ્યો. અને એક પછી એક ક્રમવાર દરેક મહાસતીજીને રસ આપવા લાગ્યા. **માત્ર 3 વ્યકિતઓ વાપરી શકે તેટલા રસમાંથી 34 મહાસતીજીઓએ રસ વાપર્યા પછી પણ પાત્ર પરની ડીશ ખોલતા એટલી જ માત્રામાં રસને નિહાળીને 34 માંથી એક પણ સંત-સતીજીઓ આશ્ચર્યચકિત ન થયા. કેમ કે આવી ઘટના પૂર્વે પણ અનેકવાર બની ચૂકી હતી.**

# ઉપજાતિ

स एरा वीरो बलवान् स एरा,
स एरा विद्वान् स पुर्नमहात्मा ।
येनेन्द्रियाणामुपरि स्वसत्ता,
विस्तारिता मानसनिर्जयेन ।।

તે જ ધીર છે, તે જ બળવાન છે,
તે જ વિદ્વાન છે અને તે જ મહાત્મા
છે કે જાણે પોતાના મનને કાબુમાં
રાખી પોતાની ઈંદ્રિયો ઉપર
પોતાની સત્તા જમાવી છે.

मनो विजेता जगतो विजेता,
विश्वश्रियस्तचरणे लुठन्ति ।
न दुर्गर्तिर्नार्पि च दुर्भगत्व
मन्यत्र खल्विन्द्रि दासभावात् ।।

જે મનનો વિજેતા છે તે જગતનો
વિજેતા છે તેના ચરણમાં અખિલ
વિશ્વની લક્ષ્મી આળોટે છે. ઇંદ્રિયોના
ગુલામ બનવું એના જેવી કોઈ દુર્ગતિ
નથી, એના જેવું કોઈ દુભાગ્ય નથી.

- અધ્યાત્મક તત્ત્વાલોક.

મહાત્મા પુરુષોના **પ્રભાવક પ્રસંગો**

આપણા જીવનમાં **ઉલ્લાસ** પ્રેરે છે,

**ધર્મભાવ** જગાડે છે,

**શ્રધ્ધા** દૃઢ કરે છે,

**આચાર** નિર્મળ-નિર્દોષ બનાવે છે,

**તપરૂચિ** વધારે છે,

**મન** વિશુધ્ધ કરે છે,

**આત્મ સાધના**માં અગ્રેસર બનાવે છે !

PARASDHAM